દૈનિક
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 185 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ -૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 August 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૬ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મહારાષ્ટ્ર અને ગુજરાતમાં એનાલોગ પનીર પર બંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્રમાં એનાલોગ પનીર પર પ્રતિબંધ મુકાયાની અમુક કલાકો બાદ ગુજરાતમાં પણ એનાલોગ પનીર પર પ્રતિબંધની જાહેરાત રાજ્ય સરકારે કરી હતી. આજથી એટલે કે ૬ ઑગસ્ટથી જ સમગ્ર રાજ્યમાં એનાલોગ ડેરી પ્રોડક્ટ્સ જેવી કે એનાલોગ પનીર, ચીઝ અને બટરના ઉત્પાદન, વેચાણ તેમ જ વિતરણ અને પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનસરિયાએ આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે રાજ્યમાં એનાલોગ ડેરી પ્રોડક્ટ્સના વેચાણ અને ઉત્પાદન, પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નાગરિકોના આરોગ્ય સાથે થતાં કોઈપણ પ્રકારના ચેડાં ચલાવી લેવાશે નહીં.

એનાલોગ ડેરી પ્રોડક્ટ્સમાં કુદરતી ફેટના બદલે વનસ્પતિ તેલ કે અન્ય પ્રોસેસ્ડ સામગ્રીનો ઉપયોગ થાય છે, તે આરોગ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

આ પ્રતિબંધ બાદ હવે રાજ્યમાં ડેરી પ્રોડક્ટ્સના નામે એનાલોગ સામગ્રી વેચતા કે બનાવતા એકમો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ, ૨૦૦૬ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને સમગ્ર ગુજરાત રાજ્યમાં એનાલોગ પનીર, ચીઝ અને બટરના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર સરકારે સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે.

આ પ્રતિબંધનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ કે ફૂડ બિઝનેસ ઓપરેટર સામે ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ, ૨૦૦૬ મુજબ કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી.

મુંબઈઃ ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અટકાવવા અને જાહેર આરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં 'એનાલોગ પનીર'ના ઉત્પાદન, વિતરણ અને વેચાણ પર એક વર્ષ માટે સત્તાવાર રીતે પૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. આ નિર્ણય ૩૦ જુલાઈ, ૨૦૨૬ના મહારાષ્ટ્રના એફડીએ કમિશનર તુકારામ મુંઢે દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો

એનાલોગ પનીર એક આર્ટિફિશ્યલ ડેરી સબ્સ્ટિટ્યૂટ છે તેને વનસ્પતિ તેલ

(જુઓ પાનું ૨) ▶▶

## મેટાએ ભારત સરકારની માફી માગી

### મોદીનો વીડિયો હટાવવા ઉપરાંત બાળકોના જાતીય શોષણ, ડીપફેક્સ માટે માફી મગાઇ



નવી દિલ્હીઃ મેટાના સીઇઓ માર્ક ઝકરબર્ગે ફેસબુક પરથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો હટાવવા ઉપરાંત ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર બાળકોના જાતીય શોષણવાળું કન્ટેન્ટ બતાવવા બદલ, ડીપફેક્સ માટે અને આ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મને ઑપરેટ કરવામાંની 'ભૂલ' બદલ માફી માગી હતી.

અગાઉ, મોદીનો વીડિયો ફેસબુક પરથી દૂર કરાતા ભારત સરકારે મેટાના અધિકારીઓને ખુલાસો કરવા બોલાવ્યા હતા. મેટાના અધિકારીઓની ટીમ ભારતના માહિતી તંત્રજ્ઞાન પ્રધાન અશ્વિની વૈષ્ણવને મળી હતી અને સંબંધિત ખુલાસો કર્યો હતો.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે મેટાની ટીમને સ્પષ્ટ કહેવાયું હતું કે તમે 'ઇન્ટરમીડિઅરી' (મધ્યસ્થી)ની વ્યાખ્યામાં નથી આવતા.

મેટાની ટીમે કબૂલ કર્યું હતું કે અમારા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર અમુક પ્રકારની કન્ટેન્ટને 'બૂસ્ટ' કરવા એટલે કે આગળ વધારવા માટે ઘણી મોટી રકમ ચૂકવાઇ હતી. અમને આ ભૂલ માટે ખેદ છે અને તેના માટે માફી માગીએ છીએ.

મેટાની ટીમમાં ગ્લોબલ અફેર્સ ઑફિસર જૉએલ કપ્લન પણ હતા. મેટાની ટીમે માહિતી તંત્રજ્ઞાન વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને આ વિભાગના સચિવ એસ. કૃષ્ણનની સાથે અલગ-અલગ બેઠક યોજી હતી.

અગાઉ, વડા પ્રધાન મોદીએ પરીક્ષાના પેપર લીકના કિસ્સામાં કડક પગલાં લેવાની યુવાનોને બાંયધરી આપતો ફેસબુક પર પોસ્ટ કરેલો વીડિયો કાઢી નાખવામાં આવતા ભારત સરકારે મેટાના ટોચના અધિકારીઓને ખુલાસો કરવા બોલાવ્યા હતા.

મેટાએ ખુલાસો કર્યો હતો કે મોદીનો વીડિયો ફેસબુક પરથી ભૂલમાં કાઢી નખાયો હતો, પરંતુ બાદમાં ભૂલ ખબર પડતા તે પાછો મુકાયો હતો.

મોદીની ૨૩ જુલાઇની ઇન્સ્ટાગ્રામ પોસ્ટ બાદમાં ફેસબુક પર શૅર કરાઇ હતી. યુવાનોને સંદેશો આપતો વડા પ્રધાનનો આ કદાચ સૌપ્રથમ સીધો સેલ્ફી વીડિયો હતો. (એજન્સી)■

## રિઝર્વ બૅંકે સતત ચોથી વાર વ્યાજદરમાં ફેરફાર ન કર્યો

મુંબઈઃ ભારતીય રિઝર્વ બૅંકે બુધવારે સતત ચોથી બેઠક માટે તેના બેન્ચમાર્ક પોલિસી રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી અને ઇરાન યુદ્ધને કારણે ઊર્જા ખર્ચમાં વધારો થાય છે કે કેમ તે અંગે વધુ સ્પષ્ટતાની રાહ જોવાનું પસંદ કર્યું છે.

ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળ છ સભ્યની નાણાકીય નીતિ સમિતિએ સર્વાનુમતે પોલિસી રેપો રેટને ૫.૨૫ ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો અને તેનું તટસ્થ નીતિ વલણ જાળવી રાખ્યું હતું.

આ નિર્ણય ભારતને ઇન્ડોનેશિયા અને ફિલિપાઇન્સ સહિતની વધતી જતી પ્રાદેશિક કેન્દ્રીય બેંકોથી અલગ પાડે છે, જેમણે ઊંચા ઉર્જા ભાવ અને યુદ્ધ-આધારિત ચલણની અસ્થિરતાના પ્રતિભાવમાં નાણાકીય નીતિ કડક બનાવી છે.

તેના બદલે, રિઝર્વ બૅંકે મૂડી પ્રવાહ આકર્ષવા અને રૂપિયાને ટેકો આપવા માટે તેની અગાઉની નીતિ બેઠકમાં જાહેર કરાયેલા પગલાં પર આધાર રાખ્યો છે.

નિર્ણયની જાહેરાત કરતા, મલ્હોત્રાએ જણાવ્યું હતું કે મુખ્ય ફુગાવો નજીકના ગાળામાં વધવાની અને ૨૦૨૬-૨૭ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ટોચ પર પહોંચવાની અપેક્ષા છે, જે મુખ્યત્વે ખોરાક અને બળતણના ભાવને કારણે છે.

તેમણે કહ્યું કે, ફુગાવાના દબાણ વ્યાપક બન્યા નથી, કિંમતી ધાતુઓ સિવાય મુખ્ય ફુગાવો સૌમ્ય રહ્યો છે.

નીતિ કડક કરવાની કોઈ તાકીદ નથી

(જુઓ પાનું ૨) ▶▶

## કોર્ટમાં બૅન્કના ડિજિટલ રેકૉર્ડ માન્ય ગણતો ખરડો લોકસભામાં પસાર કરાયો

### - બૅન્ક કેસમાં પક્ષકાર ન હોય તો પણ તેના અધિકારીને કોર્ટમાં સાક્ષી તરીકે બોલાવી શકાશે - 'બૅન્કર્સ બુક્સ'ની વ્યાખ્યા બદલાશે

નવી દિલ્હીઃ લોકસભાએ બૅન્કના ડિજિટલ અને વર્ચ્યુઅલ રેકૉર્ડ્સ અદાલતમાં માન્ય ગણવાની જોગવાઇ ધરાવતા નવા ખરડાને બુધવારે પસાર કર્યો હતો.

'બૅન્કર્સ બુક્સ એવિડન્સ ઍક્ટ, ૨૦૨૬' અંગ્રેજોના સમયના 'બૅન્કર્સ બુક્સ એવિડન્સ ઍક્ટ, ૧૮૯૧'નું સ્થાન લેશે.

ખરડામાં 'બૅન્કર્સ બુક્સ' અને 'સ્પેશલ કૉઝ'ની વ્યાખ્યામાં સુધારો કરવાની અથવા નવી વ્યાખ્યા કરતી જોગવાઇ પણ છે.

'સ્પેશલ કૉઝ'ની વ્યાખ્યા મુજબ અદાલત એવા કેસ કે જેમાં બૅન્ક પક્ષકાર ન હોય, તેમાં પણ બૅન્કના અધિકારીને કોઇ બૅન્કર્સ બુક્સ રજૂ કરવાની અથવા બૅન્કની લેવડદેવડ કે ખાતાંને લગતી જાણકારી પૂરી પાડવા માટે સાક્ષી તરીકે અદાલતમાં બોલાવી શકશે.

'બૅન્કર્સ બુક્સ એવિડન્સ ઍક્ટ, ૨૦૨૬'માં મેન્યુઅલ કે ડિજિટલ અથવા ઇલેક્ટ્રોનિક સહી દ્વારા સ્ટાન્ડર્ડાઇઝ્ડ સર્ટિફિકેટ ફૉર્મેટ્સ પૂરા પાડવાની અને પુષ્ટિ (ઑથેન્ટિકેશન) કરવાની જોગવાઇ છે.

આ ઉપરાંત, અદાલતમાં

(જુઓ પાનું ૨) ▶▶

## હવે રાંધણગૅસ પર ટૅક્સ નાખવાની યોજના

નવી દિલ્હીઃ એક અહેવાલમાં કરવામાં આવેલા દાવા મુજબ કેન્દ્ર સરકાર ૪૨ અબજ ડૉલર એકઠાં કરવાની યોજના બનાવી રહી છે. ફ્યુઅલ સ્ટોરેજ સ્કીમ હેઠળ મદદ માટે આ રકમનો ઉપયોગ કરવામાં આવશે. આ રૂપિયા રાંધણગૅસ (એલપીજી) અને નેચરલ ગૅસના વપરાશકર્તાઓ પાસેથી વસૂલવામાં આવશે. જોકે સત્તાવાર રીતે આ અહેવાલને હજુ સુધી સમર્થન મળ્યું નથી.

અહેવાલમાં જણાવ્યા અનુસાર એલપીજી અને નેચરલ ગૅસ (પીએનજી-સીએનજી)ના વપરાશકર્તાઓ પર પણ નજીવો ટેક્સ લગાડવામાં આવશે અને તેની મદદથી ૪૨ અબજ ડૉલર એટલે કે અંદાજે ૩.૯૯ લાખ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવશે.

આ પ્રસ્તાવ હાલ વિચારાધીન છે અને તે એવા સમયે આવ્યો છે જ્યારે ઇરાન યુદ્ધને કારણે ભારતમાં ઊર્જા સંકટ ઊભું થયું છે.

જો આ પ્રસ્તાવને મંજૂરી મળી જશે તો એવું પહેલીવાર થશે કે ભારતની વ્યૂહાત્મક ભંડાર યોજનામાં ક્રૂડતેલથી આગળ વધીને એલપીજી અને એલએનજીને પણ સામેલ કરવામાં આવશે. આનો

(જુઓ પાનું ૨) ▶▶

## ૩૭૦મી કલમ નાબૂદી દ્વારા ઇતિહાસમાં નવો અધ્યાય લખાયો હતોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરને બંધારણમાં ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ નાબૂદ કરીને ઇતિહાસમાં નવું નિર્ણાયક પ્રકરણ લખાયું હતું.

કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરનું બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજન કરતો ખરડો ૨૦૧૯ની પાંચ ઑગસ્ટે રજૂ કર્યો હતો તેમ જ જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ અને ત્યાંના કાયમી રહેવાસીને લગતી કલમ ૩૫(એ) નાબૂદ કરી હતી.

વડા પ્રધાને સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે દેશમાં સાત વર્ષ પહેલાં બંધારણની કલમ ૩૭૦ અને ૩૫(એ)ને

(જુઓ પાનું ૨) ▶▶

## 'ખરી' શિવસેના કોની?:

### સુપ્રીમ કોર્ટે અંતિમ સુનાવણી શરૂ કરી

નવી દિલ્હીઃ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના જૂથને 'ખરી શિવસેના' ગણવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી ઉદ્ધવ ઠાકરેના જૂથની અરજીની અંતિમ સુનાવણી સર્વોચ્ચ અદાલતે બુધવારે શરૂ કરી હતી.

મહારાષ્ટ્રના બન્ને રાજકીય જૂથ વચ્ચે પક્ષના ચિહ્ન 'ધનુષ્ય અને બાણ'ને મુદ્દે પણ ખેંચતાણ ચાલી રહી છે. દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની બનેલી બૅન્ચ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાને 'ધનુષ્ય અને તીર'નું ચિહ્ન ફાળવવાના ચૂંટણી પંચના આદેશને પડકારતી ૨૦૨૪માં કરાયેલી બે અરજીની અંતિમ સુનાવણી કરી રહી છે. ચૂંટણી પંચે એકનાથ શિંદેની


(જુઓ પાનું ૨) ▶▶


**પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે**

**જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ**

**ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ**

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
કિંમતઃ ₹ ૧૦૦/-
પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૩



પંચાંગકર્તાઃ સોનલ શાહ
■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯
■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮

**સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક**
**૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે**

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત- સાંપતિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.

દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.

સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતોઃ બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર- ભરતી-ઓટ કોષ્ટકો.

સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.

સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય

મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.

ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.

શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.

ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.

મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

**સંશોધન સભર લેખો**

- ★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણાઃ એક ગહન સંશોધન
- ★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
- ★ પિતૃદોષ...
- ★ રાહુ અને કેતુ એક અભ્યાસ
- ★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
- ★ નોકરી કરતા જાતકોઃ સ્વભાવ – ખાસિયત – ઉપાય
- ★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
- ★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
- ★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
- ★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-૩૩ **મુંબઈ સમાચાર** રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી** ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


## મોદીએ બ્રેકફાસ્ટ બેઠકમાં સાંસદોનું માર્ગદર્શન કર્યું

નવી દિલ્હીઃ ભાજપના પ્રમુખ નીતિન નબીન સહિત પક્ષના તેમ જ તાજેતરમાં જ ભાજપમાં જોડાયેલા 'આપ'ના સાંસદો સહિત ૩૭ સાંસદ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે બેઠક યોજી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે લોકસભાની કામગીરી કોઈપણ પ્રકારના અવરોધ વિના સરળતાપૂર્વક ચાલતી રહેવી જોઈએ.

જાહેરજીવનના પોતાના અનુભવો અંગે મોદીએ વાત કરી હતી અને સાંસદોએ સંસદને કેટલી ગંભીરતાથી લેવી જોઈએ એ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મોદીએ સાંસદોને દરરોજ ઓછામાં ઓછા એકથી બે કલાક સંસદની લાઈબ્રેરીમાં વીતાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ ઉપરાંત મોદીએ સાંસદોને યુવાપેઢી સાથે સંપર્ક સાધવા અને એમપી લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કીમ (એમપીએલએડીએસ)નો સક્રિયપણે અમલ કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

મોદીએ સાંસદોને તેમના મતદારક્ષેત્રના યુવાનો અને રમતગમતની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યું હતું.

બેઠકમાં હાજર રહેલાઓમાં નવા ચૂંટાયેલા પક્ષના નેતા તરુણ ચુગ, વિનોદ તાવડે, 'આપ'નાં ભૂતપૂર્વ નેતા સ્વાતિ માલિવાલ, રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ, સંદીપ પાઠક અને વિક્રમજિત સિંહ સાહનીનો સમાવેશ થતો હતો. (એજન્સી)■

## લોકસભામાં સર્જાયેલી મડાગાંઠનો ઉકેલ લાવવા કિરણ રિજિજુ રાહુલને મળ્યા

નવી દિલ્હીઃ લોકસભામાં સર્જાયેલી મડાગાંઠનો ઉકેલ આણવા સરકારે બુધવારે મુખ્ય વિપક્ષ કૉંગ્રેસનો સંપર્ક સાધ્યો હતો અને ચોમાસુસત્રના આરંભથી ગૃહની કામગીરીને સતત ખોરવી દેતાં વિરોધપ્રદર્શનનો અંત આણવા જણાવી બાકી રહેલા દિવસોમાં ગૃહની કામગીરી સરળતાપૂર્વક ચાલે તે માટે સહકાર આપવાની માગણી કરી હતી.

ગયા સત્રમાં લોકસભામાં પસાર ન કરી શકાયેલો સીમાંકન ખરડો ફરી રજૂ કરવામાં આવે એવી શક્યતા હોવા ઉપરાંત સ્વાતંત્ર્ય દિન બાદ યોજાનારાં લોકસભાના વિશેષ સત્ર દરમિયાન મહિલા અનામત ખરડો પણ રજૂ કરવામાં આવે એવી શક્યતા હોવાની રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે.

જોકે સરકારી સૂત્રોએ આ અહેવાલને સમર્થન નહોતું આપ્યું.

૧૩ ઑગસ્ટે પૂરા થતા સંસદના ચોમાસુ સત્ર દરમિયાન સીમાંકન ખરડો રજૂ કરવાને મામલે કોઈ સ્પષ્ટતા ન હોવાનું જણાવતાં સૂત્રોએ કહ્યું હતું કે ફૉરેન કોન્ટ્રીબ્યૂશન (રેગ્યુલેશન)

(જુઓ પાનું ૨) ▶▶

## સુરતનું ફાયર બ્રિગેડ બનશે અત્યાધુનિક સેવાઓથી સજ્જ, દેશમાં પહેલો પ્રયોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગ લાગાવની ઘટનાઓ શહેરી વિસ્તારોમાં સતત બનતી રહે છે. આ માટે ફાયર ડિપાર્ટમેન્ટ તમામ સંસાધનોથી સજ્જ હોય અને અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે તે સમયની માગ છે. આ વાતને સમજી સુરત મનપાએ ફાયર બ્રિગેડને વધારે સજ્જ બનાવવાનો નિર્ણય લીધો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

સુરતનું ફાયર ડિપાર્ટમેન્ટ દેશમાં પ્રથમવાર સ્માર્ટ ઇન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવી રહ્યું છે. સુરતમાં પણ આગજનીના બનાવો બનતા રહે છે. આવા સમયે બને તેટલા જલદી પહોંચી શકાય તે હેતુ મનપાનો છે. પ્રોજેક્ટ અંતર્ગત ફાયર ટેન્કર, વોટર ટેન્કર, હાઈડ્રોલિક પ્લેટફોર્મ સહિત તમામ ઈમરજન્સી વાહનોમાં જીપીએસ આધારિત ટ્રેકિંગ સિસ્ટમ અને કેમેરા લગાવાશે. આ સાથે દરેક કોલનો ડિજિટલ રેકોર્ડ તૈયાર થશે, જે ભવિષ્યમાં તપાસ, વિશ્લેષણ અને કામગીરીમાં સુધારા માટે ઉપયોગી બનશે.

હવેથી સુરતના ફાયર બ્રિગેડનાં વાહનોમાં આઈઓટી બેઝ્ડ મોનિટરિંગ સિસ્ટમ લગાડવામાં આવશે. આમ કરવાથી આગ લાગ્યાનો કોલ મળતા કે અન્ય કોઈ સેવા માટે જીઆઈએસ કે જીપીએસની મદદથી ઘટનાસ્થળે સમયસર પહોંચી શકાશે. સુરત મનપા આ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરી રહી છે. ફાયર વિભાગના જવાનોના યુનિફોર્મ પર બોડી કેમેરા લગાવાશે. આ કેમેરાના કારણે કંટ્રોલ રૂમમાં બેઠેલા ઉપરી અધિકારીઓ ઘટનાસ્થળની વાસ્તવિક પરિસ્થિતિ અને આગની ગંભીરતા લાઈવ જોઈ શકશે અને તે મુજબ આગળ નિર્દેશો આપી શકશે. જોકે આ તમામ સુવિધાઓ માટે સુરતવાસીઓએ એક વર્ષ માટે રાહ જોવી પડશે. ■

## વડોદરામાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

### ૧.૩૯ કિલો મેફેડ્રોન સહિત ૫૭.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં નશીલા પદાર્થોની ખરીદ-વેચાણ અને તસ્કરી રોકવા માટે પોલીસે ખાસ ઝુંબેશ હાથ ધરી છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ પોલીસને મોટી સફળતા મળી હતી. વડોદરા શહેર લોકલ ક્રાઇમ બ્રાન્ચ (એલસીબી) ઝોન-૪ની ટીમે બાતમીના આધારે મોટી કાર્યવાહી કરી મધ્ય પ્રદેશથી અમદાવાદ તરફ લઈ જવાતો મેફેડ્રોન (એમડી) ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

વડોદરા એલસીબી ઝોન-૪ની ટીમને માહિતી મળી હતી કે મધ્ય પ્રદેશ તરફથી એક સ્કોર્પિયો કારમાં એમડી ડ્રગ્સનો જથ્થો અમદાવાદ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ સ્કોર્પિયો કાર આવતા પોલીસે ગોલ્ડન ચોકડીથી લેક્ઝોન તરફ જતા માર્ગ પર એરફોર્સ ગેટ સામે એક કારને અટકાવી તપાસ હાથ ધરી હતી. જેમાં પતિ-પત્ની પાસેથી એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવતા બંનેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ સમગ્ર કેસમાં ૧.૩૯ કિલો મેફેડ્રોન સાથે કુલ ₹૫૭.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, મધ્ય પ્રદેશના મંદસૌર જિલ્લાના સીતામઉ તાલુકાના સુરજની ગામમાં રહેતા અય્યુબખાન મોહમ્મદજમાન ખાન અને તેની પત્ની નાઝમીન ડ્રગ્સના ગેરકાયદે ધંધામાં સંકળાયેલા હતાં. બંને પોતાની માલિકીની કારમાં મંદસૌરથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. પોલીસે આ મામલે આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ કાયદેસરની સખત કાર્યવાહી હાથ ધરી છે અને આ ડ્રગ્સ ક્યાંથી લાવ્યાં હતાં અને ક્યાં પહોંચાડવાના હતા તે અંગે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે. ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીના વીડિયોને કોના કહેવાથી બ્લોક કરાયો તેનો જવાબ જરૂરી

**મેટાએ** પોતાનાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પરથી આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો હટાવી લીધો એ મુદ્દે ચાલી રહેલી ખેંચતાણ પર હાલ પૂરતો પડદો પડી ગયો છે. મેટાએ ધરાર લુખ્ખી દાદાગીરી કરીને મોદીનો વીડિયો ફેસબુક પરથી હટાવી લીધો એ ગુસ્તાખી માટે ૧૨ દિવસ પછી અંતે મેટાના કર્તાહર્તા માર્ક ઝકરબર્ગે પોતે માફી માગી લીધી અન સિસ્ટમમાં ભૂલ હતી એવું સ્વીકારી લીધું તેથી ઘીના ઠામમાં ઘી પડી જશે એવું લાગે છે.

આપણી કોમ્યુનિકેશન અને ઈન્ફર્મેશન ટેકનોલોજી પરની પાર્લામેન્ટરી કમિટીના ચેરમેન નિશિકાન્ત દુબેએ બુધવારે મેટાને અલ્ટિમેટમ આપેલું કે, મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગ ત્રણ દિવસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૨૩ જુલાઈના વીડિયોને હટાવી દેવા બદલ માફી માંગે અને જવાબદાર લોકો સામે કાર્યવાહી નહીં કરે તો ‘સેફ હાર્બર ક્લોઝ’ રદ કરી દેવામાં આવશે.

ઝકરબર્ગે આ ત્રણ દિવસની મુદત પૂરી થવાની રાહ પણ ના જોઈ અને અમેરિકામાં જેવો દિવસ ઉગ્યો કે તરત માફી માગી લીધી. આપણા સાંસદોએ એવો આક્ષેપ પણ કરેલો કે, મેટા પ્લેટફોર્મનું અલ્ગોરિધમ પક્ષપાત કરે છે અને પ્લેટફોર્મ પર અશ્લીલ અને વાંધાજનક સામગ્રી સરળતાથી ઉપલબ્ધ રહે છે જ્યારે યોગ્ય કન્ટેન્ટ હટાવી દેવામાં આવે છે.

ઝકરબર્ગે આ મુદ્દે કશું કહ્યું નથી કે મોદીનો વીડિયો હટાવવા માટે જવાબદાર લોકોને હટાવવા મુદ્દે પણ કોઈ ખાતરી નથી આપી પણ મોદીની માફી માગી લીધી તેથી હાલ પૂરતો મુખ્ય વિવાદનો અંત આવી ગયો એમ કહી શકાય કેમ કે ફેસબુક પરથી મોદીનો વીડિયો હટાવી દેવાયો તેના કારણે આપણી ભારે બેઈજ્જતી થયેલી. આ કારણે જ સંસદીય સમિતિએ ચીમકી આપવી પડેલી જ્યારે ચાઈલ્ડ પોર્ન કન્ટેન્ટ સહિતના મુદ્દે લાંબા સમયથી ખેંચતાણ ચાલે છે એ મુદ્દે ખાલી જવાબ માગ્યો હતો. ભારત સરકારે મેટા પાસેથી વોટ્સએપની નવી યુઝરનેમ પોલિસી અને ઇન્સ્ટાગ્રામ પર ચાઈલ્ડ પોર્ન કન્ટેન્ટ મુદ્દે પહેલાં પણ નોટિસો આપેલી પણ મેટા તેને ઘોળીને પી ગયું છે. અત્યારે પણ આ મુદ્દે કોઈ ફોડ પડાયો નથી તેના પરથી એવું માની શકાય કે મેટાને આ મુદ્દે કશું કરવામાં રસ નથી.

ઝકરબર્ગે તાત્કાલિક માફી માગી એ માટે ‘સેફ હાર્બર ક્લોઝ’ રદ કરવાની ચીમકી કામ કરી ગયાનું મનાય છે. ભારતના ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૭૯ હેઠળ, ઇન્ટરનેટ મીડિયાઅરીઝ એટલે કે વચેટિયાઓ અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સને પોતાના નેટવર્ક પર મુકાયેલી કે પ્રસારિત કરાયેલી કોઈ ત્રાહિત પાર્ટીની એટલે કે બહારનાં લોકોના કન્ટેન્ટ માટે જવાબદાર ગણવામાં નથી આવતા ને કાનૂની કાર્યવાહી કરાતી નથી. તેના બદલામાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ અને ઇન્ટરનેટ મીડિયાઅરીઝ તટસ્થ બનીને વર્તે અને સરકારના નિયમોનું પાલન કરે એવી અપેક્ષા રખાય છે.

ભારત સેફ હાર્બર ક્લોઝ રદ કરી દે તો મેટા જાત જાતના કેસોમાં અટવાઈ જાય તેથી એ લમણાઝીંકમાં નહીં પડવા ઝકરબર્ગે સરળ રસ્તો અપનાવીને માફી માગી લીધી પણ ઝકરબર્ગની માફી પછી પણ ઘણા સવાલો તો ઊભા જ છે એ જોતાં ખરેખર આ પ્રકરણ અહીં પતી જવું ના જોઈએ. પહેલી વાત તો એ આ વીડિયો કેમ હટાવી લેવાયો તેનાં કારણો મેટાએ આપ્યાં નથી ને હજુય ટેકનિકલ વાતો કરીને આપણને રમાડ્યા કરે છે.

મેટાની ગુસ્તાખીનું આખું કમઠાણ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના આંદોલન વખતે શરૂ થયું. આ આંદોલન ઉગ્ર બન્યું પછી આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૩ જુલાઈએ જેન-ઝીને સંબોધવા માટે ‘સેલ્ફી વીડિયો’ સોશ્યલ મીડિયા પર મૂક્યો હતો. થોડા કલાકો પછી આ વીડિયો ગાયબ થઈ ગયો તેમાં હોહા થઈ ગઈ એટલે ફેસબુકે વીડિયો પાછો મૂક્યો પણ બીજું કશું કર્યું નથી.

સૌથી મોટી વાત એ છે કે, મોદીનો વીડિયો હટાવી લેવાની ઘટના સાવ સામાન્ય હોય એ રીતે ટેકનિકલ ગ્લિચનું કારણ આપી દીધું ને પોતે દિલગીર છે એવો સરકારી રાહે જવાબ આપીને વાતનો સંકેલો કરી લીધો હતો. દેશના વડા પ્રધાનનો વીડિયો ઊતરી જાય ને કંપની કશું ના બન્યું હોય એ રીતે વર્તે એ શરમજનક કહેવાય ને તેના કારણે સરકારની આબરૂનો ફજેતો થયો એટલે સરકારે મેટાના પ્રતિનિધિઓને બોલાવીને ઊલટતપાસ કરીને સત્ય બહાર કઢાવવા કોશિશ કરી પણ તેમાં સફળ નથી થયા. આ દેશની જનતાને જે સૌથી મોટો સવાલ સતાવે છે તેના જવાબ કઢાવવામાં પણ આપણે સફળ થયા નથી.

આપણને સૌથી મોટો સવાલ એ થાય છે કે, મેટાએ મોદીના વીડિયોને અડકવાની જ શું જરૂર? ફેસબુક પર લાખો વીડિયો મૂકાય છે ને તેમાંથી ઘણા વીડિયો અત્યંત ગંદા ને અશ્લીલ હોય છે. નાનાં બાળકોના જાતિય શોષણથી માંડીને આતંકવાદને પણ પોષતા હોય એવા વીડિયો પણ સોશ્યલ મીડિયા પર હોય છે પણ ફેસબુકનું કદી તેના તરફ ધ્યાન જતું નથી કે એવા વીડિયોને પોતાની રીતે દૂર કરાતા નથી ને મોદીનો વીડિયો તરફ જ ધ્યાન ગયું ? તેને જ કેમ બ્લોક કરી દેવાયો?

મેટા ટેકનિકલ ગ્લિચનું બહાનું આપીને છટકી જેવા માગે છે પણ આ વાત ગળે ઊતરતી નથી. ટેકનિકલ ગ્લિચ આવે ને વીડિયો દેખાતો બંધ થાય એવું બને પણ એ સંજોગોમાં ફેસબુક તરફથી કોઈ સૂચના લખેલી ના દેખાય. મોદીના વીડિયોના કિસ્સામાં વીડિયો જોવા માગતા યુઝરને સ્પષ્ટ સૂચના વંચાતી હતી કે, ‘લીગલ રીક્વેસ્ટ’ એટલે કે કાનૂની વિનંતીને કારણે આ પોસ્ટને બ્લોક કરવામાં આવી છે. મતલબ કે વીડિયોને ફેસબુકે પોતે જ બ્લોક કર્યો છે.

સવાલ એ છે કે, આ ‘લીગલ રીક્વેસ્ટ’ કોણે કરી? ભારત સરકારે તો ના જ કરી હોય ને? પોતાના જ વડાપ્રધાનનો વીડિયો કોઈ સરકાર બ્લોક ના જ કરાવે એ નાના છોકરાને સમજાય એવી વાત છે તો પછી આ ‘લીગલ રીક્વેસ્ટ’ કોણે કરી? અમેરિકાની સરકારે? અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે? વ્હાઈટ હાઉસે? ફેસબુકે આ સવાલનો જવાબ આપવો જોઈએ પણ ફેસબુકે તેનો જવાબ આપ્યો નથી. આ સવાલ સૌથી મહત્ત્વનો છે ને ખરેખર તો ભારત સરકારે ઝકરબર્ગની માફી પછી પણ આ સવાલનો જવાબ મેળવવા આગ્રહ રાખવો જોઈએ.

મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગની માફીનો એ રીતે પણ અર્થ નથી કે ઝકરબર્ગની કંપની મેટા પહેલાં જ માફી માગી ચૂકી છે. કંપની માફી માગે કે માર્ક ઝુકરબર્ગ પોતે માફી માગે તેનાથી આ દેશનાં લોકોને કોઈ ફરક પડતો નથી. આ દેશનાં લોકોને તો ફેસબુકે આ હરકત કેમ કરી એ જાણવામાં રસ છે પણ તેનો જવાબ હજુય મળ્યો નથી. આપણી સરકારમાં અમેરિકાની કંપનીને કશું કરવાની ત્રેવડ નથી એટલે તેની પાસેથી ઝાઝી અપેક્ષા રાખવા જેવી નથી પણ મોદીના વીડિયોને મુદ્દે આખા દેશે એક થઈને મેટાને પરચો બતાવવાની જરૂર છે. કોઈને વિચારધારાની રીતે મોદી સામે વાંધો હોઈ શકે કે મોદીના કામથી અસંતોષ હોઈ શકે પણ એ વાંધાવચકા ને વિરોધ પછીય મોદી આપણા સૌના દેશના વડા પ્રધાન છે, આ દેશની જનતાએ ચૂંટેલા શાસક છે એ જોતાં તેમના અપમાન સામે આખા દેશે એક થવું પડે પણ આપણી પ્રજા પણ ફેસબુક વિના મરી જવાની હોય એ રીતે વર્તી રહી છે પછી દેશનું આત્મગૌરવ કઈ રીતે જળવાય? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૬–૮–૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૫, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ –૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ –૮
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૦–૧૩ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫–૫૨ સુધી (તા. ૭) પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભમાં (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૬–૩૪. મધ્યરાત્રિ પછી ક. ૦૬–૧૫ (તા. ૭)
- ઓટઃ ક. ૧૦–૩૫, રાત્રે ક. ૨૩–૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – અષ્ટમી. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિ્નશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ સપ્તસતી પાઠ વાંચન, યમદેવતાનું પૂજન, ગુરુ–શુક્ર ગ્રહદેવતાનું પૂજન, માલ વેચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, આમલીના ઔષધીય પ્રયોગો, આમલીનું વૃક્ષ વાવવુંલ, ૐ યમાય નમઃના મંત્ર જાપ કરવા.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ વ્યવહારમાં મુશ્કેલી પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–મિથુન, માર્ગી બુધ–કર્ક, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સદ્‌ગુણો, વિદ્વતા અને શૌર્યના શહેનશાહ હઝરત અલી (અ. સ.)

**જીવનમાં** જ જેમને જન્નતનું વચન આપવામાં આવ્યું તે સદ્‌ગુણોના ભંડાર અને વિદ્વતા, શૌર્યતાના સ્વામી અમીરૂલ મોમેનીન હઝરત અલી અલૈયહિસ્સલ્લામનું મુબારક નામ અલી, કુન્નિયત અબુલ હસન અને અબૂ તુરાબ છે. હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કાકા અબૂ તાલિબ આપના વાલિદ (પિતા) છે. આપ કિશોરોમાં સૌથી પ્રથમ ઈમાન લઈ આવ્યા. આપ હુઝૂરે અનવર અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ના પિત્રાઈ ભાઈ હોવા ઉપરાંત ખાતૂને જન્નત હઝરત ફાતમતુઝઝહરા અલૈયહિસ્સલામ સાથે નિકાહ થતાં પયગંબરે ઈસ્લામના દામાદ થવાનું સદ્‌ભાગ્ય પણ આપ પામ્યા હતા. આજ સુધી આપના સદ્‌ગુણો, વિદ્વતા અને શૌર્યના ગુણગાન ગવાય છે અને કયામત સુધી ઉદાહરણરૂપ બની રહેશે. અરબ અને અજમમાં આપના બાહુબળની ધાક હતી અને આજે પણ નારએ હયદરી ‘યા અલી’ સાંભળીને ભલભલા વીરોનાએના છક્કા છૂટી જાય છે અને મેદાનમાંથી કદમ ઉખડી જાય છે.

આપ વિલાયતના પણ ધણી છે. કરોડો અવલિયાને આપના દરથી વિલાયત મળી છે અને આપની બોધવાણીએ આ પૃથ્વી પર સત્યનો પ્રકાશ ફેલાવ્યો છે.

આપનો મરતબો બહુ બુલંદ છે. આપ શહીદોના પિતા છે. જાતે પણ શહીદ છે અને હઝરત ઈમામ હુસૈન અને હઝરત ઈમામ હસન એમ બંને શહીદોના પિતા પણ છે. સાદાતે-કિરામ અને ઔલાદે રસૂલ્લાહનો સિલસિલો પરવરદિગારે આલમે આપનાથી જારી ફરમાવ્યો. આપને રસૂલે કરીમ (સ. અ. વ.)મે ફરમાવ્યું હતું કે, આપને અમારી બારગાહમાં એ મરતબો હાસિલ (પ્રાપ્ત) છે જે હઝરત મુસા અલૈયહિસ્સલ્લામની બારગાહમાં હઝરત હારૂન (અ. સ.)ને હાસિલ છે.

હુઝૂર અન્વર (સ. અ. વ.) કેટલાંક સ્થળોએ આપને ‘લવા’ (ઝંડો) અતા ફરમાવ્યો હતો. ખાસ કરીને ખયબરનાં યુદ્ધમાં પયગંબર સાહેબે એવી ખબર આપી હતી કે, હઝરત અલી (અ. સ.)ના હાથે ફતેહ થશે. હઝરત અલી સાહેબે ખયબરનો તોતિંગ દરવાજો ઉખેડીને પોતાની પીઠ ઉપર ઊંચકી લીધો હતો અને મુસલમાનોએ દરવાજા ઉપર ચઢીને કિલ્લાને ફતેહ કરી લીધો હતો. વિજય પછી એ દરવાજો ખસેડવાની કોશિશ કરી તો ચાલીસથી ઓછા માણસો એને ખસેડી શક્યા નહીં.

હઝરત અલી સાહેબને પોતાના નામોમાં સૌથી વધુ વહાલું નામ ‘અબૂ તુરાબ’ પસંદ હતું. એ નામ સાંભળીને આપ ઘણાં ખુશ થતા હતા. એક દિવસ આપ મસ્જિદની દીવાલ પાસે સૂતા હતા. પવિત્ર પીઠ માટીથી ખરડાઈ ગઈ હતી. પયગંબર સાહેબ તશરીફ લાવ્યા અને પોતાના મુબારક હાથે વાંસા પરની માટી ખંખેરીને ફરમાવ્યું – ‘ઈજલસ અબાતુરાબ’. અર્થઃ ‘બેઠા થઈ જાવ હે અબૂ તુરાબ!’ હુઝુરે આ ખિતાબ અતા ફરમાવ્યો, તેથી હઝરત અલી અલૈયહિસ્સલ્લામને એ બહુ પ્રિય હતો.

હઝરત અલી અલૈયહિસ્સલ્લામના પ્રસંગો પુષ્કળ અને વર્ણવ્યા ન વર્ણવી શકાય એટલા છે.’ ‘ગઝવએ-તબૂક’ પ્રસંગે પયગંબર સાહેબે આપને મદીનામાં અહે બૈતની હિફાઝત (રક્ષા) માટે નીમ્યા હતા. આપ મુર્તુઝા અલીએ અરજ કરી કે – ‘યા રસૂલલ્લાહ! આપ મને ઔરતો અને બાળકો પર ખલીફા (સત્તાધીશ) બનાવો છો?’ હુઝૂરે ફરમાવ્યું – ‘શું તમે એ વાત પર રાજી નથી કે, આપને મારા દરબારમાં એ મરતબો હાસિલ થાય, જે હઝરત હારૂનને હઝરત મૂસા અલૈયહિસ્સલ્લાના દરબારમાં પ્રાપ્ત હતો. જોકે મારા પછી નબી આવવાનો નથી.’

તિરમિઝીમાં હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત છે. તે ફરમાવે છે અમારી નજીક હઝરત અલીથી દૂરી રાખવી મુનાફિઝની (ઢોંગી – બેઈમાનીની) નિશાની હતી. એ ઉપરથી જ અમે બેઈમાનને ઓળખી લેતા હતા. હાકિમે હઝરત અલીથી રિવાયત કરી છે, ફરમાવે છે – ‘મને રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને યમનનો કાઝી બનાવીને મોકલ્યો (કાઝી એટલે ન્યાયકર્તા). મેં અરજ કરી, હુઝૂર! મારી ઉંમર નાની છે. ન્યાયનું કાર્ય હું નથી જાણતો. મારાથી એ કેમ થઈ શકે? રસૂલે કરીમે પોતાનો મુબારક હાથ મારા સીના (છાતી) પર ઠપકારીને દુઆ ફરમાવી, પરવરદિગારની કસમ; (ત્યારબાદ) કોઈપણ બાબતનો ચુકાદો આપવામાં મને જરા પણ શંકા થઈ નહીં.

પયગંબરે ઈસ્લામે મુર્તુઝા અલીના સીના પર દસ્તે મુબારક મૂક્યો અને તે ન્યાયશાસ્ત્રમાં નિપૂણ થઈ ગયા. જેમના હાથના સ્પર્શથી સીનાઓમાં જ્ઞાનના મહાસાગર ઊમટી પડે, તેમના જ્ઞાનનું કોઈ શું વર્ણન કરી શકે છે?

શેરે ખુદા હઝરત અલી અલૈયહિ સલ્લામના હકમાં ઘણી આયતો નાઝિલ થઈ હોઈ, કેટલીક અત્રે રજૂ કરી છેઃ હુઝૂરે ફરમાવ્યું – ‘અલીને જોવા એ ઈબાદત છે.’ જેણે અલીને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડવા બરાબર છે.’ હઝરત અલી અલૈયહિ સલ્લામની શાનમાં જેટલું લખીએ એટલું ઓછું છે. જનાબ ફાઝિલે બરેલ્વીનો આ શે’ર ઈર્શાદ છે.

*અસ્લે નસ્લે સફા, વજહે વસ્લે ખુદા*
*બાબે ફઝલો-વિલાયત પે લાખો સલામ*
*શેરે શમ્શીરઝન, શાહે ખૈબર શિકન*
*પરતવે દસ્તે કુદરત પે લાખોં સલામ.*

* * *

### સ્ત્રી અને પુરુષઃ એક ગાડીના બે પૈડાં.

* સ્ત્રી અડધી ઈન્સાનિયત (માણસાઈ) છે.

* પુરુષ ઈન્સાનિયતના એક ભાગનું પ્રતિબિંબ ધરાવે છે તો બીજા ભાગનું પ્રતિબિંબ સ્ત્રી દર્શાવે છે.

* સ્ત્રીને અવગણીને માનવજાતના કાજે જે કોઈપણ યોજના બનશે તે ઊણપયુક્ત અને સંપૂર્ણ હશે.

* સમાજ એવી કોઈ સોસાયટીની કલ્પના કરી શકતો નથી જે કેવળ પુરુષો પર નિર્ભર હોય અને જેમાં સ્ત્રીની આવશ્યકતા ન હોય.

* સ્ત્રી અને પુરુષ એકબીજાના સરખાં મોહતાજ (જરૂરતમંદ) છે.

* ન સ્ત્રી પુરુષથી બેપરવાહ થઈ શકે છે, ન પુરુષ સ્ત્રીથી બેપરવાહ થઈ શકે છે.

* તેમની જરૂરતનું મહત્ત્વ સામાજિક રીતે પણ છે અને જાતીય રીતે પણ છે.

* એક તરફ સામાજિક જિંદગી તેમનાથી માગણી કરે છે કે તેઓ (સ્ત્રી-પુરુષ) કદમથી કદમ અને ખભેખભા મિલાવીને કામ કરે અને વંશવેલાને આગળ વધારે.

**બોધઃ** સ્ત્રી તથા પુરુષ એક ગાડીના બે પૈડાં છે. તેમાંથી એક પણ જો ખરાબ થઈ જાય તો જિંદગીનો કાફલો એક ડગલું પણ આગળ વધી શકતો નથી.

* * *

### સાપ્તાહિક સંદેશઃ

ત્રણ વસ્તુઓ એવી છે કે જે વ્યક્તિમાં એ હોય તેને ઈમાનની મીઠાશ નસીબ થશેઃ

૧- અલ્લાહ અને તેના રસૂલ (હઝરત મુહંમદ - સલ) તેને બીજી તમામ વસ્તુઓ કરતાં પ્રિય હોય.

૨- તેને જે વ્યક્તિથી પ્રેમ હોય અલ્લાહ માટે જ હોય અને

૩- કુફ્ર (એક ઈશ્વર સિવાય અન્યત્ર ભટકનારો) તરફ પાછા ફરવું તેને એટલું જ અપ્રિય હોય કે જેટલું અપ્રિય તેને આ વાત છે કે તેને આગમાં નાખી દેવામાં આવે. (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ).

- આ હદીસમાં જે ત્રણ બુનિયાદી વાતોનો ઉલ્લેખ નબીએ કરીમ (સલ)એ કર્યો છે, એ પૂર્ણ ઈમાનની ઓળખ છે. ઈમાન (અલ્લાહ જ એકમાત્ર પૂજનિય) હોવાવાળાઓ પર અલ્લાહ અને તેના મહેબૂબનો પ્રેમ સ્પષ્ટ થઈ જાય છે.

– એમ. કાઝી નિઝામી ■

## પહેલા પાનાનું ચાલુ

### રિઝર્વ બૅંકે

તેવો સંકેત આપતા, મલ્હોત્રાએ ફુગાવાના અંદાજ પર વધુ સ્પષ્ટતાની રાહ જોતા, ફુગાવાને તેના લક્ષ્ય સાથે સુસંગત બનાવવા માટે રિઝર્વ બેંકની દૃઢ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

રિઝર્વ બેંકે જૂનમાં ૫.૧ ટકાના અંદાજની તુલનામાં વર્તમાન ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષ માટે કન્ઝ્યુમર પ્રાઈઝ ઇન્ફ્લેશન પાંચ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો.

તેણે ખાદ્ય અને બળતણને બાદ કરતા મુખ્ય ફુગાવાનો અંદાજ ૪.૭ ટકાથી ઘટાડીને ૪.૩ ટકા કર્યો હતો.

ચાલુ નાણાકીય વર્ષ માટે આર્થિક વૃદ્ધિનો અંદાજ જૂનમાં ૬.૬ ટકાથી વધારીને ૬.૭ ટકા કર્યો ત્યારે કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષ અને વેપાર તણાવથી ઉદ્ભવેલી વૈશ્વિક અનિશ્ચિતતા છતાં, સ્થાનિક વૃદ્ધિ સ્થિતિસ્થાપક રહી છે, જેને મજબૂત સ્થાનિક માંગ, ઉત્પાદન અને સેવાઓ પ્રવૃત્તિ અને મજબૂત નિકાસ દ્વારા ટેકો મળ્યો છે. ■

### કોર્ટમાં બૅન્કના ડિજિટલ

ઇલેક્ટ્રોનિક બૅન્ક રેકૉર્ડ્સને ભૌતિક કે ઇલેક્ટ્રોનિક સ્વરૂપે રજૂ કરી શકાશે. કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા સોમવારે રજૂ કરાયેલો ‘બૅન્કર્સ બુક્સ એવિડન્સ ઍક્ટ, ૨૦૨૬’ લોકસભામાં બુધવારે મતદાન માટે રજૂ કરાયો ત્યારે વિપક્ષના સાંસદોએ ભારે ધાંધલધમાલ કરી હતી અને છેવટે આ ખરડો ચર્ચા વિના મૌખિક મતદાનથી પસાર કરાયો હતો.

અંગ્રેજોના શાસન વખતે બૅન્કોનું મોટા ભાગનું કામકાજ અને રેકૉર્ડ્સ લેખિત સ્વરૂપમાં હતા અને તે વખતે ‘બૅન્કર્સ બુક્સ એવિડન્સ ઍક્ટ, ૧૮૯૧’ ઘડાયો હતો અને તેમાં ડિજિટલ રેકૉર્ડ્સ પુરાવા તરીકે માન્ય કરવાની જોગવાઇ નહોતી અને તેથી હાલના ડિજિટલ યુગમાં બૅન્કોનું મોટા ભાગનું કામ ડિજિટલી થતું હોવાથી આવા ડિજિટલ કે વર્ચ્યુઅલ બૅન્ક રેકૉર્ડ્સને માન્ય કરવા માટે ‘બૅન્કર્સ બુક્સ એવિડન્સ ઍક્ટ, ૨૦૨૬’ લાવવો આવશ્યક બની ગયો હતો. (એજન્સી)■

### મહારાષ્ટ્ર અને ગુજરાતમાં

અને અન્ય આર્ટિફિશ્યલ ઘટકોમાંથી બનાવવામાં આવે છે. દેખાવ અને સ્વાદમાં તે બિલકુલ અસલી દૂધના પનીર જેવું લાગે છે પરંતુ તેની કિંમત ઘણી ઓછી હોય છે.

ગ્રાહકોને અંધારામાં રાખીને આ એનાલોગ પનીરનું વેચાણ થતું હતું. હાલના નિયમો અનુસાર જો કોઈ હોટેલ, રેસ્ટોરાં, કેટરર્સ અથવા ક્લાઉડ કિચન એનાલોગ પનીરનો ઉપયોગ કરે તો તેની જાણકારી ગ્રાહકોને આપવાનું ફરજિયાત હતું, પરંતુ તપાસમાં જાણવા મળ્યું છે કે સમગ્ર રાજ્યમાં મોટા પાયે ગ્રાહકો સાથે છેતરપિંડી થઈ રહી હતી. માત્ર નાની રેસ્ટોરાં અને ક્લાઉડ કિચન જ નહીં, મોટી બ્રાન્ડ્સ પણ ગ્રાહકોને જાણ કર્યા વિના મોંઘા અસલી પનીરની જગ્યાએ સસ્તું એનાલોગ પનીર વાપરી રહ્યા હતા.

તાજેતરમાં આવેલા એક લેબ રિપોર્ટમાં પણ ખુલાસો થયો હતો કે રાજ્યમાંથી લેવાયેલા પનીરના ૩૫ ટકાથી વધુ સેમ્પલ ફેલ થયા હતા તેનું કારણ તેમાં વનસ્પતિ તેલની ભેળસેળ હતી. નવા આદેશ મુજબ હવે મહારાષ્ટ્રમાં આવેલી કોઈપણ હોટેલ, રેસ્ટોરા, કેટરિંગ સર્વિસ કે ક્લાઉડ કિચન એનાલોગ પનીરનો ઉપયોગ કરી શકશે નહીં. આ બેનના આદેશમાં જાહેર આરોગ્ય સાથે જોડાયેલી ગંભીર ચિંતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એફડીએએ ચેતવણી આપી છે કે પ્રતિબંધનો ભંગ કરનારા ફૂડ બિઝનેસ ઓપરેટર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, જેમાં દંડ અને લાઇસન્સ રદ કરવા સુધીના પગલાં સામેલ હોઈ શકે છે.

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં દરરોજ લાખો લોકો બહારનું ફૂડ ખાય છે, ત્યારે ખોરાકમાં થતી ભેળસેળ રોકવા માટે આ નિર્ણયને મહત્ત્વનો ગણવામાં આવી રહ્યો છે. આનાથી વર્ષોથી લોકો સાથે પનીરના નામે થતી જાહેરમાં થનારી છેતરપિંડી પર પૂર્ણવિરામ મુકાય તેવા અણસાર દેખાઈ રહ્યા છે. ■

### ૩૭૦મી કલમ નાબૂદી

નાબૂદ કરાઇ હતી અને તેના દ્વારા જમ્મુ અને કાશ્મીર તેમ જ લદાખના ઇતિહાસમાં નવો અધ્યાય શરૂ થયો હતો.

મોદીએ દાવો કર્યો હતો કે દેશમાં ૨૦૧૯ બાદ જમ્મુ અને કાશ્મીર તેમ જ લદાખના લોકોના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ પ્રદેશમાં આંતરિકમાળખાનો વિકાસ કરાયો હતો. શિક્ષણ, આરોગ્ય સંભાળ, વેપાર અને રમતગમત ક્ષેત્રે ઝડપી પ્રગતિ શરૂ થઇ હતી. આ વિસ્તારની મહિલાઓ અને અન્ય લોકોને બંધારણમાંના મૂળભૂત અધિકાર મળ્યા હતા તેમ જ તેઓનું સશક્તીકરણ થયું હતું.

મોદીએ જણાવ્યું હતું કે આ વર્ષની પાંચ ઑગસ્ટે ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૫મી જન્મજયંતી હોવાથી આ દિવસ ઘણો મહત્ત્વનો છે. તેઓએ આખું જીવન દેશની એકતા અને અખંડતા માટે સમર્પિત કર્યું હતું.

કેન્દ્રે જમ્મુ અને કાશ્મીર રાજ્યનું બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજન કર્યું હતું. જમ્મુ અને કાશ્મીરને વિધાનસભા અપાઇ હતી, જ્યારે લદાખને નહોતી અપાઇ. (એજન્સી)■

### લોકસભામાં સર્જાયેલી

અમેન્ડમેન્ટ બિલ ૨૦૨૬ ચર્ચા અને મંજૂરી માટે રજૂ કરવામાં આવશે ત્યારે ગૃહ પ્રધાન અમિત શાહ લોકસભામાં બોલશે.

ગૃહની કામગીરી દરમિયાન અમિત શાહની ગેરહાજરી અંગે વિપક્ષ દ્વારા સતત સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

લોકસભામાં સર્જાયેલી મડાગાંઠનો ઉકેલ લાવવા સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને મળ્યા હતા અને મડાગાંઠનો ઉકેલ લાવવા સહકાર આપવાની માગણી કરી હતી.

૨૦ જુલાઈએ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું ત્યારથી લોકસભા તેનો પ્રશ્નકાળ પૂરો કરી નથી શકી.

વિપક્ષના ભારે વિરોધ વચ્ચે કોઈપણ પ્રકારની ચર્ચા વિના પાંચ ખરડાને મંજૂરી આપી દેવામાં આવી હતી. (એજન્સી)■

### હવે રાંધણગૅસ

સીધો મતલબ એ છે કે ભારત સરકાર હવે ક્રૂડતેલ ઉપરાંત એલપીજી અને એલએનજીનો પણ સંગ્રહ કરવા અને એ અંતર્ગત ચાર્જ વસૂલ કરવા માગે છે.

પેટ્રોલિયમ ખાતુ એલપીજી પર પ્રતિકિલોગ્રામ ૧.૨૯ રૂપિયા શૂલ્ક લગાડવા માગે છે જેને કારણે રાંધણગૅસના સિલિન્ડરના ભાવમાં ૧૮ રૂપિયાનો વધારો થશે.

આ ટેક્સને કારણે વરસે ૪૬ કરોડ ડૉલરની આવક થવાની આશા છે. એ જ પ્રમાણે પેટ્રોલિયમ ખાતાએ કુદરતી ગૅસ પર પ્રતિ ઘનમીટર ૧.૪૩ રૂપિયા વધારવાનો પ્રસ્તાવ મૂક્યો છે જેને કારણે વરસે ૧૦૦ કરોડ ડૉલરની આવક થવાની આશા છે. આ રીતે આ બંને ટેક્સ મારફતે અંદાજે ૧૫૦ કરોડ ડૉલર એકઠાં કરી શકાશે. ■

### ‘ખરી શિવસેના’ કોની?

શિવસેનાને ‘ખરી શિવસેના’ ગણતા ૨૦૨૩ની ૧૭ ફેબ્રુઆરીએ લીધેલા નિર્ણયને પણ સર્વોચ્ચ અદાલતમાં પડકારાયો હતો.

ઉદ્ધવ ઠાકરેના જૂથના વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે આ કિસ્સામાં પક્ષના બંધારણની અવગણના કરી હતી અને તેને ૨૦૧૩ના માર્ચમાં સુધારેલું બંધારણ અપાયું હતું.

તેમણે દાવો કર્યો હતો કે આ પ્રકરણમાં પક્ષપલટાનો મુદ્દો ઊભો થાય છે.

ન્યાયાધીશ બાગચીએ સવાલ કર્યો હતો કે (ચૂંટણી માટેનું) ચિહ્ન રાજકીય પક્ષની માલિકીનું હોય છે કે વિધાનમંડળ પક્ષના નેતાની માલિકીનું?

સિબલે જણાવ્યું હતું કે ચિહ્ન હંમેશાં રાજકીય પક્ષની માલિકીનું જ હોય છે. શિવસેનાના ૨૦૧૮ના રેકૉર્ડ્સમાં એકનાથ શિંદેને ‘પક્ષ પ્રમુખ’ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય તરીકે જ ગણાવાયા હતા. (એજન્સી)■

# રાજકોટના રેલનગરમાં આવેલી ચાર સોસાયટીમાં અશાંત ધારો લાગૂ કરવાની માગ ઉઠી

## રહીશોમાં અસુરક્ષા અને ભયનો માહોલ સર્જાયો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના અન્ય શહેરોની જેમ રાજકોટ શહેરના કેટલાક વિસ્તારોમાં અશાંત ધારો લાગૂ કરવાની માંગ હિંદુ સમુદાયના લોકો દ્વારા ઉઠાવવામાં આવી રહી છે. રાજકોટના રેલનગરમાં આવેલી ૪ સોસાયટીમાં અશાંત ધારો લાગૂ કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યુ હતુ. જેમાં આક્ષેપ કરાયો હતો કે અહીં ૩૫૦ જેટલા હિન્દુ પરિવારો રહે છે પરંતુ અહીં છેલ્લા કેટલાક સમયથી અન્ય ધર્મના લોકો દ્વારા સોસાયટીના રહીશોને મોટી રકમની લાલચ આપી મકાનો ખરીદવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના કારણે રહીશોમાં અસુરક્ષા અને ભયનો માહોલ સર્જાયો છે. સ્થાનિકોને આશંકા છે કે કોઈ સક્ષમ વ્યક્તિ કે સંગઠન આ વિસ્તારમાં વસવાટ વધારવા માટે સક્રિયપણે કામ કરી રહ્યું છે.

આ અંગે મળતી વિગત મુજબ, રાજકોટ શહેરના રેલનગર વિસ્તારની ક્રિષ્ના પાર્ક સોસાયટીના રહીશો દ્વારા સોસાયટીમાં 'અશાંત ધારો' લાગુ કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. રેલનગર મેઈન રોડ પર આવેલ ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં અંદાજે ૧૦૦ જેટલા હિન્દુ પરિવારો રહે છે. તેની સાથે જોડાયેલી અન્ય ત્રણ સોસાયટીઓ હર્ષિલ પાર્ક, બિલીપત્ર અને લૉર્ડ ક્રિષ્ના સોસાયટીમાં પણ આશરે ૨૫૦ હિન્દુ પરિવારો વસવાટ કરે છે અને તમામ મિલકતો પર હાલ હિંદુ પરિવારોનો જ માલિકી હક્ક છે. ■

## જામનગરના આરબલુસ ગામમાં સ્થાનિક પોલીસનો સપાટો

# ઈંગ્લીશ દારૂની ૯,૦૨૪ બોટલો સાથે કુલ ₹ ૧.30 કરોડનો મુદ્દામાલ ઝડપાયો, છ આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)




જામનગર: જિલ્લાના લાલપુર તાલુકાના આરબલુસ ગામની સીમમાં પોલીસે પાડેલા દરોડામાં ૯,૦૨૪ બોટલ વિદેશી દારૂ, ૧૮,૦૦૦ નંગ ઢાંકણાં (ચપલા) તેમજ ટ્રેક્ટર, ટ્રોલી અને કન્ટેનર સહિત કુલ રૂ. ૧,૩૦,૫૫,૫૪૮નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સમગ્ર પ્રકરણમાં છ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો, આ તમામ આરોપીઓ હાલ ફરાર હોવાથી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. લાલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ ટીનુભા બચુભા જાડેજાની ફરિયાદના આધારે નોંધાયેલા ગુના મુજબ, તા. ૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૨:૩૦ વાગ્યે આરબલુસ ગામની દક્ષિણ બાજુએ આવેલી વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં વેચાણના હેતુસર સંતાડી રાખવામાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૯,૦૨૪ બોટલ વિદેશી દારૂ (કિંમત રૂ. ૬૯,૫૫,૫૪૮), ૧૮,૦૦૦ નંગ ચપલા, (કિંમત રૂ. ૩૬ લાખ), મેસી ફર્ગ્યુસન ૭૨૫૦ ડીઆઈ ટ્રેક્ટર, ટ્રોલી તથા કન્ટેનર ટ્રક સહિત કુલ રૂ. ૧.૩૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગુનામાં હરદેવસિંહ મંગળસિંહ જાડેજા, ભાવેશભાઈ જેઠાભાઈ પરમાર, દશરથસિંહ વનરાજસિંહ જાડેજા, ટ્રેક્ટરના ચાલક-માલિક, કન્ટેનરના ચાલક-માલિક તેમજ સ્થળ પરથી નાસી ગયેલી કાળા રંગની સ્પોર્ટ્સ યુટિલિટી વાહન ના ચાલક-માલિક સહિત તપાસમાં ખુલાસો થાય તે તમામને આરોપી બનાવવામાં આવ્યા છે. આરોપીઓએ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પરમીટ વિના વેચાણના હેતુસર બહારથી વિદેશી દારૂનો જથ્થો મંગાવી વાડીમાં સંગ્રહ કર્યો હોવાનું એકબીજાની મદદગારી અને ષડયંત્ર રચી ગુનો આચર્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તેમજ દારૂના જથ્થાનો સ્રોત શોધવા વધુ તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટ સિવિલમાં દાખલ, રાજ્યના સૌથી નાના બાળકે ચાંદીપુરા વાઈરસને માત આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ચાંદીપુરા વાયરસે હાહાકાર મચાવ્યો છે, રાજ્યમાં ચાંદીપુરા વાયરસના વધી રહેલા કેસથી ચિંતાનો માહોલ છે. જો કે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ ગુજરાતની સૌથી નાની વયનું બાળક ૧૭ દિવસ સુધી ચાંદીપુરા સામે સફળતાપૂર્વક ઝઝૂમીને સંપૂર્ણ સ્વસ્થ થઈ જતા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. બાળકની નાની ઉંમરને ધ્યાનમાં રાખીને સિવિલ હોસ્પિટલના તબીબો માટે પણ તેની સારવાર એક પડકારરૂપ હતી. જોકે સતત સારવાર અને દેખરેખ બાદ બાળક સ્વસ્થ બનતાં આજે ૫ ઓગસ્ટે તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

મળતી વિગત મુજબ મૂળ મધ્યપ્રદેશના અને ગોંડલના પાંચિયાવાડર ગામે મજૂરીકામ કરતાં પરિવારની આ ૩ માસની બાળકીને અત્યંત ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ બાળકી કોમામાં સરકી ગઈ હોવા છતાં પીડિયાટ્રિક વિભાગની સઘન સારવાર બાદ તે પૂર્ણ સાજી થઈ જતાં બુધવારે તેને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવી હતી.

જો કે હાલમાં પણ બે શંકાસ્પદ બાળકો સારવાર હેઠળ છે. આ અંગે રાજકોટ મેડિકલ કોલેજના ડીન ડો. પંકજ બુચે જણાવ્યું હતું કે, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં હાલ ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા અન્ય ૨ બાળકો સારવાર હેઠળ છે. જેમાં એક બાળક જૂનાગઢથી રિફર થઈને આવેલું છે, જ્યારે બીજું બાળક રાજકોટ જિલ્લાનું છે. સારવાર હેઠળના બે બાળકોમાંથી એક બાળક હાલ વેન્ટિલેટર પર છેજ્યારે બીજા બાળકની સ્થિતિ સ્ટેબલ (સ્થિર) છે. બંને બાળકોના સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે અને તેના રિપોર્ટ આવ્યા બાદ આગળની સ્થિતિ સ્પષ્ટ થશે. પરંતુ, ડૉક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ સતત બાળકોની સ્થિતી પર સતત નજર રાખવામાં આવી રહી છે. ■

# ભાવનગરમાં ફરી સિંહનો આતંકઃ ટોડી ગામ નજીક પશુ ચરાવતા પશુપાલક પર જીવલેણ હુમલો, પશુપાલકોમાં ભયનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં સિંહના હુમલાની ઘટનાઓ સતત વધી રહી છે. આ દરમિયાન ફરી એકવાર સિંહના હુમલાની ઘટના બહાર આવતાં ગ્રામ્ય વિસ્તારમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. સિહોર તાલુકાના ટોડી ગામ નજીક ગૌચરણ વિસ્તારમાં પશુ ચરાવી રહેલા પશુપાલક પર સિંહે અચાનક હુમલો કરતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, ટોડી ગામના રહેવાસી પશુપાલક વિજયભાઈ બલિયા ગૌચરણ વિસ્તારમાં પશુઓ ચરાવી રહ્યા હતા.

તે દરમિયાન અચાનક એક સિંહે તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં તેઓને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો દોડી આવતા અને હોબાળો મચાવતા સિંહ જંગલ તરફ ભાગી ગયો હતો.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પરિવારજનોએ ઈજાગ્રસ્ત વિજયભાઈ બલિયાને તાત્કાલિક પાલીતાણા તાલુકાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી છે અને તબીબો તેમની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છેકે, ભાવનગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સિંહોના હુમલાની ઘટનાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગૌચરણ તેમજ ખેતરોની આસપાસ સિંહોની અવરજવર વધતા પશુપાલકો અને ખેડૂતોમાં ભયનો માહોલ સર્જાયો છે. સ્થાનિકોએ વન વિભાગ દ્વારા અસરકારક પેટ્રોલિંગ, સિંહોની હિલચાલ પર સતત નજર રાખવા તેમજ જોખમી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની માંગ ઉઠાવી છે. ■






રાજકોટમાં કાયદો, વ્યવસ્થા અને ટ્રાફિક નિયમનની જાળવણી માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા મેગા ડ્રાઈવ યોજવામાં આવી હતી, ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ ચેકિંગ પોઈન્ટ ગોઠવીને વાહનચાલકોની તપાસ કરવામાં આવી હતી... (પ્રવિણ સેદાણી)

# ભાવનગરના ઉંચડી ગામના બાઈકસવાર યુવાનનું ટ્રક પાછળ ઘુસી જતા કમકમાટીભર્યું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા તાલુકાના ઉંચડી ગામના યુવાન જે કર્મકાંડ સાથે સિદસર ખાતે તબેલો ધરાવીને પશુપાલનનો વ્યવસાય કરે છેતે બપોરના સમયે બાઇક હંકારી ને ભાવનગરથી ઉંચડી આવી રહ્યા હતા. તણસા નજીક પહોંચતા આગળ રહેલા ટ્રક પાછળ ફુલસ્પીડ મા બાઇક ઘુસાડી દેતા સ્થળ પર જ ભુદેવ યુવાનના મસ્તકમાંથી એટલી સ્પીડમાં લોહીવહી ગયું હતું કે ક્ષણભરમાં અહીં લોહીનું મોટું ખાબોચિયું ભરાઈ ગયું હતું.

કર્મકાંડી બ્રાહ્મણ યુવાન કરણ મનુભાઈ જોષી બપોર ના અરસામા ભાવનગર થી કંકોત્રી લઈને પોતાના ઉંચડી ગામ તરફ એકલાજ બાઇક હંકારી ને આવી રહ્યા હતા.સમયે તણસા ગામ નજીકથી પસાર થતા હતા ત્યારે ફોર વહીલો લઈને જતા ટોરસ ટ્રક પાછળ ઘુસી જતા યુવાનનુ સ્થળપર જ મોત નિપજતા ટ્રાફિક અનવ સ્થાનિક પોલીસ સ્થળપર પહોંચી ગઈ હતી. બનાવની જાણ ઉંચડી ગામે થતા ગામમાં શોકની કાલીમાં છ્વાઈ ગઈ હતી. મૃતકનું પી.એમ ભાવનગર કરવીને અંતિમ વિધિ વતન ઉંચડી ખાતે કરાઈ હતી. ■

# સામખિયાળી-ભચાઉ વચ્ચે ૧૨૦ કિલોમીટરની ઝડપે ટ્રેનનું સ્પીડ ટ્રાયલઃ બે દિવસ સેફ્ટી કમિશનરનું નિરીક્ષણ

## મંજૂરી મળ્યા બાદ આ ટ્રેક પરથી કંડલા અને મુંદરા બંદરથી કન્ટેનર, પેટ્રોલિયમ, ખાતર અને મીઠા જેવા માલસામાનનું પરિવહન ખૂબ ઝડપી બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અમદાવાદ ડિવિઝનના માલ પરિવહનમાં સૌથી વધુ કમાણી કરાવી આપતા કચ્છ રીજનમાં રેલવે વિભાગ દ્વારા માળખાકીય સુવિધાઓના વિસ્તરણ તરફ વધુ એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. સામખિયાળી-ભચાઉ ચોહરીકરણ (ચોથી રેલ લાઈન) પ્રકલ્પ અંતર્ગત ત્રીજી અને ચોથી લાઈનના સફળ અમલીકરણ માટે બે દિવસ રેલવે સેફ્ટી કમિશનર દ્વારા આકસ્મિક નિરીક્ષણ અને સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે.

રેલવેના અધિકૃત સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ સર્કલના રેલવે સંરક્ષા આયુક્ત ઈ. શ્રીનિવાસ, અમદાવાદના મંડળ રેલ પ્રબંધક વેદપ્રકાશ તથા મુખ્ય વહીવટી અધિકારી પ્રદીપ ગુપ્તા સહિતના ઉચ્ચ અધિકારીઓનું દળ બે દિવસ સુધી મોટર ટ્રોલી મારફતે અપ-ડાઉન લાઈન પર નિરીક્ષણ કરશે. ત્યારબાદ આ નવી લાઈનો પર ઈલેક્ટ્રિક એન્જિન સાથે કલાકના ૧૨૦ કિલોમીટરની ઝડપે સ્પીડ ટ્રાયલ રન લેવામાં આવશે. સુરક્ષાને ધ્યાને રાખી આ દરમિયાન સ્થાનિકોને ટ્રેકથી દૂર રહેવા અપીલ કરાઈ હતી.

મંજૂરી મળ્યા બાદ આ ટ્રેક પરથી કંડલા અને મુંદરા બંદરથી કન્ટેનર, પેટ્રોલિયમ, ખાતર અને મીઠા જેવા માલસામાનનું પરિવહન ખૂબ ઝડપી બનશે. પરિણામે માલગાડીઓનો ટર્નઅરાઉન્ડ સમય ઘટશે અને કચ્છના ઉદ્યોગ, વેપાર તથા નિકાસ ક્ષેત્રને મોટો આર્થિક ફાયદો થશે. ■

# સુરેન્દ્રનગરના પાટડીમાં ૫૭ વર્ષના આધેડએ સગીરાને પીખી નાખી, દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)




સુરેન્દ્રનગર: ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા અંગે અવારનવાર ગંભીર સવાલો ઉભા થતા હોય છે, ત્યારે વધુ એક હચમચાવી નાખે તેવી ઘટના સુરેન્દ્રનગર જિલ્લામાંથી બહાર આવી હતી. જિલ્લાના પાટડી વિસ્તારમાં એક સગીરાને પોતાની હવસનો શિકાર બનાવવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. આ અત્યંત સંવેદનશીલ અને દુર્ઘટનાગ્રસ્ત કિસ્સાએ સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ અને ડરનો માહોલ પેદા કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાટડી વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને એક ૫૭ વર્ષીય પ્રૌઢ વ્યક્તિએ પોતાની ક્રૂર હવસનો શિકાર બનાવી હતી. આ ઘટના સામે આવ્યા બાદ પીડિત પરિવાર અને સામાજિક આઘાતમાં સરી પડેલા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. વય મર્યાદા અને સામાજિક મર્યાદાઓને ઓળંગીને કરવામાં આવેલ આ ઘૃણાસ્પદ કૃત્યને કારણે સમગ્ર પંથક સ્તબ્ધ થઈ ગયું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવ્યા છે. આ મામલે પીડિત પરિવાર દ્વારા હિંમત દાખવીને પાટડી પોલીસ મથકે સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ફરિયાદને ગંભીરતાથી નોંધીને તાત્કાલિક ધોરણે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસ અને સગીરાના નિવેદનના આધારે પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ૫૭ વર્ષીય આરોપી વિરુદ્ધ કડક કલમો હેઠળ ગુનો નોંધીને તેને ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા આરોપીની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે જેથી આ મામલે અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની પણ સ્પષ્ટતા થઈ શકે.

આ ઘટનાએ ફરી એકવાર દીકરીઓની સુરક્ષા બહાર ગંભીર સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક લોકો અને મહિલા સંગઠનો દ્વારા આરોપીને ફાંસીની સજા કે કડકમાં કડક સજા આપવામાં આવે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે. પોલીસ પ્રશાસન દ્વારા પણ સગીરાને ન્યાય અપાવવા માટે ત્વરિત અને નિષ્પક્ષ તપાસની ખાતરી આપવામાં આવી છે. રાજ્યમાં વધી રહેલા આવા જઘન્ય અપરાધોને અટકાવવા માટે કડક દાખલો બેસાડવો અનિવાર્ય બન્યો છે, જેથી ભવિષ્યમાં કોઈ આવી ઘટનાનું પુનરાવર્તન ન કરે. ■

# ગાંધીધામના વેપારી ખંડણી કેસમાં વધુ ત્રણ આરોપીની ધરપકડઃ ₹ ૨૮.૯૮ લાખની રોકડ, મોબાઈલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામના વેપારી દિલીપ મજેઠિયાના અપહરણ અને રૂ. ૫.૫૫ કરોડની ખંડણી પ્રકરણમાં પૂર્વ કચ્છ પોલીસે વધુ ત્રણ શખ્સોની ધરપકડ કરી મોટી સફળતા મેળવી હતી. પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે રૂ. ૨૮.૯૮ લાખની રોકડ અને મોંઘા મોબાઈલ સહિત કુલ રૂ. ૩૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મળતી માહિતી મુજબ, વેપારીનું અપહરણ કરી તેમના દુબઈ સ્થિત ભાઈ પાસેથી વિડિયો કોલ મારફતે રૂ. ૫.૫૫ કરોડની ખંડણી વસૂલવામાં આવી હતી. આ કાવતરામાં અગાઉ પકડાયેલા ૭ આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં તેમને જેલહવાલે કરાયા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે આદિપુરના વિનીત લક્ષ્મણ જાદવાણી (સિંધી), અનમોલ આનંદકુમાર નંદા (ભાનુશાલી) અને ભુજના વિશાલ ધનરાજ ગોસ્વામી નામના ત્રણ શખ્સોએ નાણાકીય વ્યવહારોમાં મદદગારી કરી હતી. આ આરોપીઓએ વિદેશી ડોલરને ભારતીય ચલણમાં રૂપાંતરિત કરવા માટે ઓનલાઈન અલગ-અલગ ક્રિપ્ટો વોલેટથી 'દુબઈ કિંગ' નામના શખ્સને યુએસડીટી મોકલી આંગડિયા મારફતે રૂ. ૨૮.૯૮ લાખ મેળવ્યા હતા. પોલીસે આ રોકડ રકમ તથા પાંચ મોબાઈલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ હાઈપ્રોફાઈલ ગુનાના મુખ્ય ત્રણ સૂત્રધારો જાવેદ અભુ સાયચા, રીઝવાન હુસેન ખીચા અને સોહિલ જુસબ બુચડ હજુ પણ પોલીસ પકડથી દૂર છે, જેમને ઝડપી પાડવા ગતિમાન કરાયા છે. ■

# ભુજના રતિયા ગામમાં સગીરાનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના રતિયા ગામે એક ૧૩ વર્ષીય સગીરાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

મળતી વિગતો મુજબ, રતિયા ખાતે રહેતા સરવન શ્યામસુંદર ઉરાઉની પુત્રી ચાંદનીકુમારીએ ગત તા. ૩ ઓગસ્ટની સાંજે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવ બાદ પરિજનો દ્વારા સગીરાને તાત્કાલિક સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

આ બનાવ અંગે માનકૂવા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ■

# જામનગર મહાનગરપાલિકામાં 30 અધિકારીઓના "ઝોન ફેર" કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: મહાનગર પાલિકાના કમિશનર દ્વારા ફાયર શાખામાં ચાર અધિકારીને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. ઉપરાંત ૩૦ જેટલા અધિકારી, કર્મચારીની બદલી ઝોન ફેરનો આદેશ કરવામાં આવ્યો છે.

જામનગર મહાનગર પાલિકાની ફાયર શાખામાં ફરજ બજાવતા અધિકારીને વધારાની કામગીરી અંગે ફરજ ફાળવણીના આદેશ કરવામાં આવ્યા છે. જેમાં સ્ટેશન ફાયર ઓફિસર સજુભા જાડેજાને વોર્ડ નં. ૧ થી ૮ના ડેપ્યુટી ચિફ ફાયર ઓફિસર, ઉપરાંત જસ્મીન ભેંસદડીયાને વોર્ડ નં. ૯ થી ૧૬ માટે ડેપ્યુટી ચિફ ફાયર ઓફિસર, જયવિરસિંહ રાણાને વોર્ડ નં. ૧ થી ૮ના ડિવિઝનલ ફાયર ઓફિસર તથા વોર્ડ નં. ૯ થી ૧૬ ના ડિવિઝલન ફાયર ઓફિસર તરીકે અનવર ગજણને વધારાનો ચાર્જ સોંપાયો છે. આ ઉપરાંત અન્ય ૩૦ અધિકારીઓને ફરજ ફાળવણી, ઝોન ફેર, સહિતના બદલીના આદેશ થયા છે.

જેમાં નાયબ કાર્યપાલક ઈજનેર એમ.બી. ગોસાઈને એસ્ટેટ શાખાની કામગીરીમાંથી શ્રાવણી મેળા પછી મૂક્ત કરવામાં આવશે. સિક્યોરિટી ઓફિસર કમલેશ ગઢવીને વધારાનો દબાણ નિરીક્ષક તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો છે. ઉપરાંત નાયબ કાર્યપાલક ઈજનેર, જુનિયર ઈજનેર, વર્ક આસી. વગેરેનો ઝોન ફેર કરવામાં આવ્યા છે. આસી. લીગલ ઓફિસર હસમુખ પાંડોરને ટેક્સ ઓફિસરની જવાબદારીમાંથી મુક્ત કરી આરોગ્ય શાખામાં બદલી કરવામાં આવી છે.

ઓ.એસ. ધર્મેશ જેઠવાને પીઆરઓની વધારાની કામગીરીમાંથી મુક્ત કરી અને સોલીડ વેસ્ટ શાખામાં બદલી કરવામાં આવી છે. ઉપરાંત સિનિયર ક્લાર્ક જય પુરોહિતને ભૂગર્ભ શાખામાંથી ટીપીઓમાં અને ટીપીઓ શાખાના નિદત માંડલીયાને ભૂગર્ભ શાખામાં બદલી કરવામાં આવી છે. ■

## સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં શૅરબજારના નામે કરોડોનું જુગાર રેકેટ ઝડપાયું

# પોલીસ કર્મચારી સહિત ૨૩ સામે ગુનો, ₹ ૩.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત

## ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: રાજકોટ રેન્જ પોલીસે સુરેન્દ્રનગરના જોરાવરનગર વિસ્તારમાં શેરબજારના વધઘટના આધારે ગેરકાયદે સટ્ટો અને જુગાર ચલાવતા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. રામેશ્વર ટાઉનશીપ ખાતે પાડવામાં આવેલા દરોડામાં ૧૦ લેપટોપ, ૨૯ મોબાઇલ ફોન, ૪ પેન ડ્રાઇવ, રોકડ રકમ, નોટબુક, વાઇ-ફાઇ સાધનો અને ચાર્જર સહિત કુલ રૂ. ૩.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકના માર્ગદર્શન હેઠળ રેન્જ ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ ગ્રાહકો પાસેથી શેરબજારના ભાવમાં થતા વધઘટના આધારે સોદા મેળવી કોઈપણ પ્રકારના લાયસન્સ વગર વિવિધ બ્રોકરો મારફતે ગેરકાયદે જુગાર રમાડતા હતા.

પોલીસે સ્થળ પરથી છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન પોલીસ કર્મચારી સંજયસિંહ નાથુભાઈ રાઠોડ સહિત કુલ ૨૩ આરોપીઓ સામે જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ-૪ અને ૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, આરોપીઓ શેરબજારના ભાવના આધારે નસીબ આધારિત હાર-જીતના સોદા કરાવી ગેરકાયદે જુગારનું સંચાલન કરતા હતા. પોલીસે સમગ્ર નેટવર્ક, અન્ય બ્રોકરો અને આર્થિક વ્યવહારોની તપાસ શરૂ કરી છે.

જપ્ત કરાયેલ મુદ્દામાલમાં ૧૦ લેપટોપ, ૨૯ મોબાઇલ ફોન, ૪ પેન ડ્રાઇવ, રોકડ રકમ, નોટબુક, વાઇ-ફાઇ સાધનો અને અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો સમાવેશ થાય છે. ■

# ગડકરી વિરુદ્ધની 'દ્વેષપૂર્ણ અને અપમાનજનક' પોસ્ટ્સ હટાવવાનો હાઇ કોર્ટનો આદેશ

મુંબઈ: બૉમ્બે હાઈ કોર્ટે બુધવારે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીને વચગાળાની રાહત આપતા મેટા, એક્સ અને ગૂગલને તેમને નિશાન બનાવતી તમામ ''દ્વેષપૂર્ણ, અપમાનજનક, અશ્લીલ અને બદનક્ષીકારક'' સોશ્યલ મીડિયા પોસ્ટ્સ તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો છે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે પ્રધાન દ્વારા દાખલ કરવામાં આવેલા સિવિલ માનહાનિના કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ આરિફ ડોક્ટરની સિંગલ બેન્ચે આ નિર્દેશ આપ્યો હતો. આ કેસમાં એઆઈ જનરેટેડ 'ડીપફેક' વીડિયો અને ચેડાં કરેલી ડિજિટલ પોસ્ટ્સને પડકારવામાં આવી હતી, જેમાં ગડકરી અને તેમના પરિવારે કેન્દ્રની ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલ (ઈ૨૦) પહેલમાંથી ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવ્યો હોવાના ખોટા આક્ષેપો કરવામાં આવ્યા હતા.

બેન્ચે મેટા, એક્સ કોર્પ અને ગૂગલ એલએલસીને નિર્દેશ આપ્યો કે તેઓ તાત્કાલિક ધોરણે આ પોસ્ટ્સ દૂર કરવામાં આવે તે સુનિશ્ચિત કરે. ન્યાયમૂર્તિ ડોક્ટરે આ ઓનલાઇન પ્લેટફૉર્મ્સને એવો પ્રશ્ન પણ કર્યો કે, શું તેમની પાસે એવી કોઈ વ્યવસ્થા છે જેના દ્વારા વ્યક્તિએ કોર્ટનો સંપર્ક કર્યા વિના જ આવી પોસ્ટ્સ હટાવી શકાય? હાઈ કોર્ટે કહ્યું કે પ્લેટફૉર્મ્સે આવી પોસ્ટ્સ સ્વેચ્છાએ દૂર કરવી જોઈએ. અદાલતે વધુમાં કહ્યું કે જો ભવિષ્યમાં આવી કોઈ સમાન પોસ્ટ્સ અપલોડ કરવામાં આવે, તો પ્રધાન સંબંધિત ઓનલાઇન પ્લેટફૉર્મ્સનો સંપર્ક કરી શકે છે અને તે પ્લેટફૉર્મ્સે તેના પર કાર્યવાહી કરવાની રહેશે.

બેન્ચ આ મામલે ચાર અઠવાડિયા પછી વધુ સુનાવણી હાથ ધરશે; ત્યાં સુધીમાં પ્રતિવાદીઓએ પ્રધાનની અરજીના જવાબમાં તેમના સોગંદનામા દાખલ કરવાના રહેશે.

# યુવકને હની-ટ્રેપમાં ફસાવીને નાણાં વસૂલવાનો પ્રયાસઃ ચાર મહિલા સહિત પાંચ જણ પકડાયાં

નાંદેડ: નાંદેડ જિલ્લામાં યુવકને હની-ટ્રેપમાં ફસાવીને નાણાં વસૂલવાનો પ્રયાસ કરવા બદલ ચાર મહિલા સહિત પાંચ જણની ધરપકડ કરવામાં આવી હતી.

મહિલાએ ૩૧ જુલાઇએ ડ્રાઇવરની જરૂર હોવાનું કહી યુવકને બેલાનગર ખાતે બોલાવ્યો હતો. યુવક ત્યાં આવ્યા બાદ તેને એક ઘરમાં લઇ જવાયો હતો, જ્યાં આરોપીએ તેના આપત્તિજનક સ્થિતિમાં ફોટા પાડ્યા હતા અને વીડિયો ઉતાર્યા હતા.

બાદમાં ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વહેતા કરવાની ધમકી આપી એક લાખ રૂપિયાની માગણી તેમણે માગણી કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

આરોપીએ યુવકની ૧.૨ લાખ રૂપિયાની સોનાની વીંટી લૂંટી લીધી હતી અને તેને ધમકાવ્યા બાદ આરોપી ત્યાંથી ફરાર થઇ ગયા હતા, એમ ભાગ્યનગર પોલીસે કહ્યું હતું.

યુવકે ત્યાર બાદ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને તમામ હકીકત જણાવ્યા બાદ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી અને ગણતરીના કલાકો બાદ આરોપીઓને પકડી પાડ્યાં હતાં. આરોપીઓ પાસેથી સ્કૂટર, રિક્ષા ઉપરાંત ચાર મોબાઇલ જપ્ત કરાયા હતા, જેનો ઉપયોગ તેમણે ગુનો આચરવા માટે કર્યો હતો. એ સિવાય તેમણે યુવકની લૂંટેલી સોનાની વીંટી પણ જપ્ત કરાઇ હતી. આરોપીઓ આવા અન્ય ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# પોલીસની પરવાનગી વિના મોરચો કાઢ્યોઃ આરપીઆઈ (એ)ના કાર્યકરો વિરુદ્ધ ગુનો

મુંબઈ: જમીન પચાવી પાડવાના એક કેસમાં પક્ષના પદાધિકારી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યા પછી આરપીઆઈ (એ)ના કાર્યકરોએ અંધેરી વિસ્તારમાં મોરચો કાઢ્યો હતો. પોલીસ પરવાનગી વિના આ મોરચો કાઢવામાં આવ્યો હોવાથી ૫૦થી વધુ કાર્યકર વિરુદ્ધ બુધવારે ગુનો નોંધવામાં આવ્યો હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે પક્ષના પદાધિકારી અને એક એનજીઓ ચલાવતા સંજય ખંડાગળે સામે એફઆઈઆર નોંધ્યો હતો. આ કાર્યવાહીના વિરોધમાં આરપીઆઈ (એ)ના કાર્યકરો મંગળવારે ડીસીપી ઑફિસ ખાતે મોરચો લઈ ગયા હતા. બૅનર્સ સાથે વિરોધ પ્રદર્શન કરનારાઓએ આ કેસમાં સાચી તપાસની માગણી કરી હતી.

દેખાવકારો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને મહારાષ્ટ્ર પોલીસ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે મુંબઈ પોલીસ કમિશનર દ્વારા જારી કરાયેલા પ્રતિબંધાત્મક આદેશનું ઉલ્લંઘન કર્યું હતું.

# વસઈ-નાલાસોપારા વચ્ચે ટ્રેક પર હાઈવોલ્ટેજ ડ્રામાઃ ટ્રેન સામે યુવક આવતા અફડાતફડી

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં આજે વસઈ અને નાલાસોપારા સ્ટેશન વચ્ચે એક મોટી દુર્ઘટના ટળી હતી. વસઈ અને નાલાસોપારા સ્ટેશન વચ્ચે પૂરપાટ ઝડપે આગળ વધી રહી હતી, ત્યારે એક યુવક અચાનક રેલવે ટ્રેક પર આવીને ઊભો રહી ગયો હતો અને ટ્રેનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, એ જ વખતે મોટરમેને લોકલ ટ્રેનને કંટ્રોલ કરવાનો પ્રયાસ કરીને રોકી હતી, પરંતુ જો રોકવામાં નિષ્ફળ રહ્યો હોત તો એ યુવકે જીવ ગુમાવ્યો હોત. સોશ્યલ મીડિયા પર વીડિયો વાઈરલ થતા યુવકના દુસાહસને વખોડી નાખ્યું હતું અને આ પ્રકારની હરકત નહીં કરવા અનુરોધ કર્યો હતો. વાઈરલ વીડિયોમાં રેલવે ટ્રેક પર વ્યક્તિને જોઈ મોટરમેને સમયસૂચકતા દાખવી તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી દીધી. ટ્રેન સમયસર થંભી જતાં જાનહાનિ ટળી ગઈ હતી. જોકે, લોકલ ટ્રેન અટકતાની સાથે જ એક યુવક તરત ટ્રેક પર ધસી જઈને એ માનસિક અસ્થિર યુવકને ખેંચીને સુરક્ષિત સ્થળે લઈ આવ્યો. ત્યાર બાદ રેલવે સુરક્ષા દળ (આરપીએફ) અને સરકારી રેલવે પોલીસ (જીઆરપી)ના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી તેને કસ્ટડીમાં લીધો હતો.

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં ઝડપથી વાઈરલ થયો છે. વીડિયોમાં ટ્રેક પર ઊભેલા યુવકને જોઈ અચાનક અટકતી ટ્રેન અને ત્યાર બાદ પ્રવાસી દ્વારા તેને બચાવવામાં આવ્યો હોવાનો આખો ઘટનાક્રમ સ્પષ્ટ જોવા મળે છે. આ બનાવને કારણે ઉપનગરી લોકલ સેવામાં થોડા સમય માટે વિક્ષેપ પણ સર્જાયો હતો.અને ટ્રેનો મોડી દોડી હતી.

રેલવે પ્રશાસને આ ઘટનાને અત્યંત ગંભીર ગણાવી નાગરિકોને રેલવે ટ્રેક પર કોઈપણ સંજોગોમાં પ્રવેશ ન કરવા અપીલ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે આવી એક બેદરકારી માત્ર પોતાનો જ નહીં, પરંતુ હજારો મુસાફરોના જીવને જોખમમાં મૂકી શકે છે અને સમગ્ર રેલવેની વ્યવસ્થાને અસર પહોંચાડી શકે છે.

# ચૂંટાયેલા પ્રતિનિધિઓ સેવક છે, આપખુદ નેતા તરીકે ન વર્તવું: શિંદે

થાણેઃ ચૂંટાયેલા અધિકારીઓએ આપખુદશાહી નેતાઓની જેમ નહીં, પણ નમ્ર જાહેર સેવક તરીકે કામ કરવું જોઈએ, એમ મંગળવારે ભારપૂર્વક જણાવી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનના શિવસેનાના પ્રતિનિધિઓને જાહેર સેવા અને પાયાના નેતૃત્વને પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું.

ભૂતપૂર્વ સંસદ સભ્ય આનંદ પરાંજપેના ઉપક્રમે રામભાઉ મ્હાળગી પ્રબોધિની દ્વારા આયોજિત એક વિશેષ ટ્રેઈનિંગ વર્કશોપમાં બોલતા, શિંદેએ પાયાના કાર્યકરથી મુખ્ય પ્રધાન સુધીની સફરની વાત કરી હતી. શિંદેએ પ્રતિનિધિઓને જનતાના સંપર્કમાં રહી, નાગરિકોના ફોનનો જવાબ આપવા અને સ્થાનિક ફરિયાદોનો તાત્કાલિક ઉકેલ લાવવાની યાદ અપાવતા જણાવ્યું હતું કે 'મારા માટે મુખ્ય પ્રધાનનો અર્થ 'મુખ્ય સેવક' થાય છે. પદ કામચલાઉ છે, પરંતુ સમર્પિત પક્ષ કાર્યકર બનવું એ જીવનભરની ઓળખ છે.'

શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરે નાગરિક અને પર્યાવરણીય મુદ્દાઓ પર ઝીણવટથી નજર રાખતા હતા તે યાદ કરી તેમણે એ વાત ભાર મૂક્યો કે વિકાસ પ્રોજેક્ટ્સમાં બિનજરૂરી વૃક્ષની છટણી ટાળવી જોઈએ અને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે મોટા પાયે વૃક્ષારોપણ ઝુંબેશનો સમાવેશ કરવો જોઈએ.(પીટીઆઈ)

# નાગપુરમાં સગીરાને બંધક બનાવીને વારંવાર દુષ્કર્મ આચર્યુંઃ ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડની ધરપકડ

નાગપુરઃ ઇન્સ્ટાગ્રામ પર મિત્ર બનેલા થાણેના યુવકે ૧૬ વર્ષની સગીરાને ભાડાના ઘરમાં બંધક બનાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની હિચકારી ઘટના નાગપુરમાં સામે આવી હતી. પોલીસ ટીમ ઘરનો દરવાજો તોડી અંદર પ્રવેશી ત્યારે સગીરાના હાથ-પગ બંધાયેલા હતા અને તેના શરીર પર ઇજાના અનેક નિશાન હતા. હુડકેશ્વર પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને નિર્ભય પાખરે નામના યુવકની ધરપકડ કરી હતી. નાગપુરમાં રહેતી પીડિતા ૨ ઑગસ્ટે ગુમ થઇ હતી. પરિવારજનોએ શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો ન લાગતાં આખરે હુડકેશ્વર પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ પીડિતાનું લૉકેશન ટ્રેસ કર્યું હતું અને બાદમાં તેનો છુટકારો કરાવવામાં આવ્યો હતો. પીડિતાને જે વિસ્તારમાં ભાડાના જે ઘરમાં બંધક બનાવવામાં આવી હતી, ત્યાં પોલીસ પહોંચી હતી. પોલીસે દરવાજો તોડીને ઘરમાં પ્રવેશી ત્યારે પીડિતા બેડ પર પડેલી હતી અને તેના હાથ-પગ બાંધેલા હતા. આરોપી નજીકમાં ઊભો હતો અને તેના હાથમાં પટ્ટો હતો, જ્યારે બેડ નજીકથી ચાકુ મળી આવ્યું હતું. પીડિતાના શરીર પર ઇજાના અનેક નિશાન હતા. પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો હતો અને પીડિતાને બાદમાં બાદમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી નિર્ભયે ગયા વર્ષે ફૅક ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવ્યું હતું અને પોતાની ઓળખ આકાશ મેહરા તરીકે આપી હતી. તેણે ઇન્સ્ટાગ્રામ પર પીડિતા સાથે મિત્રતા કરી હતી અને બંને બાદમાં ચેટિંગ કરવા લાગ્યાં હતાં. પીડિતાએ પોતાના અંગત ફોટા આરોપીને શૅર કર્યા હતા. આરોપી બાદમાં પીડિતાના અંગત ફોટા ઓનલાઇન સર્ક્યુલેટ કરવાની ધમકી આપી તેને બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો. આથી ગભરાઇને પીડિતા તેને મળવાનું ચાલુ રાખ્યું હતું. તેણે પીડિતા સાથે હૉટેલમાં દુષ્કર્મ આચર્યું હતું અને બાદમાં આરોપી જ્યારે પણ નાગપુર આવતો હતો ત્યારે તેને દિઘોરી ખાતે ભાડાના ઘરમાં બોલાવતો હતો.

આરોપી નિર્ભય વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોકસો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આરોપીને બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. (પીટીઆઇ)

# મુંબઈ યુથ કૉંગ્રેસે કથિત નીટ પેપર લીકને લઈને વિરોધ પ્રદર્શનો કર્યાં

મુંબઈઃ યુથ કૉંગ્રેસની મુંબઈ શાખાએ બુધવારે વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શનો યોજ્યાં હતાં. તેમણે કેન્દ્ર સરકાર પર આરોપ મૂક્યો હતો કે, કથિત નીટ પેપર લીક માટે જવાબદાર દોષિતો સામે કડક કાર્યવાહી કરવાને બદલે સરકાર ગયા મહિને જંતર-મંતર ખાતેના આંદોલનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને નિશાન બનાવી રહી છે. કાર્યકરોએ બાંદ્રા અને બોરીવલી વિસ્તારોમાં બેનરો સાથે આંદોલન કર્યું હતું. કૉંગ્રેસની યુવા પાંખ દ્વારા જારી કરાયેલાં નિવેદન અનુસાર, યુથ કૉંગ્રેસે આક્ષેપ કર્યો છે કે નીટ પેપર લીક સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ, પેલેટ ગનનો મારો અને ફોજદારી કેસો લાદવામાં આવ્યા હતા, તેમજ મહિલા વિરોધકર્તાઓ સાથે ગેરવર્તણૂક કરવામાં આવી હતી. મુંબઈ યુથ કૉંગ્રેસે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના રાજીનામા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિદ્યાર્થીઓની માફી માંગવાની પણ માગણી કરી હતી. મુંબઈ યુથ કૉંગ્રેસના પ્રમુખ ઝીનત શબરીને આ વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કર્યું હતું. શબરીને કહ્યું કે પેપર લીક થવાને કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે. પદાધિકારીઓ અજયકુમાર મિશ્રા, નિખિલ રૂપારેલ અને અન્ય ઘણા કાર્યકરોએ આ વિરોધ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો.

# ફિંગરપ્રિન્ટ મૅચ થતાં રીઢો ચોર બાન્દ્રાથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુર્લામાં બંધ ફ્લૅટનું લૉક તોડી સોનાના દાગીના અને રોકડ ચોરનારો આરોપી ઘટનાસ્થળેથી મળેલા તેના ફિંગરપ્રિન્ટને કારણે બાન્દ્રામાં પકડાઈ ગયો હતો. વિનોબા ભાવે નગર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અરબાઝઅલી મોસિનઅલી મલિક (૩૦) તરીકે થઈ હતી.

રેકોર્ડ પરના આરોપી મલિક વિરુદ્ધ ચોરીના ચાર ગુના નોંધાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. પોલીસ ફરિયાદ અનુસાર કુર્લામાં એચડીઆઈએલ કોલોનીની બિલ્ડિંગ નંબર-૨૦માં રહેતા અને કપડાં વેચવાનો વ્યવસાય ધરાવતા અનિસ હાશમી (૪૫)ના ફ્લૅટમાં ચોરી થઈ હતી. હાશમી ફ્લૅટને લૉક કરી ૧૬ જુલાઈએ કામ નિમિત્તે બહાર ગયો હતો. પછી ૧૮ જુલાઈની સવારે પડોશીનો કૉલ આવ્યો હતો કે તેના ફ્લૅટનો દરવાજો ખુલ્લો છે. હાશમીના કહેવા મુજબ દરવાજાનું તાળું અને લૉક તોડી અજાણ્યો ચોર ફ્લૅટમાં ઘૂસ્યો હતો. હૉલમાંના લોખંડના કબાટમાંની તિજોરી ખોલી આરોપીએ સોનાના દાગીના અને રોકડ મળી ૪.૫૦ લાખની મતા ચોરી હતી. આ પ્રકરણે વિનોબા ભાવે નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફોરેન્સિક નિષ્ણાતોએ ઘટનાસ્થળેથી ફિંગરપ્રિન્ટ લીધા હતા.

## હિન્દુ મરણ

અનિલાબેન વિરેન્દ્ર મરચંટ (ઉં.વ. ૮૬) તા. ૩-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે અલ્પાબેન, રીમાબેનના માતા. શ્યામ પારેખ, નયન મારફતિયાના સાસુ. વરુણ-મનાલી, મિલોનીના નાની.

**પરજીયા સોની**

મૂળગામ કણકોટવાળા હાલ કાંદિવલી સ્વ. વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ જિણાદ્રાના ધર્મપત્ની કમળાબેન (ઉં.વ. ૯૨) તા. ૩-૮-૨૬, સોમવારે ગૌલોકવાસી થયેલ છે. તે ખાંભાવાળા જમનાદાસ દેવદાનભાઈ ધકાણના દીકરી. જયસુખભાઈ, દિલીપભાઈ, પંકજભાઈના માતુશ્રી. સ્વ. પ્રવિણાબેન નરેન્દ્રકુમાર ઘઘડા, કિરણબેન સુરેશકુમાર ધકાણ, રેખાબેન કમલેશકુમાર પટ્ટ, નીતાબેન તનસુખકુમાર સાગરના માતુશ્રી. જયશ્રીબેન જયસુખભાઈ, જયશ્રીબેન દિલીપભાઈ, સોનાબેન પંકજભાઈના સાસુ. મિલન, ચિંતન, નેહલ, મિતલ, માનસી, મહેકના દાદી. પ્રાર્થનાસભા તા. ૬-૮-૨૬, ગુરુવારે સવારે ૧૦ થી ૧૨. સ્થળ: સોની વાડી, શિમ્પોલી રોડ, બોરીવલી.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મૂળ જૂનાગઢવાસી હાલ વિલેપાર્લા સ્વ. ડો. શિરિષકુમાર નરભેરામ પરીખ તથા સ્વ. સોહિણી શિરિષકુમાર પરીખના પુત્રી વૈશાલી પરીખ (ઉં.વ. ૬૨) તા. ૧-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સૌ. અનુરાધા મનોજભાઈ દોશી, સૌ. નમિતા ઉદયભાઈ મહેતા, શ્રીકાંત શિરિષ પરીખના બહેન. સૌ. જીગીષા શ્રીકાંત પરીખના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુથાર**

ગઢડા નિવાસી હાલ મસ્જિદ બંદર (વડગાદી) સુર્યકાન્ત શાંતિલાલ મકાણીના ધર્મપત્ની સ્વ. સનીતાબેન સુર્યકાન્ત મકાણી (ઉં.વ. ૭૧) તા. ૪-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રભાબેન ગોવિંદભાઈ ગોહિલના દીકરી. જીજ્ઞા, ચેતના, હિમાંશુ, પ્રશાંત, પીનાના મમ્મી. નીતા, રીનાના સાસુ. અરૂણાબેન મોહનભાઈના દેરાણી. ગીતાબેન વિજયભાઈ, ચારૂબેન નરેન્દ્રભાઈના જેઠાણી. પ્રાર્થનાસભા તા. ૬-૮-૨૬ના બપોરે ૪ થી ૬. (બન્ને પક્ષની). (લૌકિક વ્યવહાર બંધ છે). શ્રી કચ્છી વીશા ઓસવાલ દેરાસર વાસી જૈન મહાજન, ૨૨૬-૨૩૨ નરશીનાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ભાવનગર નિવાસી હાલ વિરાર સ્વ. મંગળાગૌરી જેઠાલાલ અજમેરાના પુત્ર વિનોદરાય (ઉં.વ. ૭૩) પુના મુકામે તા. ૪-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે શોભનાબેનના પતિ. અમિતભાઈ, દર્શનાબેનના પિતા. રિદ્ધી, પારસકુમારના સાસરા. પ્રવિણભાઈ, સ્વ. રજનીકાંતભાઈ, સ્વ. જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર દાણીના ભાઈ. ધોરાજી નિવાસી સ્વ. ઈશ્વરલાલ જયંતીલાલભાઈ કામદારના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૬, શુક્રવારના સવારે ૧૦ થી ૧૨ શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, સર્વોદય હોલ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

મુંબઈ નિવાસી હાલ વસઈ હીતેશ ભાનુલાલ શેઠના ધર્મપત્ની જયશ્રી (ઉં.વ. ૬૧) તા. ૩-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષ, અપૂર્વા, અવનીના મમ્મી. તરલા પ્રમોદકુમાર ગગલાણી, હંસા હસમુખકુમાર ધ્રુવ, ભાવના મહેન્દ્રકુમાર તારાપરા, દિપક ભાનુલાલ શેઠના ભાભી. વૈશાલી દીપક શેઠના જેઠાણી. વિનીત, યશવીના ભાભુ. મલાડ નિવાસી સ્વ. લાભુબેન અમૃતલાલ ગાંધીના દિકરી. નરેન્દ્રભાઈ, રમેશભાઈ, અશોકભાઈ, સ્વ. દિનેશભાઈ ગાંધીના બેન. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

જયંતિલાલ વિઠ્ઠલદાસ ઉપાધ્યાય (ઉં.વ. ૮૭) ગામ મોઠા હાલ કાંદિવલી, તા. ૩-૮-૨૬ સોમવારના કૈલાસવાસી થયા છે. તે ગં.સ્વ. તરવેણીબેન વિઠ્ઠલદાસ ઉપાધ્યાયના પુત્ર. સ્વ. અનસૂયાના પતિ. ચી. ભાવેશ, નિમેષ અને સ્વ. કુંતલના પિતા. સ્વ. પાર્વતીબેન ગૌરીશંકર પટેલ/જોશીના જમાઈ. સ્વ. શાંતાબેન અ.સૌ. જયાબેન કાંતિલાલ ઓઝા તથા મુક્તાબેન હરિહર ઓઝાના ભાઈ. સ્વ. દયારામ હરજી ઓઝા કથીવદરના ભાણેજ. તેમની પુણ્યસ્મૃતિ સભા તા. ૬-૮-૨૬ ગુરુવારના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. સ્થળ: લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**શ્રીમાળી સોની**

મૂળગામ કોલકી નિવાસી હાલ બોરીવલી, ગો.વા. હરીશભાઈ બાબુલાલ માંડલીયા (ઉં.વ. ૭૨) તા. ૨-૮-૨૬ના ગૌલોકવાસી થયેલ છે. ગો.વા. બાબુલાલ મનજીભાઈ માંડલીયાના સુપુત્ર. વીણાબેનના પતિ. જતીનભાઈ, પ્રિયાબેનના પિતા. ધરાબેનના સસરા. સાસરાપક્ષે સ્વ. ધીરજલાલ ફીચડિયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

ગં.સ્વ. ભાનુબેન જયસિંહ(પ્રતાપ) ભાટિયા (ઉં.વ. ૯૫) તે સ્વ. મોતીબાઇ તથા દ્વારકાદાસ જમનાદાસના પુત્રવધૂ. સ્વ. નિર્મળાબાઈ તથા સ્વ. નારણદાસ તુલસીદાસ ખીમજીના સુપુત્રી. સ્વ. વિરેન, રશ્મિ(રમુ) અને ભારતીના બેન. નિખિલ તથા તુષારના માતુશ્રી. સૌ. આરતીના સાસુ. માલવિકા અને કુણાલના દાદી મુંબઈ મુકામે તા. ૪-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૭-૮-૨૬ સમય સાંજે ૫:૩૦ થી ૭:૩૦. સ્થળ: હોલ ઓફ કલ્ચર, નેહરુ સેન્ટર, વરલી.

**નાઘેર દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ઉના નિવાસી હાલ તિલકનગર, ચેમ્બુર, મુંબઈ, સ્વ. કિરણ શરદચંદ્ર શેઠ તથા રશ્મી કિરણ શેઠના સુપુત્ર દર્શન શેઠ (ઉં.વ. ૩૭) સોમવાર, તા. ૩-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે મલ્હાર શેઠના પિતા. કાર્તિક શેઠના ભાઈ. રજનીશ શેઠના ભત્રીજા. ચેતન ઇન્દ્રવદન જુઠાણી અને રૂપા હેમંત ચૌહાણના ભાણેજ. શિવાની કાર્તિક શેઠના દિયર. ખુશી કાર્તિક શેઠના કાકા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૮-૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળ: શ્રી સ્વામિનારાયણ મંદિર હોલ, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર પૂર્વ.

ાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ લખપત હાલ કલ્યાણ, વિજયાબેન (ઉં.વ. ૭૭) તા. ૪/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નરેન્દ્રભાઈ નારાયણજી ડૈયાના ધર્મપત્ની. કાનજી કરસનદાસ ચંદન નાસિક વાળાની સુપુત્રી. કમલેશ અને મનીષના માતૃશ્રી. મમતાબેન તથા નેહાબેનના સાસુ. ખુશ્બુ અને સલોનીના દાદી. અંકિત મસરાણીના દાદીસાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ આમારાવાળા હાલે ડોમ્બિવલી, ગં.સ્વ. ધનલક્ષ્મીબેન નવીનચંદ્ર કોરજી આઇયાની પૌત્રી, અં.સૌ. મિત્તલ આશિષ આઇયાની પુત્રી નિત્યા (ઉં.વ. ૪) તા. ૪/૮/૨૬ મંગળવારના અક્ષરધામ પામેલ છે. તે ડિમ્પલ મનીશ, અવની સતીશના પૌત્રી. અ.સૌ. નિર્મળાબેન અમૃતલાલ જોબનપુત્રા ગામ કચ્છ વડાલા હાલે ડોમ્બિવલીની દોઈત્રી. અ.સૌ. જાસ્મીના રોહન ગેલાણીની ભાણેજી. યોગ, દુર્વા, ક્રિપા અને નિષ્ઠાની બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**લેઉવા પટેલ**

મૂળ વતન મોવિયા હાલ દહિસર, શાંતાબહેન ડાયાભાઈ ખૂંટ (ઉં.વ. ૯૫) મંગળવાર, તા. ૪-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે રત્નાભાઈના દીકરી. દામજીભાઈ, અમૃતભાઈ, ચંદુભાઈ અને હંસાબેનના માતા. કંચનબેન, રસીલાબેન, ઉર્મિલાબેન, જયંતિભાઈના સાસુ. પ્રાર્થનાસભા ગુરુવાર, ૬-૮-૨૬ના સાંજે ૫ થી ૭. શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, બીજો માળ, અશોક વન, હનુમાન ટેકરી, દહિસર ઈસ્ટ.

**ઘોઘારી દશાશ્રીમાળી**

મહુવા નિવાસી, હાલ, દહિસર, સ્વ. હરિલાલ જમનાદાસ શેઠના દીકરા પ્રમોદભાઈ (ઉં.વ. ૮૨) તા. ૪/૮/૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રેમીલાબેન શેઠના પતિ. નયન તથા જિગ્ના, સ્વ. મેહુલ શેઠના પિતા. સોનીબેન મેહુલ શેઠના સસરા. હસમુખરાય, સ્વ. હર્ષદભાઈ, વસુમતીબેન નટવરલાલ, સ્વ. દીનબાળાબેન ચંદુલાલ, દક્ષાબેન રમેશચંદ્ર, સ્વ. નયના ભરતકુમારના ભાઈ. અર્જુન મણિલાલ બાવળીયાના બનેવી. સાડી તથા લૌકિક પ્રથા બંધ છે. નિવાસ સ્થળ: રૂમ નં. એ-૧, ડીસિલ્વા વાડી, કોલી હાઉસ, નિયર જેબીસીએન સ્કૂલ, દ્વારકેશ ધામ બિલ્ડિંગ સામે, નવાગાંવ, દહિસર વેસ્ટ.

**મેવાડા વણિક**

દશા મેવાડા મહેમદાવાદ નિવાસી હાલ મુંબઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ રસિકલાલ પરીખના પત્ની સ્વ. જયશ્રી (ઉં.વ. ૭૮) તે સ્વ. વિમળાબેન રસિકલાલ પરીખના પુત્રવધૂ. સ્વ. હંસાબેન જશવંતલાલ જડીયાના સુપુત્રી. સ્વ. રજનીકાન્તભાઈ, રાજેન્દ્રભાઈ, નલિનીબેન, હંસાબેન, સ્વ. ભારતીબેનના ભાભી. જ્યોત્સનાબેન તથા સૂર્યપ્રભાબેનના જેઠાણી. હેમલ ભામિની કોમલના માતુશ્રી. હરેન વિનય શાહજીના સાસુ. તા. ૪/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૭/૮/૨૬ના સાંજે ૫ થી ૭. સરનામું: વનિતા વિશ્રામ ,૩૯૨, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મું.-૪

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ ગાંઠીયોલ હાલ મીરા રોડ, અ.સૌ. જસ્મિના તરુણ મહેતા (ઉં.વ. ૬૧) તા. ૩/૮/૨૬ને સોમવારે દેવલોક પામ્યા છે. તે તરુણ મહેતાના ધર્મપત્ની. ગં.સ્વ. મધુકાંતા ભવાની શંકર મહેતાના પુત્રવધૂ. ખેડ નિવાસી રંજનબેન મુરલીધર વ્યાસના સુપુત્રી. ખ્યાતિ તથા ક્ષિતિજના માતુશ્રી. કશ્યપકુમાર તથા રિદ્ધિના સાસુ. પ્રાર્થનાસભા તા. ૬/૮/૨૬ના સાંજે ૪.૩૦ થી ૬.૩૦. સ્થળ: બાપા સીતારામ મંદિર મઢુલી, અયપ્પા મંદિર પાસે, પૂનમ સાગર, મીરાં રોડ. પિયરપક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાતી વિશા મોઢ અડાલજા વણિક**

અંધેરી નિવાસી ડો. નલિની ચીમનલાલ શાહ (ઉં. વ. ૮૨) મંગળવાર, ૪-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ તથા સ્વ. શ્રીમતી બાલાગૌરી ચીમનલાલ શાહના પુત્રી. તે સતીશ, સ્વ. અજીત, મહેશ, સ્વ. હિમાંશુ, તરુણ, સ્વ. ઉષાબેન, હંસાબેન, મીના, મીતાના બહેન. તે અસ્મિતા, દીપિકા, સ્વ. સોનલ, નયના, પારુલનાં નણંદ. પ્રાર્થનાસભા ગુરુવાર, ૬-૮-૨૬નાં ૫ થી ૭. સ્થળ: વિલેપાર્લે મેડીકલ કલબ, આઈએમએની બાજુમાં, સંત જ્ઞાનેશ્વર રોડ, જે. પી. ડી. સ્કીમ, જુહુ, મુંબઈ.

# હત્યાના આરોપીઓને પોલીસ વાહન સાથે બાંધી પરેડ કરાવવી જંગલરાજ કહેવાય

પુણેઃ હત્યાના ત્રણ આરોપીઓને પોલીસ વાહનના બોનેટ સાથે બાંધીને પુણેના કેટલાક ભાગોમાં પરેડ કરાવવામાં આવી હતી એ ઘટનાની જાતે નોંધ લઈ મહારાષ્ટ્ર રાજ્ય માનવ અધિકાર પંચે રાજ્ય સરકાર અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓને નોટિસ ફટકારી છે. આ ઘટનાને નિષ્ઠુર ગણાવી પરિસ્થિતિને જંગલ રાજ સાથે સરખાવી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે તાજેતરમાં બનેલી ઘટના શકમંદ વ્યક્તિના અપરાધ નક્કી કરતા પહેલા જાહેરમાં અપમાનિત કરવા બરાબર છે અને બંધારણીય રક્ષણનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. માનવ અધિકાર પંચે એમ પણ કહ્યું હતું કે પુણે પોલીસ કમિશનર અને ડેપ્યુટી પોલીસ કમિશનરના વર્તનથી માનવાધિકાર ઉલ્લંઘન અટકાવવામાં કથિત બેદરકારી અથવા કાર્યવાહી કરવામાં નિષ્ફળતા દ્વારા ઉશ્કેરણી માટે તપાસ જરૂરી છે અને ઘટનાની પ્રાથમિક તથ્ય-શોધ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. કમિશનના અધ્યક્ષ જસ્ટિસ એ એમ બદરની આગેવાની હેઠળની પૂર્ણ ખંડપીઠે ત્રીજી ઓગસ્ટે આપેલા આદેશમાં પેનલે મહારાષ્ટ્રના મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક, પુણે પોલીસ કમિશનર અમિતેશ કુમાર, ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન થ્રી) મિલિંદ મોહિતે અને ભારતી વિદ્યાપીઠ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર માનસિંહ પાટીલને નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો. કમિશને જણાવ્યું હતું કે સોશ્યલ મીડિયા પર ફરતા વીડિયોમાં પ્રથમ નજરે એક નિષ્ઠુર ઘટના દેખાઈ રહી છે જેમાં ત્રણ યુવાન આરોપીઓને હત્યાના કેસમાં ધરપકડ બાદ પોલીસ વાહનના બોનેટ સાથે બાંધીને જાહેર રસ્તાઓ પર પરેડ કરાવવામાં આવી હતી.

## પારસી મરણ

પવરુચીસતી ગેવ સરકારી તે ગેવના ધન્યાની. તે મરહુમો કુમી ફકીરજી દરઈવરના દીકરી. તે ફરહા ને હુવરસતના માતાજી. તે ખુશનુમા ને હોશેદરના સાસુજી. તે અદી, મની ને મરહુમ ફ્રેનીના બહેન. તે દારાયુશના મમઈજી. તે કેયનાઝ, ફિરદોશ, આઝમીન, કેશમીરાના માસી. (ઉં. વ. ૭૦) ઠે. ૧૬૦૧ ઓરકીદ એતરીયમ, માહિમ (પ.), મુંબઈ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા તા. ૬-૮-૨૬ ને દીને બપોરે ૩-૪૫ વાગે હોડીવાલા બંગલીમાં છે.

યાસમીન દાલી ઉનવાલા તે દાલીના ધન્યાની. તે મરહુમો દોલી ફલી ડ્રાઈવરના દીકરી. તે જાલ ટનાઝના માતાજી. તે આંકકશા ને વિવેકના સાસુજી. તે ફીયાના બપઈજી. તે કાઈરાના મમઈજી. (ઉં. વ. ૬૯) ઠે. ઝવેરી બિલ્ડીંગ, ત્રીજે માળે, રૂમ નં. ૩૦૨, ગ્રાન્ટ રોડ, મૌલાના શૌકતઅલી રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૮-૨૦૨૬ ને બપોરે ૩-૪૫ વાગે કામા બાગ અગિયારીમાં.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ સાયન સતીષભાઈ હરજીવનદાસ શાહ (ઉં.વ. ૮૦) મંગળવાર, તા. ૪-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જયોત્સનાબેનના પતિ. અંજનાબેન - અપૂર્વકુમાર, તેજસભાઈ - શ્વેતલબેનના પિતાશ્રી. અરવિંદભાઈ-કનકબેન, ભારતીબેન-રમેશકુમાર, ચારૂબેન-દિલીપકુમારના ભાઈ. ક્રીષા, રીશીત, આલય, આલાપ-પ્રેક્ષાના દાદા. સ્વ. ગુણવંતીબેન મોહનલાલ કરશનજી મહેતા (મચ્છુકાંઠાવાળા)ના જમાઈ સાયન મુકામે અવસાન પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જામકંડોરણા નિવાસી, હાલ મીરા રોડ ગં.સ્વ. મંજુલાબેન જયસુખલાલ દેસાઈ (ઉં.વ. ૯૫) તે સ્વ. જયસુખલાલ ભોવાનભાઈ દેસાઈના ધર્મપત્ની. જયપ્રકાશભાઈ, રાજેશભાઈ, શોભનાબેન, ચેતનાબેન અને કાશ્મીરાબેનના માતુશ્રી. ઈશા, બ્રીટી, કરિશ્મા, રિશિલ અને રિયાના દાદી. કવિતાબેન, ફાલ્ગુનીબેન, ધીરેન્દ્રકુમાર, પરેશકુમાર અને પીયૂષકુમારના સાસુશ્રી. પિયરપક્ષે સ્વ. જમનાદાસ કસલચંદ કોઠારી તથા સ્વ. કાંતાબેન બાટવિયા અને સ્વ. નીલમબેન શેઠના બહેન. તા. ૪-૮-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ગામ પાટણના મારફતીયા મહેતાના પાડા, નરેન્દ્રભાઈ ચીમનલાલ શાહ (ઉં.વ. ૮૨) તે સ્વ. ભગવતીબેન ચીમનલાલ શાહના સુપુત્ર. નીલાબેનના પતિ. અમિત- ધરાના પિતાશ્રી. નિમિષા અને આકાશભાઈના સસરા. ધન્વી ચિંતન મહેતા અને ક્રિતીના દાદા. સ્વ. કુસુમબેન શાંતિલાલ પોપટલાલ શાહના જમાઈ. ૪થી ઓગસ્ટના રોજ અરિહંતશરણ થયા છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા ૭મી ઓગસ્ટના રોજ શુક્રવારે ભારતીય વિદ્યા ભવન - ચોપાટી સાંજે ૪ થી ૬.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

ચોટીલા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન શાંતિલાલ શેઠના સુપુત્ર છોટાલાલ શેઠ (ઉં.વ. ૯૧) તે સ્વ. સરોજબેનના પતિ. અવનિશ (રાજુભાઈ), નીખિલભાઈ, પારૂલબેનના પિતાશ્રી. હીનાબેન, પ્રજ્ઞાબેન, અતુલકુમારના સસરા. સ્વ. ભુપતરાય, હિંમતભાઇ, સ્વ. હસુમતીબેનના ભાઈ. જોરાવરનગર નિવાસી સ્વ. કાંતિલાલ મગનલાલ દીવાનના જમાઈ તા. ૪/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહ

**સૌરાષ્ટ દશાશ્રીમાળી જૈન**

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. જયવંતરાય કિરચંદ પારેખના ધર્મપત્ની દીનાબેન (ઉં.વ. ૮૬) તા. ૩-૮-૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રેમલતાબેન કોઠારી, દિનેશભાઈના ભાભી. સ્વ. મનસુખલાલ લીલાધર કામદારના પુત્રી. અતુલ, દેવયાની, આરતીના માતુશ્રી. હેતલ, સિદ્ધાર્થ, જોની, નેહલ, પરીતા, યશના દાદી-નાની. સ્વ. સ્મિતા, જયેશભાઈ, ભરતભાઈના સાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમલનેર-મુલુંડ નિવાસી અરવિંદ ઓધવજી કામદારના ધર્મપત્ની રંજનબેન (ઉં.વ. ૭૮) તા. ૫-૮--૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઓધવજી ના. કામદાર (અમલનેર)ના જેષ્ટ પુત્રવધૂ. બાવચંદ માણેકચંદ શાહ (બોરીવલી)ના દિકરી. લૌકિક વ્યવહાર ને સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લુણીના અમૃતબેન (સુશીલા) ગાલા (ઉં.વ. ૭૬) ૪-૮નાં અવસાન પામેલ છે. ભચીબાઇ તેજશી નરશીના પુત્રવધૂ. રસીકના પત્ની. લીલબાઇ લાલજીના પુત્રી. ચંદ્રકાંત, અશોક, ઇંદીરા, ઝવેરના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચંદ્રકાંત છેડા, બ્લોક નં. ૧૦, છેડા સદન, શિવ મંદિર રોડ, ડોંબીવલી (ઇ.).

પત્રીના અ.સૌ. દિનાબેન મહેન્દ્ર ગોગરી (ઉં.વ. ૬૨) તા. ૪-૮-૨૬ના અવસાન પામ્યા છે. રતનબેન મણીલાલના પુત્રવધૂ. મહેન્દ્રના ધર્મપત્ની. નયન, જીગરના માતુશ્રી. મણીબેન મગનલાલ દેઢિયાના સુપુત્રી. મહેન્દ્ર, પ્રિતી, નીતાના બેન. પ્રાઃ શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૧.૩૦ થી ૩.૦૦).

મોટા લાયજાના શ્રીમાન જવેરીલાલ હરશી છેડા (ઉં.વ. ૮૭) તા. ૪-૮-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. ખીમઈબાઈ હરશી વેલજીના સુપુત્ર. જવેરબેનના પતિ. ભારતી, નયના, અશ્વિન, દક્ષા, રૂષભના પિતા. બાડાના બાંઈયાબાઈ હેમરાજના જમાઈ. નાનજી, ભીમશી, શીવજી, જાદવજી, કેસરબાઈના ભાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

શેરડીના રતનબેન વલ્લભજી હરિયા (ઉં.વ. ૮૨) તા. ૪-૮-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી દેવકાબેન વેરશી હિરજી હરિયાના પુત્રવધૂ. સ્વ. કલ્પા, હિતેનના માતા. ગઢશીશાના માતુશ્રી ભાણબાઇ રવજી લખમશી દેઢિયાના સુપુત્રી. દમયંતી, સુંદરજી, હેમરાજ, સાકર, હરખચંદ,હીરાલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હિતેન વલ્લભજી હરિયા, બી/૧૭, જયંત મહલ, ડી રોડ, મરીન ડ્રાઈવ, મુંબઈ ૨૦.

શેરડીના હંસાબેન વૃધ્ધિચંદ્ર પાસડ (ઉં.વ. ૭૮) તા. ૪-૮-૨૬ના અવસાન પામ્યા છે. વૃધ્ધિચંદ્ર શામજી પાસડના ધર્મપત્ની. મેઘબાઈ શામજી દેવજીના પુત્રવધૂ. કૌશીક, દર્શન, પૂજાના માતુશ્રી. નાગલપુર જમનાબેન મણીલાલ રતનશી સાવલાના સુપુત્રી. તારાચંદ, ચંદન, રાજેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વૃધ્ધિચંદ્ર પાસડઃ વલ્લભજી હીરજીની વાડી, વલ્લભબાગ લેન, ઘાટકોપર-ઈ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
■ ગુરુવાર ■ તા. ૬-૮-૨૦૨૫


# પુરુષ



## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર


કૌશિક મહેતા feedback@bombaysamachar.com

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

# સક્સેસફુલ પુરુષ એટલે કોણ?
## જે સરખું કમાઈ લાવતો હોય એ જ કે પછી...

**સમાજે** પુરુષ માટે સફળતાની એક એવી વ્યાખ્યા ઘડી કાઢી છે જે તેના બૅન્ક બૅલેન્સ, તેના ઘરના ક્ષેત્રફળ અને તેની ગાડીના મૉડેલ પરથી નક્કી થાય છે. બાળપણથી જ એક છોકરાના મનમાં એ વાત ઠસાવી દેવામાં આવે છે કે તારે ભવિષ્યમાં કમાણી કરવાનો એક મજબૂત આધાર બનવાનું છે. જો તે મહિને મંતવ્ય મુજબનો સારો પગાર મેળવે, મોંઘી ગાડી ચલાવે અને પરિવારની ભૌતિક જરૂરિયાતો પૂરી કરી શકે તો સમાજ તેના પર ‘સફળ પુરુષ'નો સિક્કો મારી દે છે.

જોકે અહીં સવાલ એ થાય છે કે શું એક પુરુષનું સમગ્ર અસ્તિત્વ માત્ર તેના કમાવાના સાધન કે આંકડાઓ સુધી જ સીમિત છે? શું જે પુરુષ માત્ર સરખું કમાઈ લાવે છે, તેને આંખ બંધ કરીને સફળ માની લેવો વ્યાજબી છે કે પછી સફળતાનો આંકડો કમાણીની સરહદો ઓળંગીને પુરુષના વ્યક્તિત્વના ઘણા ઊંડા ખૂણાઓ સુધી વિસ્તરેલો છે?



AI

જો કમાણી જ સફળતાનો આખરી માપદંડ હોત તો દિવસમાં બાર-બાર કલાક કામ કરીને થાકીને લોથપોથ થઈને ઘરે પાછા ફરતા, પણ પરિવાર સાથે બે ઘડી પ્રેમથી વાતો કરવાનો સમય કે માનસિક શાંતિ ન ધરાવતા પુરુષો સૌથી વધુ સફળ ગણાત. કમાણી ચોક્કસપણે જીવન નિર્વાહ અને સ્થિરતા માટે અનિવાર્ય છે, તેમાં કોઈ બેમત નથી. આર્થિક રીતે આત્મનિર્ભર હોવું અને પોતાના પરિવારનું ભરણપોષણ કરવું એ પુરુષની જવાબદારીનો એક મહત્ત્વનો ભાગ છે, પરંતુ જ્યારે આ કમાણી જ પુરુષની એકમાત્ર ઓળખ બની જાય છે ત્યારે પુરુષત્વનો અસલી મર્મ ક્યાંક ખોવાઈ જાય છે. કમાણી એ સફળતાનું એકમાત્ર પાસું હોઈ શકે, પણ સમગ્ર સફળતા ક્યારેય નહીં.

ખરેખર તો સફળ પુરુષ એ છે જે માનસિક અને ભાવનાત્મક રીતે પરિપક્વ છે. જે પુરુષ પોતાના ઘરમાં માત્ર પૈસા લાવવા પૂરતો મર્યાદિત નથી રહેતો, પરંતુ પોતાના પરિવારને સુરક્ષા, પ્રેમ અને સન્માનની અનુભૂતિ કરાવે છે તે સાચા અર્થમાં સફળ છે. પુરુષની સફળતા એ વાતમાં છુપાયેલી છે કે તે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાની ભાવનાત્મક સ્થિરતા કેવી રીતે જાળવી રાખે છે. તે પોતાના ગુસ્સા પર,પોતાની અહમ્-વૃત્તિ પર અને પોતાની નબળાઈઓ પર કેટલો વિજય મેળવે છે તે તેની ખરી કસોટી છે. એક સફળ પુરુષ એ નથી જે ઘરમાં હુકમ ચલાવે કે પોતાની આર્થિક શક્તિનો રોફ જમાવે, પરંતુ એ છે જે પોતાના પરિવારના સભ્યોનાં સપનાંઓને પાંખો આપે છે અને તેમની પડખે ઢાલ બનીને ઊભો રહે છે.

આજના આધુનિક સમયમાં પુરુષ માટે સફળતાની વ્યાખ્યામાં સંવેદનશીલતાનો ઉમેરો થવો ખૂબ જરૂરી બન્યો છે. પરંપરાગત રીતે પુરુષને એવું શીખવવામાં આવ્યું છે કે રડવું કે પોતાની નબળાઈ દર્શાવવી એ નપુંસકતા કે નબળાઈની નિશાની છે, પરંતુ સાચો સફળ પુરુષ એ છે જે પોતાની ભાવનાઓને સ્વીકારવાની હિંમત ધરાવે છે. તે પોતાની પત્ની કે માતા સમક્ષ પોતાના ડર કે થાકની કબૂલાત કરતાં અચકાતો નથી. તે માત્ર આર્થિક પુરવઠો પૂરો પાડનાર ‘પ્રોવાઇડર' નથી બનતો, પરંતુ એક ઉત્તમ શ્રોતા અને સંવેદનશીલ સાથી બને છે. પોતાના બાળકના ઉછેરમાં માત્ર પૈસા ખર્ચવાને બદલે પોતાનો કીમતી સમય આપવો, બાળકની નાની-નાની ખુશીઓમાં સામેલ થવું અને તેને એક સારો માણસ બનાવવામાં યોગદાન આપવું એ પુરુષની સફળતાનું એક ખૂબ મોટું અને ઊંડું પરિમાણ છે.

સફળ પુરુષની વ્યાખ્યામાં તેનું પોતાના પ્રત્યેનું વલણ પણ એટલું જ મહત્ત્વનું છે. જે પુરુષ કમાણીની દોડમાં પોતાનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ખોઈ બેસે છે તે ગમે તેટલો શ્રીમંત હોય તો પણ તેને સફળ ન કહી શકાય. પોતાના શરીરનું ધ્યાન રાખવું, પોતાના મનને શાંત રાખવું, પોતાના શોખ અને રોચક વિષયો માટે સમય ફાળવવો અને જીવનમાં એક સંતુલન જાળવી રાખવું એ સાચા પુરુષાર્થનું લક્ષણ છે. જે પુરુષ પોતાના આત્મા સાથે સંવાદ સાધી શકે છે, જેને પોતાની ઓળખ માટે માત્ર પોતાના હોદ્દા કે પદની જરૂર નથી પડતી તે પુરુષ આંતરિક રીતે સમૃદ્ધ અને સફળ છે.

આ ઉપરાંત, સમાજ અને સંબંધો પ્રત્યેનો તેનો દૃષ્ટિકોણ પણ તેની સફળતા નક્કી કરે છે. એક સફળ પુરુષ એ છે જે સ્ત્રીના અસ્તિત્વ અને તેની સ્વતંત્રતાનું સન્માન કરે છે. તે પોતાની સફળતાથી બીજાને દબાવવાનો પ્રયાસ નથી કરતો, પરંતુ પોતાની સાથે જોડાયેલા દરેક વ્યક્તિને આગળ વધવામાં મદદરૂપ બને છે. તેની હાજરી માત્રથી આસપાસના લોકો સુરક્ષિત અને આશ્વાસન અનુભવે છે. તેની વાણીમાં વિવેક, વ્યવહારમાં નમ્રતા અને નિર્ણયોમાં તર્ક સંગતતા હોય છે. પૈસા તો કોઈ પણ ગેરમાર્ગે કે નસીબજોગ પણ કમાઈ શકે છે, પરંતુ ચારિત્ર્ય, સન્માન અને આંતરિક શાંતિ કમાવવી એ દરેકના બસની વાત નથી.

છેવટે તો સફળતા એ કોઈ અંતિમ પડાવ નથી, પરંતુ જીવન જીવવાની એક પદ્ધતિ છે. જે પુરુષે પોતાના જીવનમાં કામ, પરિવાર, સ્વાસ્થ્ય અને પોતાની આંતરિક શાંતિ વચ્ચે એક અદ્‌ભુત સંતુલન સાધી લીધું છે તે જ સાચા અર્થમાં સફળ છે. જે પુરુષ રાત્રે શાંતિથી ઊંઘી શકે છે, જેની આંખોમાં પોતાના પરિવાર માટે પ્રેમ અને સંતોષ છે અને જેના દિલમાં કોઈ અપરાધભાવ નથી તે પુરુષ દુનિયાના કોઈ પણ અબજોપતિ કરતાં વધુ સફળ છે. તેથી કમાણીના આંકડાઓથી પુરુષની સફળતા માપવાનું બંધ કરીને તેના ગુણો, તેની સંવેદનશીલતા અને તેના જીવનના સંતુલનને જોતાં શીખવું પડશે. સફળ પુરુષ એ નથી જે માત્ર ઘર ચલાવે છે, પરંતુ એ છે જે પોતાના અસ્તિત્વથી અનેક જીવનને સુંદર અને અર્થપૂર્ણ બનાવે છે. ■

# સંતાન માટે સંબંધ બાંધવાનું મુશ્કેલ કેમ?

*ડિયર હની,*

તારો અને મારો સબંધ કેવી રીતે થયો હતો, ખબર છે ને! આપણા બન્ને પરિવારને જાણતાં એક સંબંધીએ વાતચીત કરી હતી. બાદમાં તારા પપ્પા અને મારા થનાર સસરા મને મળવા ઑફિસે આવેલા. બાદમાં અમે તારે ઘેર આવ્યા અને વાત આગળ વધી. તારી મમ્મીએ મારું ઘર જોવાનો આગ્રહ રાખેલો પણ પેલા સંબંધીએ કહ્યું હતું કે કોઈ જરૂર નથી. હું પરિવારને જાણું છું. ચિંતા ના કરો. તમારી દીકરી સુખી થશે.

આખરે સગપણ થયું. જોકે આજના સમયમાં આવું બનવું મુશ્કેલ બનતું જાય છે, કારણ કે હવે છોકરા છોકરીનાં ઠેકાણાં બતાવનારાની સંખ્યા ઘટી ગઈ છે. એનાં કારણ તપાસી લેવાં જેવાં છે. થોડા દાયકાઓ પહેલાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી અને લોકો એક જ વિસ્તાર કે સમાજમાં વર્ષોથી રહેતા હતા. ત્યારે કોઈ પણ છોકરો કે છોકરી સંબંધ માટે આવે ત્યારે પડોશીઓ, દૂરના સંબંધીઓ કે ગામના આગેવાનો દ્વારા સરળતાથી સાચી માહિતી મળી જતી હતી કે પરિવાર કેવો છે અને વ્યક્તિનું ચારિત્ર્ય કેવું છે.

આજે વિભક્ત કુટુંબોનો વ્યાપ વધ્યો છે. લોકો પોતાના કામધંધા અર્થે કે નોકરી માટે પોતાના મૂળ વતનથી દૂર અન્ય શહેરોમાં સ્થાયી થયા છે. આજના એપાર્ટમેન્ટ કે સોસાયટી કલ્ચરમાં પરિસ્થિતિ એવી છે કે બાજુના ફ્લૅટમાં કોણ રહે છે તેની પણ પડોશીઓને ખબર હોતી નથી. એક કારણ એ પણ છે કે આજના સમયમાં યુવાનો અને માતા-પિતા બન્ને વ્યસ્ત જીવનશૈલી જીવે છે. કોઈની પાસે એટલો સમય નથી હોતો કે તે સંબંધ જોડતાં પહેલાં સામેવાળી વ્યક્તિના ભૂતકાળની રૂબરૂ જઈને લાંબી તપાસ કરી શકે. કદાચ આ જ કારણે મૅરેજ બ્યુરો અને મેટ્રિમોનિયલ સાઇટ્સ કે સોશ્યલ મીડિયા ઍપ્સ દ્વારા સબંધો માટે વાતચીત આગળ વધે છે.

એમાં મળતી માહિતી કેટલી સાચી છે તે ચકાસ્યા વિના અંધાધૂંધ વિશ્વાસ કરવો પરિવાર માટે જોખમી બની શકે છે. છેતરપિંડી કરનારાઓ ખોટી ડિગ્રી, મોટો પગાર કે ખોટી જીવનશૈલી દર્શાવીને સરળતાથી લોકોને ફસાવી લે છે. આવા કિસ્સાનું પ્રમાણ વધ્યું છે. પહેલાં કોઈ પણ સબંધી કે સગા કે મિત્ર ઠેકાણું બતાવતાં એ જે તે પરિવારની ગૅરેંટી પણ લેતા. આજે એ શક્ય નથી. કારણ કે ઘણા કિસ્સામાં વિપરીત બને છે. સંબંધો તૂટે છે. એટલે ઠેકાણું બતાવનારા આંગળી ચીંધી કહી દે છે, તમારી રીતે તપાસ કરી લેજો, પછી આગળ વધજો. આવાં બધાં કારણોસર મા-બાપ માટે પોતનાં સંતાન માટે નવા સંબંધ બાંધવાનું મુશ્કેલ બનતું જાય છે. એટલે જ લગ્ન પહેલાં જાસૂસ પાસે બૅકગ્રાઉન્ડ ચેકનો ટ્રેન્ડ વધતો જાય છે. ૧૦ વર્ષમાં આવા કિસ્સામાં પાંચ ગણો વધારો થયો છે. એક અહેવાલ મુજબ અગાઉ ૩૦ વર્ષ પહેલાં એજન્સી પાસે મહિનામાં ૬-૭ કેસ આવતા, જે હવે વધી દર મહિને ૨૦૦થી વધુ થયા છે.

રોજ ૫૦-૬૦ કૉલ્સ આવે છે. માત્ર અરેન્જડ મૅરેજ જ નહીં, પ્રેમ લગ્ન કરનારા પણ લગ્ન પહેલાં એકબીજાની પૃષ્ઠભૂમિ તપાસી રહ્યા છે. આ રીતે થતી તપાસમાં ૧૫થી ૨૦ દિવસ લાગે છે. પ્રી-મૅરેજ બૅકગ્રાઉન્ડ ચેકની ફી સામાન્ય રીતે અલગ-અલગ કેસમાં જુદી-જુદી હોય છે. નાનાં અને મધ્યમ શહેરોમાં ૨૦-૨૫ હજાર રૂપિયા લેવાય છે, જ્યારે મોટાં શહેરોમાં ફી વધીને ૧ લાખથી ૧.૫ લાખ રૂપિયા સુધી પહોંચે છે. જો તપાસ એકથી વધુ શહેરોમાં કે વિદેશમાં કરવાની હોય તો ફી વધી જાય... તપાસમાં જે તે વ્યક્તિના સોશ્યલ મીડિયા પ્રોફાઇલ, બૅન્ક એકાઉન્ટ સિવાય ફીલ્ડ પર જઈને તપાસ કરવામાં આવે છે.

એ વાત પણ સાચી છે કે આજકાલ છોકરા ને છોકરીના પરિવારો કેટલીક વાતો છુપાવે છે. અને એ ખબર પડે ત્યારે સબંધોમાં કડવાશ ઊભી થાય છે અને ઘણા કિસ્સામાં વાત છેક છૂટાછેડા સુધી પહોંચી જાય છે. આ જ કારણે વ્યક્તિગત સ્તરે માહિતી મેળવવી અશક્ય બને ત્યારે વ્યાવસાયિક જાસૂસી એજન્સીઓ પાસે લોકો જવા લાગ્યા છે.

એજન્સીઓ વ્યક્તિની નોકરી, આવક, બૅન્ક બૅલૅન્સ, ભૂતકાળનાં લગ્ન, ફોજદારી કેસો (જો કોઈ હોય તો) અને સામાજિક પ્રતિષ્ઠાની ગુપ્ત અને ચોક્કસ માહિતી મેળવી આપે છે. જોકે આ રીતે સંબંધો નક્કી થાય એ જરા વિચિત્ર લાગે છે, કારણ કે સબંધોમાં વિશ્વાસ એ સૌથી મહત્ત્વનું પાસું છે. વિશ્વાસ ના હોય તો સંબંધો ટકતા નથી. બીજું કે મૅરેજ બ્યુરો કે મેટ્રીમોનિયલ સાઇટ પર સાચી જ માહિતી છે એની ગૅરેંટી કોણ આપે? જાસૂસી એજન્સી પર કેટલો ભરોસો રાખવો? આ બધા પ્રશ્ન તો સામે આવે જ છે. એટલે જ પહેલાંની જે પદ્ધતિ હતી કે જાણીતા લોકો ઠેકાણાની વાત લઈને આવે ત્યારે વિશ્વાસ બેસતો. આ વિશ્વાસ હવે રહ્યો નથી. એટલે લોકો વિકલ્પો શોધે છે. પણ આ વિકલ્પો પર કેટલો વિશ્વાસ રાખવો એ પ્રશ્નનો જવાબ કોણ આપે?

જોકે આજની પેઢી વધુ નિખાલસ છે. એ સબંધોમાં એની રીતે આગળ વધવા માગતા હોય છે. એ એકબીજાને સમય આપે છે. મળે છે, વાતચીત કરે છે અને પછી આખરી નિર્ણય લે છે. આ સારી વાત છે પણ લગ્ન પછી બધું બરાબર જ રહેશે એની ગૅરેંટી તો કોણ આપી શકે?


તારો બન્ની

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# ડાન્સ એમનો શોખ છે...

આપણે ઘણીવાર વિચારીએ છે કે આજની પેઢી સ્વતંત્રતાના અંચળા હેઠળ સ્વચ્છંદ બની રહી છે. વડીલોનું ધ્યાન નથી રાખતી, વડીલોને ડસ્ટબીન માને છે. એ પેઢી અસંસ્કારી છે. હા, આવું પણ બને છે. કેટલાક યુવાનો સ્વચ્છંદી બની ગયા છે, કેટલાક વડીલોને બોજ સમજે છે. જોકે બધા એવા નથી હોતા. હજુ ક્યાંક ક્યાંક સંસ્કારની જ્યોત જલે છે.

આજે વાચકોની મુલાકાત કરાવવી છે કુસુમબહેન અને નિમેષભાઈ સાથે. કુસુમબહેન એ જમાનાનાં ગ્રેજ્યુએટ અને દરેક ઍક્ટિવિટીમાં ભાગ લેતાં એકદમ ઍક્ટિવ હસમુખ સ્વભાવના, ડાન્સ તેમનું પૅશન. કૉલેજના સમયમાં કૉલેજના વાર્ષિકોત્સવમાં કુસુમનો ડાન્સ તો હોય જ. કુસુમે ડાન્સ પર તાળીઓના ગડગડાટ અને સીટીઓની ધૂમ મચાવી. ગ્રેજ્યુએશન બાદ કુસુમનાં લગ્ન નિમેષભાઈ સાથે થયાં. નિમેષભાઈ એમ.કોમ. હતા. સારી જૉબ હતી તેમની. કુસુમને ખુશી એ વાતની હતી કે શિક્ષિત પતિ છે એટલે સ્વતંત્ર વિચારધારા ધરાવતો હશે, જેને કારણે પોતે પણ મનગમતી પ્રવૃત્તિ કરી શકશે. કુસુમ બહુ ખુશ હતી, નિમેષ પણ ખુશ હતો. લગ્નજીવનની શરૂઆત સુંદર હતી. હનીમૂન પર જઈ આવ્યા, પછી ઘરનું અને નિમેષની ઑફિસનું રૂટિન શરૂ થયું. નિમેષનાં માતાપિતા ગામમાં રહેતાં હતાં. ત્યાં તેમનું ઘર હતું, ખેતીવાડી હતી. એટલે બધું વ્યવસ્થિત થતાં ઘરનો કારભાર વહુને સોંપી તેઓ ગામ ચાલ્યાં ગયાં. ઘરમાં રહી ગયા બે - નિમેષ અને કુસુમ. નિમેષ તો ટિફિન લઈને સવારે દસ વાગ્યે ઘેરથી નીકળી જાય તે સાંજે સાત વાગ્યે પાછો ફરે. કુસુમ આખો દિવસ ઘરમાં એકલી શું કરે? એટલે એને વિચાર આવ્યો. ડાન્સિંગ કલાસ શરૂ કરું. કુસુમે નિમેષને વાત કરી. એ સાંભળીને નિમેષ ભડક્યો, ‘ડાન્સ? સારા ઘરની સ્ત્રીઓ ડાન્સ કરે? અને પાછી તું બીજી છોકરીઓને ઘરમાં બોલાવીને ડાન્સ શીખવાડે? બાપ રે, આ મારું ઘર છે, નાચનારીનો કોઠો નહીં. ડાન્સનું તો મારી સામે નામ પણ લેતી નહીં.'



નિમેષની વાત સાંભળીને કુસુમ તો અવાક્ થઈ ગઈ. એક ભણેલોગણેલો માણસ ડાન્સ જેવી કલાને હલકી ગણે છે. આવું તો એણે ધાર્યું જ ન હતું. હજુ તો તે આમ વિચારતી હતી ત્યાં નિમેષ ફરી બોલ્યો, ‘હવે ઘરમાં મને બીજીવાર ડાન્સ શબ્દ સંભળાવો ન જોઈએ.' કુસુમે ચુપ્પી સાધી લીધી. એ દિવસ પછી ‘ડાન્સ' શબ્દ તો શું જરૂર પૂરતા શબ્દો જ તે બોલતી. તેણે નિમેષ સાથે કામ સિવાયની વાત કરવાનું જ બંધ કરી દીધું. નિમેષ તો પોતાના કામમાં મશગુલ હતો. તેનું બધું કામ કુસુમ ચીવટાઈથી કરતી હતી તેથી નિમેષને તો કુસુમનું દુઃખ સમજાયું જ નહીં. એને તો એવો ખ્યાલ પણ ન હતો કે ડાન્સ કુસુમનું પૅશન છે.

આ તરફ કુસુમ ઘરનું કામ વ્યવસ્થિત કરતી હતી, સાસુ-સસરા ઘેર રહેવાં આવે તો તેમને બરાબર સાચવતી હતી એટલે નિમેષભાઈ તો રાજી હતા, પણ કુસુમ રાજી ન હતી, પણ તેણે પોતાની નારાજી કદી જતાવી નહીં. કુસુમબહેનને બે બાળકો થયાં - એક દીકરો અને એક દીકરી. બાળકો થયા પછી તો પતિ, પરિવાર અને બાળકોમાં કુસુમબહેન અતિશય વ્યસ્ત થઈ ગયાં. તેમણે પોતાના ઘૂંઘરું કબાટની તિજોરીમાં છુપાવીને મૂકી દીધાં. ક્યારેક કોઈ સરસ ગીત વાગતું હોય તો તેમના પગ થીરકવા લાગતા, પણ તરત જ નિમેષના શબ્દ યાદ આવતા અને તે ચૂપચાપ બેસી જતાં.

આમને આમ વર્ષો વહી ગયાં. હવે તો કુસુમબહેન નૃત્ય શબ્દ ભૂલી જ ગયાં હતાં. પરિવારની જવાબદારીઓમાં રચ્યાપચ્યાં રહેતાં હતાં. સંતાન મોટા થઈ ગયાં. દીકરીનાં લગ્ન થયા ને સાસરે વળાવી. હવે દીકરાને પરણાવવાનો સમય પણ આવી ગયો. દીકરાએ પસંદ કરેલી યુવતીને ઘરમાં વહુ તરીકે નિમેષભાઈ અને કુસુમબહેન લઈ આવ્યાં. પુત્રવધૂ નિશિ નમણી, નાજુક, મીઠડી છોકરી હતી. સ્વભાવની પણ સારી હતી. ઘરમાં આવતાંવેંત સહુનાં દિલ જીતી લીધાં હતાં. કુસુમબહેનને ‘મમ્મી, મમ્મી' કહેતાં તેની જીભ થાકતી ન હતી. નિશિ જૉબ કરતી હતી. એટલે પતિ અને દીકરાનાં ટિફિન ઉપરાંત વહુનું ટિફિન બનાવવાની જવાબદારી પણ કુસુમબહેન પર આવી હતી, પણ કુસુમબહેનને તેનો કોઈ વાંધો ન હતો. નિશિને સાસુની દયા આવતી. એટલે રજાના દિવસે ઘરનું કામકાજ રસોઈ બધું તે સંભાળી લેતી અને નિમેષભાઈ-કુસુમબહેનને કહેતી, ‘મમ્મી-પપ્પા તમે બંને ક્યાંક ફરવા જાઓ. મમ્મીને ક્યાંક લઈ જાઓ. મમ્મી બિચારી આખો દિવસ ઘરમાં કામ કરે છે. ક્યારેય ક્યાંય જતાં-આવતાં નથી, પણ કુસુમબહેન ક્યાંય જવાનો ઊમળકો દાખવતાં નહીં. નિશિને નવાઈ લાગતી મમ્મી ક્યાંય જતાં નથી અને પપ્પાને પણ ક્યાંય જવાનો રસ હોતો નથી. મમ્મી બસ કામ જ કર્યા કરે છે. ક્યારેક કોઈ વ્યવહારિક કામ હોય તો જાય છે. મમ્મી-પપ્પા વચ્ચે ખાસ કંઈ સંવાદ પણ થતો નથી. મમ્મી એક કોચલામાં બંધ હોય એવું લાગે છે. નિશિ સાયકોલૉજી ભણેલી હતી એટલે એને સમજમાં આવતું હતું કે કુસુમબહેન કોઈ વાતથી બહુ હર્ટ થયાં છે અને તેથી મૌન થઈ ગયાં છે, પણ શું તે તેની સમજમાં આવતું ન હતું.

એક રજાના દિવસે કુસુમબહેનની કૉલેજ ફ્રેન્ડ મળવા આવી. તેણે કહ્યું, ‘ચાલ કુસુમ, આજે તારી બાજુના હૉલમાં જ નૃત્યનો બહુ મસ્ત કાર્યક્રમ છે, મેં બે ટિકિટ લીધી છે તને કહ્યું નહીં, મારે તને સરપ્રાઇઝ આપવું હતું. ચલ, જલદી તૈયાર થઈ જા. નિશિ ચા-નાસ્તો લઈને આવી તેણે પૂછ્યું. ‘આન્ટી, ક્યાં જવું છે?'

‘બેટા, તમારી બાજુના હૉલમાં જ નૃત્યનો કાર્યક્રમ છે. તારી સાસુને તો ડાન્સનો કેટલો બધો શોખ છે એટલે હું તેને લઈ જવા આવી છું.'

‘મમ્મીને ડાન્સનો શોખ છે?'

‘ડાન્સનો શોખ અરે, કુસુમ ઇઝ વેરી ગુડ ડાન્સર. કૉલેજમાં એના ડાન્સને વૈજયંતીમાલાના ડાન્સ સાથે સરખાવવામાં આવતો હતો.'

‘ઓહ, આઇ કાન્ટ બિલીવ. મમ્મી તમે જાવ. તમારે જવું જ જોઈએ' નિશિએ કહ્યું.

‘ના, ના તારા પપ્પાને નથી ગમતુ.'

‘પપ્પાને ગમે કે ન ગમે તમને ગમે છે ને એટલે તમારે જવાનું' નિશિએ પરાણે કુસુમબહેનને મોકલ્યાં. થોડી વાર પછી નિમેષભાઈ આવ્યા. કુસુમબહેનને ઘરમાં જોયાં નહીં એટલે નિશિને પૂછ્યું, ‘તારાં મમ્મી ક્યાં છે?'

‘તે ડાન્સનો શો જોવા ગયાં છે.'

‘ડાન્સનો શો જોવા ગઈ? કોને પૂછીને? મેં એને ના પાડી છે. આટલાં વર્ષોમાં નહીં ને આજે એ કેમ ગઈ?'

‘મેં મમ્મીને મોકલ્યાં છે. ડાન્સ એમનો શોખ છે એમનું પૅશન છે. તમે એને આવી રીતે રોકી શકો નહીં' નિશિએ મક્કમતાથી કહ્યું.

‘પણ...'

‘પણ... બણ... કાંઈ નહીં પપ્પા. એમને એમની પાછલી જિંદગીમાં ગમતું કરવા દો...'

નિમેષભાઈ કાંઈ બોલ્યા નહીં. નિશિના મુખ પર સંતોષનું સ્મિત હતું. ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગૉસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો. મુંબઈ સમાચારની ઑફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/IDohE9w9t2Y
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

મુંબઈ સમાચાર લાડકી

# આપણે જે ન વિચાર્યું હોય એ થાય એનું જ નામ જિંદગી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

(ભાગઃ ૨)
**નામઃ સ્નેહલતા**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ બાંદ્રા, મુંબઈ
ઉંમરઃ ૭૧ વર્ષ

**આજે ૭૧ વર્ષની ઉંમરે** જ્યારે મારી જિંદગી વિશે વિચારું છું ત્યારે સમજાય છે કે હું જે સમયમાં જીવી એ માત્ર મારો જ નહીં, ગુજરાતી ફિલ્મોનો પણ ઉત્તમ સમય હતો. પ્રાદેશિક ભાષાની ફિલ્મો એ સમયમાં ખૂબ ચાલતી. મરાઠી, બંગાળી અને ગુજરાતી ફિલ્મોની બૉક્સ ઑફિસ છલકાતી. પ્રેક્ષકોને પોતાની માતૃભાષાનો ગર્વ હતો. ત્યારે મરાઠી અને ગુજરાતી મીડિયમની શાળાઓ પણ ખૂબ હતી. ઘરમાં પણ માતૃભાષા બોલાતી. આજે માતૃભાષાનું મહત્ત્વ ઘટતું જાય છે. બાળકોને પોતાની સભ્યતા, એમની ધરતીની વાર્તાઓ સાથે અનુસંધાન નથી રહ્યું. બધાં જ બાળકો સિન્ડ્રેલા અને પિનોકિયો વિશે જાણે છે, પરંતુ એ સમય શેઠ સગાળશા અને ચેલૈયાની કથાઓનો હતો. પોતાનાં માતા-પિતાની પ્રતિષ્ઠા માટે માથું કપાવી નાખનાર દીકરો સૌરાષ્ટ્રની ધરતી પર પાક્યો કે આકાશમાંથી આવેલી અપ્સરા હોથલ પદમણી, આજે હિન્દી ફિલ્મ ‘પહેલી’ જેના પરથી બની એ ફિલ્મ ‘વીર માંગડાવાળો’ કે ‘હમ દિલ દે ચૂકે સનમ’નું મૂળ જ્યાંથી મળે છે એ, ‘દેવરો અને આણલદે’ની કથા ‘શેતલને કાંઠે’ જેવી વાર્તાઓ એ સમયે સિનેમાની કથાઓમાં વણી લેવામાં આવતી. બાળકોને શૌર્ય, સત્ય અને સ્નેહના પાઠ ભણાવવાનું કામ સિનેમાની વાર્તાઓ પણ કરતી... આજની વાત જુદી છે! આજે હિન્દી સિનેમા કે ઓટીટી પર જે કથાઓ કહેવામાં આવે છે એને આપણા મૂળ સાથે ઝાઝો સંબંધ નથી. યુવા માનસને વિદેશી માનસિકતા, શરાબ, સિગરેટ તરફ ધકેલવાનું કામ મનોરંજનનાં દરેક માધ્યમ આજે કરી રહ્યાં છે. ક્યારેક એવું પણ લાગે છે કે મેં સમયસર આ મનોરંજનનું વિશ્વ છોડી દીધું એ સારું જ થયું, કારણ કે મારા સ્વભાવ મુજબ હું કદાચ આવી ફિલ્મો ન કરી શકી હોત! હું સ્વભાવે શરમાળ અને ઓછાબોલી છું. આજે પણ મને જાહેરજીવન બહુ ગમતું નથી અને ત્યારે પણ ફિલ્મોમાં હોવા છતાં મેં મારા અંગત જીવનને મારા સ્ક્રીન જીવનથી જુદું જ રાખ્યું... એ વખતે મેકઅપ વાન નહોતી. ઍરકન્ડિશન મેકઅપ રૂમ પણ બહુ મોડા આવ્યા. લકી અને લક્ષ્મી સ્ટુડિયોમાં સેટ લાગતા. આઉટડોર માટે સાચાં ગામડાં કે ખેતરો, નદી કિનારે રેતીમાં નૃત્ય કરવું પડતું... તડકામાં રિફ્લેક્ટર્સની સામે કલાકો કામ કરવું પડતું તેમ છતાં ગુજરાતી ફિલ્મોનો એ સુવર્ણ યુગ હતો. ફિલ્મોમાં એટલા બધા પૈસા નહોતા, પરંતુ પ્રેક્ષકોનો પ્રેમ અને લોકપ્રિયતા અદ્ભુત હતી.

હું ગુજરાતી ફિલ્મોમાં અભિનય કરીશ એવું તો મેં ક્યારેય વિચાર્યું નહોતું, પરંતુ આપણે જે ન વિચાર્યું હોય એ થાય એનું જ નામ જિંદગી. ૧૯૬૯માં હેમંત કુમાર દિગ્દર્શિત એક ફિલ્મ ‘ખામોશી’માં મને મહત્ત્વનો રોલ મળ્યો. રાજેશ ખન્ના પોતાના સુપર સ્ટાર્ડમના રસ્તે આગળ વધી રહ્યા હતા ત્યારે એક સાયકોલૉજિકલ વિષય પર આધારિત આ ફિલ્મમાં રાજેશ ખન્નાની હિરોઈન તરીકે હેમંત કુમારે મને સાઇન કરી, પરંતુ રોલ નેગેટિવ હતો... હું ડરતી હતી. બહુ મોટી સ્ટાર નહોતી ત્યારે, પરંતુ હિન્દી સિનેમાની એક ફિતરત છે જે વ્યક્તિ જે રોલ કરે એમાં ટાઇપ કાસ્ટ થઈ જાય. મને લાગતું હતું કે પછી મને માત્ર નેગેટિવ્ઝ રોલની ઑફર આવશે, પરંતુ હેમંત કુમારજીએ મને સમજાવી, મેં ‘ખામોશી’ ફિલ્મમાં વહીદા રહેમાન, રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર જેવા દિગ્ગજ કલાકારો સાથે અભિનય કર્યો એટલું જ નહીં, ગુલઝાર સાહેબનું લખેલું ગીત ‘હમને દેખી હૈ ઇન આંખો કી મહેકતી ખુશ્બૂ...’ મારા ઉપર ફિલ્માવવામાં આવ્યું. સૌએ એ અભિનય અને ફિલ્મની ખૂબ સરાહના કરી. મારી એક આગવી ઓળખ ઊભી થઈ. ફિલ્મોમાં કામ મળવા લાગ્યું, પરંતુ મેં કહ્યું તેમ ધીરે ધીરે નેગેટિવ રોલ્ઝની ઑફર વધવા લાગી. જોકે, કામની જરૂર હતી, એટલે ઑફર નકારવાને બદલે મેં હિન્દી ફિલ્મો સ્વીકારવાનું શરૂ કર્યું. ’૬૯ પછી તુમસે અચ્છા કૌન હૈ (૧૯૬૯) - શમ્મી કપૂર અને બબીતા સ્ટારર. એક શ્રીમાન એક શ્રીમતી (૧૯૬૯) - શશી કપૂર અને શારદા અભિનીત કૉમેડી. ચિરાગ (૧૯૬૯) - સુનીલ દત્ત અને આશા પારેખની મુખ્ય ભૂમિકા. બહરૂપિયા (૧૯૭૧) - ફીરોઝ ખાનની. બે-ઈમાન (૧૯૭૨) - મનોજ કુમાર અને રાખીની સુપરહિટ. જેમાં મારી અને રાજ મેહરાની ભૂમિકા ખૂબ જ પ્રશંસનીય રહી હતી. બિજલી (૧૯૭૨) - એક સામાજિક ડ્રામા. જય હનુમાન (૧૯૭૩) - પૌરાણિક. કોરા આંચલ (૧૯૭૩) - રોમેન્ટિક ડ્રામા જેવી ફિલ્મો મળી રહી હતી, પરંતુ હિરોઈન અથવા મુખ્ય ભૂમિકાની કોઈ ઑફર આવતી નહોતી. એક સારી અભિનેત્રી તરીકે લોકો ઓળખવા લાગ્યા હતા, પરંતુ મારે તો મુખ્ય ભૂમિકા ભજવવી હતી-હિરોઈન બનવું હતું. હિન્દી સિનેમામાં એ સમયે હિરોઈનનો રોલ મળવો સરળ નહોતો. હેમામાલિની ડ્રીમ ગર્લ તરીકે જાણીતાં હતાં, મુમતાઝ, શર્મિલા ટાગોર, જયા ભાદુરી અને આશા પારેખનો એ સમય હતો. ’૭૧માં ઝીનત અમાન, પરવીન બાબી અને ’૭૩માં ડિમ્પલ કાપડિયા પણ હિન્દી સિનેમામાં પદાર્પણ કરી ચૂક્યાં હતાં. વેસ્ટર્ન લુકની, બોલ્ડ અભિનેત્રીઓનો સમય શરૂ થયો હતો. અંગ પ્રદર્શન માટે હું જરાય તૈયાર નહોતી. ધીરે ધીરે હિન્દી સિનેમાની રૂખ બદલાઈ રહી હતી. જે પ્રકારની વાર્તાઓ અને વાર્તાની ડિમાન્ડ હતી એ હું કરી શકું એમ ન હતી. વળી મારો દેખાવ, ચહેરો, સંસ્કાર અને અભિનયશૈલી પણ ખૂબ પારંપારિક અને ભારતીય હતાં. હવે શું કરવું, એ વિચારે હું મૂંઝવણમાં હતી. ત્યાં જ જાણીતા દિગ્દર્શક રવીન્દ્ર દવે મને મળવા આવ્યા.


સ્નેહલતા

એ ગુજરાતી ફિલ્મ ‘રાજા ભરથરી’ની ઑફર લઈને આવ્યા હતા. એમણે ‘જેસલ તોરલ’ નામની સુપરહિટ ફિલ્મ બનાવી હતી. એ નવી ફિલ્મ બનાવી રહ્યા હતા. ગોરખનાથના શિષ્ય રાજા ભરથરીના જીવન પર આધારિત કથા હતી. ભારતીય શાસ્ત્રોમાં ભરથરીનું નામ જાણીતું છે. ‘શૃંગાર શતક’, ‘નીતિ શતક’ અને ‘વૈરાગ્ય શતક’ની રચના ભર્તૃહરિએ કરી છે. એમને સૌરાષ્ટ્રની લોકવાર્તાઓમાં ‘ભરથરી’ તરીકે ઓળખવામાં આવે છે. એમની જીવનકથા પર આધારિત ફિલ્મમાં એમની રાણી પિંગળાના પાત્રમાં મને પસંદ કરવામાં આવી. મારી સાથે જયશ્રી ટી. અને ઉપેન્દ્ર ત્રિવેદી હતાં. ગુરુ ગોરખનાથના રોલમાં એમના મોટા ભાઈ અરવિંદ ત્રિવેદી હતા જે પછીથી રાવણના રોલમાં ખૂબ પ્રસિદ્ધ થયા.

એ વખતે ગુજરાતી સંવાદો બોલવામાં મને ઘણી તકલીફો પડતી હતી, પરંતુ રવીન્દ્ર દવે, ઉપેન્દ્રભાઈ અને ખાસ કરીને રમેશ મહેતા જેવા સહકલાકારોની મદદથી હું એ ફિલ્મ કરી શકી. મારા ગુજરાતી ઉચ્ચારો એટલા સારા ન હોવા છતાં ‘રાજા ભરથરી’ ખૂબ હિટ થઈ. અવિનાશ વ્યાસનું ગીત ‘ભેખ રે ઉતારો રાજા ભરથરી...’ અને ‘પહેલા પહેલા જુગમાં રાણી’ ગીતો ખૂબ લોકપ્રિય થયાં. એ ફિલ્મ પછી રવીન્દ્ર દવે મારી પાસે ‘હોથલ પદમણી’નો વિષય લઈને આવ્યા. મને લાગતું હતું કે એકાદ ગુજરાતી ફિલ્મ સુધી બરાબર છે, પરંતુ ગુજરાતી સિનેમામાં મારી કારકિર્દી નથી... અન્ય કલાકારોની જેમ મને પણ હિન્દી સિનેમાનો મોહ હતો. અરવિંદ ત્રિવેદીએ એ વખતે મને ખૂબ સુંદર સલાહ આપી. મને આજે પણ એમનાં એ વાક્યો યાદ છે. એમણે કહ્યું હતું કે ‘મોટા રાજાના ખંડિયા રાજા થવા કરતાં આપણું નાનું છતાં, સ્વતંત્ર રજવાડું વધુ મહત્ત્વનું છે.’ મને વાત સાચી લાગી. મેં ‘હોથલ પદમણી’ની ઑફર પણ સ્વીકારી લીધી. સ્વર્ગમાંથી આવેલી અપ્સરા, એને પ્રેમ કરતો રાજા અને બંનેના પ્રણય વચ્ચેની શરત સાથે બનાવવામાં આવેલી આ અદ્ભુત પ્રેમકથાને પણ અપ્રતિમ લોકપ્રતિસાદ મળ્યો. મને લાગ્યું કે ગુજરાતી ફિલ્મોમાં જ મારું ભવિષ્ય છે. ગુજરાતી ફિલ્મના પ્રેક્ષકોએ મને આવકારી, સ્વીકારી અને ભરપૂર સ્નેહ આપ્યો ને મેં પણ સ્વયંને ગુજરાતી ફિલ્મોના ચરણમાં સમર્પિત કરી દીધી. એ પછી મેં ગુજરાતી શીખવાનું શરૂ કર્યું. ગુજરાતી ભાષાના શિક્ષક રાખ્યા, જે મને સ્પષ્ટ ઉચ્ચારો અને ચોખ્ખું ગુજરાતી બોલતાં શીખવવા લાગ્યા.

‘હોથલ પદમણી’ પછીની કારકિર્દી જે રીતે સડસડાટ આગળ વધી એ મારો ગુજરાતી ભાષા સાથેનો ઋણાનુબંધ હશે! ૧૯૭૩થી લગભગ ૧૯૮૦ સુધી ઉપેન્દ્ર ત્રિવેદી સાથે મેં અસંખ્ય ફિલ્મો કરી.

૧૯૮૦ પછી ઉપેન્દ્ર ત્રિવેદીને રાજકારણમાં રસ પડ્યો. એમણે એમએલએ તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો ત્યારે અમારી જોડી તૂટી. હું વિચારતી હતી કે હવે શું કરવું, ત્યાં વળી નસીબે મને એક નવી દિશા ઉઘાડી આપી.

(ક્રમશઃ)■

# વધતી સમજદારી સાથે ઓગળી જતું બાળપણ

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com



સોળ વર્ષની નૈયરાના ઘરમાં એક વાક્ય દરરોજ કોઈ ને કોઈ બોલતું જ, ‘તું તો સમજદાર છે ને...’

પહેલાં આ શબ્દો એને ગમતા. મહેમાનો સામે મમ્મી ગર્વથી કહેતી, ‘અમારી નૈયરા ક્યારેય જીદ કરતી નથી. ભાઈને ભણાવે, દાદીને દવા આપે, પોતાનું બધું કામ જાતે કરે. ઘરની અડધી જવાબદારી તો આ એકલી સંભાળી લે.’ દરેક વખાણ સાથે નૈયરા થોડી વધુ મૅચ્યોર થતી જતી. જવાબદારી અને સમજણ એનામાંથી થોડું થોડું બાળપણ ઝૂંટવી રહ્યા હતા.

સ્કૂલમાં એક દિવસ એની સૌથી નજીકની મિત્ર કાવ્યાએ ખુશખુશાલ સ્વરે કહ્યું, ‘આ વર્ષે માઉન્ટ આબુનો કૅમ્પ છે. આપણે બન્ને જઈશું ને?’ નૈયરાએ પણ ઉત્સાહમાં આવી તુરંત હા પાડી. છેલ્લા છ મહિનાથી એ ખિસ્સા ખર્ચમાંથી થોડા-થોડા રૂપિયા બચાવતી હતી. પહેલીવાર મિત્રોની સાથે ત્રણ દિવસ બહાર જવાની કલ્પનાએ એને ઉત્સાહિત કરી દીધેલી, પણ કૅમ્પના એક અઠવાડિયા પહેલાં પપ્પાની નોકરી છૂટી ગઈ. ઘરમાં મૌન છવાઈ ગયું. રાત્રે એણે પોતાની બચતનું કવર મમ્મીના હાથમાં મૂક્યું. ‘આ રાખી લો.’ મમ્મી કચવાતાં જીવે બોલી, ‘પણ આ તો કૅમ્પ માટે હતું ને?’ હા, પણ મારે નથી જવું.’ આવું બોલતી વખતે એણે નજર નીચી કરી દીધી.

બીજે દિવસે મિત્રો બસમાં બેઠા. નૈયરા સ્કૂલના ગેટ પરથી બસ જતી જોઈ રહી. એ દિવસે એને પહેલીવાર સમજ્યું કે ક્યારેક સૌથી મોટી સમજણ તો એકાદ જૂઠમાં સમાયેલી હોય છે. થોડા મહિના પછી એનો જન્મદિવસ આવ્યો. સાંજે બધા મળીને કેક કાપવાના હતા. એટલામાં નાના ભાઈને અચાનક તાવ ચઢ્યો. બધા હૉસ્પિટલ દોડી ગયા. રાત્રે ઘરે પાછા ફર્યા ત્યારે સહુ થાકેલા હતા. ડાઇનિંગ ટેબલ પર પડેલી કેક ઓગળવા લાગેલી. નૈયરાએ ફ્રીઝમાંથી છરી કાઢી. એક નાનો ટુકડો કાપ્યો. મીણબત્તી સળગાવી પણ નહીં. ધીમે ધીમે ખાઈ લીધો. કોઈને યાદ પણ ન આવ્યું કે આજે એનો જન્મદિવસ હતો.

સવારે મમ્મીએ કહ્યું, ‘સૉરી બેટા... કાલે’

એ તરત બોલી, ‘કંઈ વાંધો નહીં મમ્મી.’ પણ વાંધો હતો, ખૂબ હતો.

નૈયરાને પેઇન્ટિંગ કરવું ખૂબ ગમતું. જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે એની પસંદગી થઈ. ડ્રૉઇંગ ટીચરે કહ્યું, ‘તું જીતે એવી પૂરી શક્યતા છે.’ નૈયરા પણ બધી રીતે તૈયાર હતી, પણ સ્પર્ધાના દિવસે દાદીની તબિયત બગડી. મમ્મી હૉસ્પિટલમાં હતી. ઘરમાં નાના ભાઈનું ધ્યાન રાખવા કોઈ નહોતું. નૈયરાએ ટીચરને ફોન કર્યો. ‘મૅમ... હું આજે નહીં આવી શકું.’ ફોન મૂક્યા પછી એણે પોતાનું કલર બૉક્સ બંધ કરી દીધું. લાંબો સમય એને તાકી રહી. ઝટ્ દોડીને સ્કૂલે પહોંચવા એ તડપી ઊઠી, પણ એ તો સમજદાર હતી અને એ બંધ થયેલું કલર બૉક્સ ક્યારેય ખૂલ્યું નહીં.

બધાને નૈયરા એક જ મુલાકાતમાં ગમી જતી. ક્યારેય સામો જવાબ ના આપે. ક્યારેય કોઈ ફરિયાદ નહીં. હંમેશાં હસતી. બધાની વાત માનતી. ઘરમાં બધાનું ધ્યાન રાખતી એ છોકરી રોજ રાત્રે પોતે અતિ સમજદાર હોવાના ટૅગ સાથે આંખો મીંચતી. સવારે ઊઠી એ ફરી જવાબદારીની જાળમાં ગૂંથાઈ જતી.

દસમા ધોરણના પરિણામ પહેલાંની પ્રીલિમ પરીક્ષામાં એના માત્ર પચાસ માર્ક્સ આવ્યા. પેપર હાથમાં લઈને એ ઘરે આવી. મમ્મીએ પૂછ્યું, ‘કેવું રહ્યું?’ ‘સારું’ એટલું કહી એ પોતાના રૂમમાં ચાલી ગઈ. આ વખતે માર્ક્સ ઓછા આવવાનું દુઃખ નહોતું. ડર હતો. ‘જો હું હવે સારી દીકરી ના કહેવાય તો? થોડા દિવસ પછી પેરેન્ટ્સ મીટિંગ હતી. ક્લાસ ટીચરે મમ્મીને કહ્યું, ‘નૈયરા ખૂબ હોશિયાર છે, પણ છેલ્લા કેટલાક મહિનાથી એ જાણે હસતાં ભૂલી ગઈ છે. એની ફ્રેન્ડ્સના કહેવા મુજબ ઘરમાં એના પર ઘણી જવાબદારીઓ છે એટલે એ ઉંમર કરતાં વધુ મોટી બની ગઈ છે, પણ તમે સમજો કે આ ઉંમરે બાળકોને હંમેશાં મજબૂત રહેવું પડે એવું જરૂરી નથી.’

ઘરે પાછા આવ્યા પછી મમ્મી પહેલીવાર એના રૂમમાં ગઈ. કોઈ સલાહ નહીં, કોઈ ઉપદેશ નહીં. માત્ર એક પ્રશ્ન ‘નૈયરા, તું ખરેખર ખુશ છે?’ મમ્મીના આ કાળજીભર્યા શબ્દો સાંભળતાં જ નૈયરાની આંખોમાં વર્ષોથી રોકાયેલાં આંસુઓ છલકાઈ ગયાં :

‘મમ્મી, મારે પણ ક્યારેક જીદ કરવી હોય છે. મને પણ કોઈ મનાવે એવું મન થાય છે. હું પણ થાકી જાઉં છું, પણ બધા કહે છે ને ‘તું તો સમજદાર છે. એટલે મને લાગે છે કે હું રડી પણ નહીં શકું.’

મમ્મીએ એને છાતીસરસી ચાંપી લીધી. ધીમા અવાજે એટલું જ કહ્યું, ‘માફ કરજે બેટા, અમે તને સમજદાર બનાવવામાં એટલા વ્યસ્ત થઈ ગયાં કે એ ભૂલી ગયાં કે તું હજી નાની બાળકી જ છે.’

આપણે ઘરના સૌથી શાંત બાળકને સૌથી મજબૂત માની લઈએ છીએ, પરંતુ દરેક મૌન પાછળ શક્તિ નથી હોતી. ક્યારેક ત્યાં અધૂરી ઇચ્છાઓ, દબાયેલાં આંસુઓ અને એક નાનો પ્રશ્ન છુપાયેલો હોય છે ‘શું મને પણ ક્યારેક માત્ર બાળક રહેવાની છૂટ હોય કે નહીં? સમજદાર સંતાનો ઘણીવાર આવી અપેક્ષાઓ વચ્ચે ધીમે ધીમે કસમયે મોટાં થઈ જતાં હોય છે. ■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ટપાલ ટિકિટમાં અનોખી નારી

# ક્રાંતિની જનનીઃ ભીખાઈજી કામા

નામઃ માદામ ભીખાઈજી કામા
ઓળખ : સ્વતંત્રતા સેનાની
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખ : ૨૬.૧.૧૯૬૨
ટિકિટનું મૂલ્ય : ૧૫ નયા પૈસા

**ભારતના રાષ્ટ્રધ્વજને વિદેશની ભૂમિ પર ફરકાવનાર પ્રથમ મહિલા કોણ હતાં એ જાણો છો?**

એમનું નામ માદામ ભીખાઈજી કામા. ક્રાંતિની જનની તરીકે જાણીતાં થયેલાં માદામ કામાએ વિદેશી ભૂમિ પર રાષ્ટ્રધ્વજની પરિકલ્પના કરી, એટલું જ નહીં, રાષ્ટ્રધ્વજ બનાવ્યો પણ ખરો અને ૨૧ ઑગસ્ટ ૧૯૦૭ના જર્મનીના સ્ટટગાર્ટમાં સાતમી આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસમાં ફરકાવ્યો પણ ખરો... ભારત સરકારે ભીખાઈજી કામાની સ્મૃતિમાં ૨૬ જાન્યુઆરી ૧૯૬૨ના ૧૫ નયા પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.

વિદેશની ધરતી પર પહેલી જ વાર લહેરાયેલા ભારતના એ ત્રિરંગા રાષ્ટ્રધ્વજમાં ભીખાઈજી કામાએ ત્રણ પહોળી રંગીન પટ્ટીઓ બનાવેલી. સૌથી ઉપર લીલા રંગની, વચ્ચે કેસરી કે ભગવા રંગની અને નીચે લાલ રંગની. લીલી પટ્ટીમાં ભારતના આઠ પ્રાંતના પ્રતીક સ્વરૂપ આઠ કમળની આકૃતિ બનાવેલી, કેસરી પટ્ટીમાં સંસ્કૃતમાં વન્દે માતરમ ગૂંથવામાં આવેલું અને લાલ પટ્ટીમાં એક તરફ સૂર્ય તથા બીજી બાજુ અર્ધ ચંદ્ર, જે ભારતના બે મુખ્ય ધર્મ હિંદુ અને ઇસ્લામનાં પ્રતીક હતાં. ભારતની વિવિધતામાં એકતા દર્શાવતો ઝંડો ફરકાવતાં માદામ કામાએ કહેલું કે આ ધ્વજ ભારતની આઝાદીનું પ્રતીક છે!




ભીખાઈજી કામાએ રાષ્ટ્રીય ધ્વજ બનાવ્યો અને ફરકાવ્યો એ તેમનું સૌથી મહત્ત્વનું યોગદાન હતું, પણ એ કાંઈ એમનું એક માત્ર પ્રદાન નહોતું. ભીખાઈજી કામાએ વિદેશની ધરતી પર રહીને ભારતની આઝાદીની ધ્યેયપ્રાપ્તિ માટે હથિયારની ગરજ સારતી કલમને ખોળે માથું મૂકીને તેજાબી લખાણો લખ્યાં અને આગઝરતાં પ્રવચનો કર્યાં.

આ ભીખાઈજી કામા મુંબઈમાં વસતા સાધનસંપન્ન પારસી કુટુંબમાં ૨૪ સપ્ટેમ્બર ૧૮૬૧માં જન્મ્યાં. પિતા સોરાબજી પટેલ અને માતા જીજાબાઈ. ભીખાઈજી એલેક્ઝાન્ડ્રા ગર્લ્સ એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂશનમાં ભણ્યાં. યુરોપીય ભાષાઓ ભણ્યાં. પિતા સોરાબજી સફળ વ્યાપારી હતા. બ્રિટિશ ગુપ્તચર અહેવાલ મુજબ સોરાબજીએ પોતાના પુત્રોને, પ્રત્યેકને ૧૩ લાખ રૂપિયા અને પોતાની આઠ પુત્રીઓમાં દરેકને એક લાખ રૂપિયા આપીને ટ્રસ્ટ રચેલું.

સામાન્યપણે પારસી સમુદાયના લોકો અંગ્રેજોના સમર્થક ગણાતા. જોકે દેશના અન્ય સમાજના લોકો કરતાં પારસીઓ પર પાશ્ચાત્ય પ્રભાવ વધુ જોવા મળતો. ભીખાઈજીનું લાલનપાલન એવા જ પારસી પરિવારમાં થયું. સ્વાભાવિક જ પ્રશ્ન થાયઃ દોમ દોમ સાહ્યબીવાળી પારિવારિક પૃષ્ઠભૂમિ હોવા છતાં ભીખાઈજીએ તમામ સુખસુવિધાઓનો ત્યાગ કરીને દેશની સ્વતંત્રતાના જંગમાં કઈ રીતે ઝુકાવ્યું હશે?

૧૮૮૫માં બે ઘટના બની. ૩ ઑગસ્ટના બેરિસ્ટર રુસ્તમજી કામા સાથે લગ્ન અને ડિસેમ્બરમાં વ્યોમેશચંદ્ર બેનરજીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કૉંગ્રેસનું પ્રથમ અધિવેશન. ભીખાઈજીએ કૉંગ્રેસની કામગીરી નિહાળી. એનું ઐતિહાસિક મહત્ત્વ સમજ્યાં. ભીખાઈજી દેશસેવામાં જોતરાયાં. હવે એમનું એક જ સ્વપ્ન હતું, હૃદયમાં એક જ મંત્ર ગુંજવા લાગ્યો : વિદેશી ગુલામીથી મુક્ત એવું સ્વતંત્ર ભારત! જોકે આ જ મુદ્દે ભીખાઈજી અને રુસ્તમજી વચ્ચે મતભેદ અને પછી મનભેદ થયા. રુસ્તમજી અંગ્રેજોની કૃપામાં વિશ્વાસ ધરાવતા, એથી ભીખાઈજી એમનાથી દૂર થતાં ગયાં.

દરમિયાન, ૧૮૯૬માં મુંબઈમાં પ્લેગની મહામારી ફાટી નીકળી. ભીખાઈજી પારસી પંચાયત દ્વારા સંચાલિત એક સાર્વજનિક હૉસ્પિટલમાં પરિચારિકાનું સફેદ એપ્રન પહેરીને રોગીઓની સારવાર કરવા લાગ્યાં. પોતાના જીવના જોખમે ભીખાઈજી ખડેપગે દર્દીઓની ચાકરી કરતાં રહ્યાં. દર્દીઓને સાજા કરતાં કરતાં ભીખાઈજી પોતે દર્દી બની ગયાં. સારવાર માટે ઇંગ્લૅન્ડ ગયાં. લંડનમાં સુશ્રુષા અને સફળ શલ્ય ચિકિત્સા થઈ. એવામાં દાદાભાઈ નવરોજી સાથે પરિચય થયો. એમનાથી પ્રભાવિત થઈને ભીખાઈજી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના કામમાં જોડાયાં. એ વખતે દાદાભાઈ બ્રિટિશ હાઉસ ઑફ કૉમન્સના સભ્યપદ માટેના ઉમેદવાર હતા. ભીખાઈજી કામા એમના માટે સક્રિયપણે પ્રચાર કરવા લાગ્યાં. એનાથી એમની રાજનૈતિક આકાંક્ષાઓને બળ મળ્યું. ભીખાઈજી દાદાભાઈના અનૌપચારિક સચિવ બની ગયાં.

ભીખાઈજી કૉંગ્રેસી વિચારધારા સાથે જોડાયેલાં, પણ ક્રાંતિકારી વિચારોથી પ્રભાવિત થયેલાં. એમનો ઝોક ક્રાંતિ તરફ વળ્યો જ હતો કે દાદાભાઈને લીધે ભીખાઈજીને દેશસેવા સાથે જોડાયેલાં સરદારસિંહ રાણા, શ્યામજી કૃષ્ણ વર્મા અને વીર સાવરકર સહિત ઘણા ક્રાંતિકારીઓને મળવાનો મોકો મળ્યો. અહીંથી ભીખાઈજી કામાના જીવનનું વહેણ બદલાયું. એ કૉંગ્રેસીમાંથી ક્રાંતિકારી બની ગયાં. ભીખાઈજી કામાએ પહેલાં તો ભારત પાછા ફરવાનું નક્કી કરી લીધેલું, પણ પછી એમનો વિચાર બદલાયો. તેમણે જર્મની, સ્કૉટલૅન્ડ અને ફ્રાન્સમાં એક એક વર્ષ વિતાવ્યું અને લંડન પાછાં ફર્યાં. અંગ્રેજો વિરુદ્ધ તેજાબી ભાષણો કરવા લાગ્યાં. એટલેથી ન અટકતાં કલમ ઉઠાવી. ભીખાઈજીએ પોતે શરૂ કરેલા વંદે માતરમ્‌માં અને તલવાર જેવાં સામયિકોમાં ખૂબ લખ્યું. પણ શરૂઆત શ્યામજી કૃષ્ણ વર્માના સામયિક ‘ઇન્ડિયન સોશ્યોલૉજિસ્ટ’થી કરી. એમાં નિયમિત લખતાં રહીને અંગ્રેજો સામે નિશાન તાકવા લાગ્યાં. ભીખાઈજી કામા ક્રાંતિકારી યુવાનોને તાલીમ આપતાં અને એમને હથિયાર પ્રાપ્ત કરવામાં સહાય કરતાં. ભીખાઈજી દૃઢપણે એવું માનતાં કે ભારતને ક્રાંતિની કેડી પર ચાલીને જ આઝાદી મળી શકે તેમ છે. એમની વ્યાખ્યા મુજબ, ક્રાંતિ એટલે સ્વરાજ, સ્વશાસન, મુક્તિ, સમતા અને ભાઈચારા માટેનો પ્રયાસ.

ક્રાંતિનો સંદેશ તો ભીખાઈજીએ જર્મનીના સ્ટટગાર્ટમાં પણ આપેલો. ત્રિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવીને એમણે ક્રાંતિ જ કરેલી. ભીખાઈજી કામાએ પ્રાણ ન્યોચ્છાવર કરીને પોતે બનાવેલો રાષ્ટ્રધ્વજ ભારતમાં ફરકાવવાનું સ્વપ્ન સેવેલું. જોકે ભીખાઈજી કામાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓને પગલે અંગ્રેજ સરકારે તેમના ભારત અને ઇંગ્લૅન્ડ પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દીધો. એથી ભીખાઈજી કામા પૅરિસ પહોંચી ગયાં. એમણે આઝાદ ભારતમાં જ પાછા ફરવું એવો સંકલ્પ કરેલો. પણ માંદગીને કારણે એમણે ૧૯૩૫માં ભારત પાછાં ફરવા સિત્તેર વર્ષની ઉંમરે વાઇસરૉયને પત્ર લખ્યો કે ‘મેં ગુલામ ભારતમાં નહીં રહેવાની પ્રતિજ્ઞા લીધેલી, એથી જીવનભર વિદેશમાં ભટકતી રહી. પરંતુ હવે મારું મૃત્યુ નજીક છે. મારું મોત માતૃભૂમિમાં થાય એવી મારી ઇચ્છા છે. માતૃભૂમિ મને સ્વર્ગથી પણ અધિક પ્રિય છે. મને ભારત આવવાની મંજૂરી આપશો?’

મંજૂરી મળી. ભીખાઈજી કામાએ અધૂરાં સ્વપ્ન અને અધૂરા સંકલ્પ સાથે ભારત પાછા ફરવું પડ્યું. ૧૩ ઑગસ્ટ ૧૯૩૬ના ક્રાંતિનાં મશાલચી નામે માદામ કામાની જીવનજ્યોત બુઝાઈ ગઈ. ભીખાઈજીએ ચિરવિદાય લીધી, પણ ઝંડા ઊંચા રહે હમારા, વિજયી વિશ્વ તિરંગા પ્યારા... ગાતી વખતે વિદેશમાં સર્વપ્રથમ ત્રિરંગો ફરકાવનાર માદામ કામાનું સ્મરણ ન કરીએ તો કેમ ચાલે? ■

લાફ્ટર આફ્ટર | પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# બહાનાં કાઢવાની કળા

બધા પાસે બહાનાં કાઢવાની કળા હસ્તગત નથી હોતી. આ કળા ઉપરાંત બહાનાં કાઢનારાથી બચવાની પણ એક કળા છે. આ બહાનેબાજોને માથા ઉપર શિંગડાં નથી હોતાં કે આપણને દૂરથી જ ખબર પડી જાય અને આપણે રસ્તો બદલી નાખીએ કે પછી ઘરનાં બારણાં બંધ કરી દઈએ.

બહાનેબાજો માત્ર આસપાસ-ચોપાસ જ નહીં, પણ ઘરની અંદર પણ હોય છે. કેટલાક બહાનેબાજો અઠંગ, શક્તિવાન તેમ જ એટલા નીડર હોય છે કે એમણે એમની એ કળાનો પરચો આપવા માટે મોટા વૈભવશાળી અને અબજોપતિને જ પકડવા પડે છે. ત્યાં તે પોતાની આ કળા પૂર્ણ રીતે વિકસાવી શકે છે. નસીબ સારાં હોય તો ફાવી જાય, પણ એની ઠગાઈ પકડાઈ ગઈ તો પેપરના હેડિંગમાં એનો હાથકડીવાળો ગૌરવપૂર્ણ સુંદર ફોટો છપાતાં વાર લાગતી નથી. એ ઠગાઈનો કિસ્સો વરસો સુધી ભોળા લોકોને ચેતવવા માટે ઉદાહરણરૂપ બની રહે છે.

અમે પણ અત્યાર સુધી ચાર ઘર બદલ્યાં. એટલે દર વખતે અજીબોગરીબ પડોશીઓ સાથે પનારો પડ્યો છે. એક પડોશી તો મોટા ગજાના બહાનેબાજ હતા. એમના ઘરના બારે સભ્યો વંશપરંપરાગત બહાનેબાજ બનીને જ જન્મ્યા હતા. એ ઘરની બહેનો આસપાસના ઘરમાંથી અનેક વાર ચા, કૉફી, દૂધ, મરચાં, આદુ, બટાકા, કાંદા, મોટા તપેલા, કૂકરથી લઈ સોય-દોરા, છત્રી, શેતરંજી, પેપર, અખંડ આનંદ, જનકલ્યાણ સુધી જે જે વસ્તુ અમારા ઘરમાં નવી દેખાય કે તરત જ બે-ત્રણ દિવસમાં એ વસ્તુ માગવા આવે. માગીને લઈ જાય ત્યાં સુધી તો ઠીક છે, પણ પાછી એ વસ્તુ ઘરમાં લાવવા માટે આપણે માગણની જેમ વારંવાર માગણી કરવા છતાં એકાદ વરસે ક્યાં પાછી આવે, ક્યાં આપણે ભૂલી જઈએ કે એવી કોઈ વસ્તુ આપણા ઘરમાં હતી. આવો પરચો આખી સોસાયટીનાં તમામ ઘરનાને મળ્યો હતો એટલે જ્યારે એ બહાનેબાજ ફૅમિલીએ ઉચાળા ભર્યા ત્યારે સોસાયટીના રહીશોએ 'હવે તો હાશ થઈ!' એવી ફીલિંગને એન્જૉય કરવા એક પાર્ટી રાખી. એમનો સામાન ભરાઈને ગયો કે તરત બહેનોએ ભેગાં થઈને, થાય એટલી નિંદા કરીને ભીતર પડેલા ડૂમાઓ બહાર કાઢ્યા. કોને કોને કેટલો ચૂનો લગાવીને ગયાં એ સહુએ મોકળા મને વ્યક્ત કર્યો અને થોડા રિલેક્સ પણ થયા.



ગંગા ડોશી બોલ્યાં, 'મારી વહુના ભોળપણનો લાભ ઉઠાવીને તે મારા ઘરનાં અડધા વાસણ અને કેટલુંય રાશન બહાનાં કાઢીને લઈ જતી. હું નાહવા બેસું કે પૂજામાં બેસું ત્યારે જ એ ચાર બટાકા, એક તપેલી લોટ, બે કોથળી દૂધ ઉછીનું લઈ જાય. પછી સામે મળે ત્યારે બહાનાં ઉપર બહાનાં બતાવે. જીવનમાં મેં ક્યારેય હાર સ્વીકારી નથી, પણ આ ઠગ પરિવાર સામે હું હારી ગઈ.'

બહાનાં બનાવવામાં અમારી કામવાળી પણ ક્યાં ઓછી છે. 'અમારે તો હવે લીગલ ત્રણ રજા નક્કી થઈ ગઈ છે...' એમ કહેતી ઘરમાં હાજર થતી.

'તે કઈ સરકારે કાયદો બનાવ્યો?'

'એ તો અમારા સેવકસંઘમાં નક્કી થયું છેને!'

'કોણ છે પ્રમુખ?'

'લે વળી હું પ્રમુખ, રઘલી મંત્રી અને એપાર્ટમેન્ટની બધી કામવાળી અમારા મંડળની સભ્ય છે... અમે પણ વ્હૉટ્સ ઍપ ગ્રૂપ બનાવ્યું છે. દરેકે ફરજિયાત ત્રણ રજા ભોગવવાની.'

એ ત્રણ રજા પછી ચોથી કાકીસાસુ ગુજરી જાય એની, પાંચમી હસબન્ડને ઍક્સિડન્ટ થયો અથવા નાનકાને બહુ તાવ આવ્યો એટલે કુલ ત્રણની જગ્યાએ પાંચ-છ રજા તો જુદાં જુદાં બહાનાં હેઠળ પાક્કી. વધારાની રજાના પૈસા કાપીએ તો કામ છોડીને બાજુમાં કામે લાગી જાય.

બાજુમાં જતી રહે એનો વાંધો નહીં, પણ આપણા ઘરનો આખો ઇતિહાસ અને આપણે ત્યાંના બધા મંથરા, રાવણ, શકુનિ, દુર્યોધન સમા આલેખાય એ વાત પણ નક્કી. બહાનાં કાઢતાં કાઢતાં એ ભૂલી જાય કે ગયે મહિને કાકીસાસુને મારી નાખી હતી, તો આ વખતે માસીસાસુને મારવાની છે. એ પણ આપણે યાદ કરાવવું પડે કે ગયે મહિને તો તેં કાકીસાસુને મારી હતી, શું એ ફરી જીવતી થઈ ગઈ હતી? એની પાસે બીજું બહાનું પણ તૈયાર જ હોય..

અરે એ તો મારા કાકા સસરાએ બે લગન કરેલાં. તે આ બીજા નંબરની ઊકલી ગઈ... હમજ્યાં? અમે કંઈ જૂઠું નથી બોલતાં. તમારે જોવે તો મારે ઘેરે આવજો. માછીવાડમાં જ મારું ઘર છે.'

હજી વધારે કંઈ પૂછીએ ને એ નવાં બહાનાં કાઢે તે પહેલાં અમે એમને નતમસ્તક થઈ ગયાં.

કેટલાકના પતિદેવો પણ મહાન બહાનેબાજ (અઠંગ ખેલાડી) હોય છે. આખી જિંદગી પત્નીને પ્રેમાળ શબ્દો દ્વારા ભોળવીને ઊંઘાડી રાખે છે અને મુંબઈને બીજે છેડે નોકરી કરતા રહીને બીજી પત્ની ઉપર પણ પોતાની કલાની ભૂરકી છાંટીને થોડે થોડે દિવસે જિંદગીનો સ્વાદ માણતા રહે છે.

ભૂલકણા પતિ કે પત્ની પણ રોજે રોજ નવાં બહાનાં શોધીને જીવન સમતોલ બનાવે જ છે.નિર્દોષ બહાનાં હોય તો ચલાવી પણ લેવાય, પરંતુ ઇશ્કમિજાજી પતિ ફ્લૅટની જુદી જુદી બારીના પડદા અમુક સમયે ખોલીને પડોશમાં રહેલા ચાંદને ગઝલો સંભળાવે કે ઇશારાઓ કરે ત્યારે નક્કી મહાભારત સર્જાય. એવું નથી કે પતિ જ દુનિયામાં બહાનેબાજ હોય છે, પત્નીઓ પણ હોય છે. પતિ ઑફિસે જવા નીકળે કે મૅડમ પણ તરત શૉપિંગ કે કીટી પાર્ટી કરે અથવા પતિથી છુપાઈને તૂ તૂ મૈં મૈં અને ઇલુ ઇલુ કરી લે. સાંજ પડ્યે ઘરની વાત ઘરમાં અને ઘીના ઠામમાં ઘી પડી રહે ત્યાં સુધી તો ઠીક મારા ભાઈ, બાકી બહાનેબાજોની ચુંગાલમાંથી છૂટવું સહેલું તો નથી જ, ખરુંને? ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# સુખી દામ્પત્ય જીવનઃ સ્નેહની સાથે સમજણ

સામાન્ય રીતે એવું મનાતું હોય છે કે આપણે બહારના અને દૂરના સંબંધોમાં તો બહુ કર્ટસી જાળવીએ છીએ, પણ જ્યારે ઘરે આવીએ ત્યારે દુનિયાભરનો બધો જ ગુસ્સો લાઇફ પાર્ટનર પર ઢોળી નાખતા હોઈએ છીએ. આ ટેવ ખૂબ જ ખરાબ છે.



- લગ્નજીવનમાં પ્રેમ સાથે અરસપરસ સન્માન પણ જરૂરી છે.

- લાઇફપાર્ટનર પર વારંવાર ગુસ્સો કરવો

- ઉદ્ધતાઈથી જવાબ આપવો

આ બધી જબાબતો પણ પતિ-પત્નીના સંબંધોને ભારરૂપ બનાવી દેતી હોય છે. જેને એવૉઇડ કરવી જોઈએ.

- 'કભી કિસી કો મુક્કમલ જહાં નહીં મિલતા.'

કહી જમીં તો કહી આસમાં નહીં મિલતા...!

- દેશ-વિદેશમાં ખ્યાતિ ધરાવતા 'મુંબઈ સમાચાર'માં આવતી કૉલમો-પૂર્તિઓમાં દર ગુરુવારે છપાતી 'લાડકી' પૂર્તિના વહાલાં સ્ત્રી-પુરુષ વાચક ભાઇ, બહેનો-દીકરીઓ!

- મૅરેજની ફર્સ્ટ શરત ઍડ્જસ્ટમેન્ટ છે.

- બધું જ સંપૂર્ણ વ્યક્તિમાં કે ઘરમાં ક્યાંય મળતું નથી.

- ક્યાંકને ક્યાંક-કંઈ ને કંઈક તો ખૂટતું જ હોય છે.

- જો થોડું ઍડ્જસ્ટમેન્ટ કરીને જીવતાં શીખશો તો કદાચ મૅરિડ લાઇફ સારી રીતે માણી શકશો.

- સ્વભાવમાં ગમે તેટલું અંતર હોય.

- જીવનમાં ગમે તેટલી મુશ્કેલી કેમ ન હોય, પણ જો સંબંધોને પ્રેમથી અને થોડી ઉદારતા રાખીને સીંચવામાં આવે તો નાની મોટી સમસ્યાને સરળતાથી નિવારી શકાય છે.

- લાઇફ ટાઇમના સંબંધોને મધુરપથી ભરી દેવા માટે સમાધાનકારી વલણ રાખવું અનિવાર્ય છે.

- જો એકબીજાનાં સ્વભાવગત લક્ષણોને સારી રીતે જાણી લેવામાં આવે તો લગ્નજીવનમાં ઍડ્જસ્ટમેન્ટ કરવું આસાન-સહેલું બની જાય છે.

- ઉદાહરણ તરીકે એકવાર તમે તમારા લાઇફ પાર્ટનરની ખામી પૉઇન્ટ આઉટ કરો અને તે ગુસ્સે થઈ જાય તો નેક્સ્ટ ટાઇમ તમારે સમજી લેવું જોઈએ કે આ બાબત તેમને નથી ગમતી.

- આ રીતે એકબીજાની લાઇક-ડિસલાઇકને સમજી લેવામાં આવે તો ઝઘડા કે દલીલો થવાને કોઈ સ્થાન જ નથી રહેતું.

- લગ્નજીવનને સફળ અને સુંદર બનાવવામાં બન્નેનો રોલ અગત્યનો હોય છે.

- પતિ અને પત્નીનો-બન્નેનો સહયોગ જરૂરી હોય છે. ત્યારે બન્નેએ એકબીજાની પ્રશંસા કરવાની સાથે કદર પણ કરવી જોઈએ અને સારી વાતને વ્યક્ત કરવી જોઈએ.

- ઘણીવાર પતિ એવું વિચારતો હોય છે કે મારે ઑફિસનાં કેટલા ટેન્શન હોય છે. તારે તો ઘરમાં જલસાથી રહેવાનું અને મોબાઇલમાં આવતી સાચી-ખોટી ખબરો અને ટીવી સિરિયલ જોઈને મજા કરવાની.

- જોકે એક સચ્ચાઈને કદી ભૂલશો નહીં અને તે એ છે કે,

- હાઉસ વાઇફની લાઇફ પણ એટલી ઇઝી-સરળ નથી હોતી.

- હોમ મૅનેજમેન્ટ કરવું તે પણ બહુ જવાબદારીનું કામ હોય છે.

- તો સફળતા માટે એકબીજાને શ્રેય આપો અને તેમનાં કામની અને કર્તવ્યનિષ્ઠાની કદર કરતાં શીખો.

- મૅરિડ લાઇફને બોરિંગ થતી અટકાવવા માટે અને

- સાંસરિક જીવનના બોજાને હળવો કરવા થોડી મજાક મસ્તી પણ જરૂરી છે.

- થોડા સેન્સ ઑફ હ્યુમરથી મોટા મોટા ઝઘડા-કંકાશને અને ખોટી દલીલોને પણ ટાળી શકાય છે.

- હસી મજાકથી ઘરમાં પણ વાતાવરણ હળવુંફુલ રહે છે.

- લગ્નજીવનમાં પતિ-પત્ની થોડી મજાક-મસ્તી સાથે એકબીજાના દોસ્ત બની રહે તો સંબંધો તરોતાજા રહે અને લગ્નજીવનના સુખને સારી રીતે માણી શકાય છે.

## ઉપવનનાં પુષ્પો...

લગ્નજીવનની જ્યારે શરૂઆત થતી હોય ત્યારે તો વારંવાર પ્રેમનો એકરાર કરવામાં આવતો હોય છે.

- યુવક-યુવતી વાતે વાતે 'આઇ લવ યુ' બોલતાં હોય છે.

- પણ જેમ જેમ સંબંધોની ઉંમર વધતી જાય તેમ તેમ પ્રેમનો એકરાર પણ જાણે ઓછો થઈ જાય છે.

- અને પછી એક સમયે તો સાવ બંધ થઈ જાય છે.

- જોકે એવું નથી કે સમય સાથે પ્રેમ ઓછો થઈ જાય છે, પણ માત્ર એકરાર કરવાનું સાવ ભુલાઈ જાય છે.

- પ્રેમના એકરારની પણ એક મજા હોય છે.

- પ્રેમની જુદી જુદી રીતે અભિવ્યક્તિ કરવાથી સંબંધો યંગ બની જાય છે અને સંબંધોની સારી રીતે માવજત કરી શકાય છે.


## મલકાટ

*- શેઠાણી ઘરની આયાનેઃ*

***'મને, એવો વહેમ છે કે તારા શેઠ ઑફિસમાં એની સેક્રેટરીને પ્રેમ કરે છે...!***

*- આયાઃ*

***'નારે ના. તમારા કહેવાનો ભાવાર્થ હું સમજું છું. તમે એમ ઇચ્છો છો કે હું એની અદેખાઈ કરું...?'*** ■




'આ હોટેલમાં આવનારા જો રોજ આપણી જેમ ઉજાગરા કરે અને લાઈટ બાળે તો હોટેલ બંધ કરવાનો વારો આવે.' સોનલે કહ્યું.

'આવનારા મોટાભાગના ઉજાગરા જ કરતા હોય છે. હા, એટલું ખરું કે તેઓ બત્તીઓ બંધ રાખતા હોય છે. તમે કહેતાં હો તો લાઈટબંધ કરી નાખું.' સનત નીચલા હોઠને દાંત તળે દબાવતા બોલ્યો.

'મને વાંધો નથી. તમારાથી અંધારું સહન નહીં થાય.'

'તમને કેમ ખબર પડી કે મારાથી અંધારું સહન નહીં થાય? તમે જાણે મારા રૂમ પાર્ટનર હો.'

'મને ખબર છે તમે લોકો અંધારું વધુવાર સહન કરી ન શકો. તમે વિચારી જોજો. હમણા પ્રયોગ કરવા જેવો નથી.'

'મને સમજાતું નથી કે તમે મને માહિતિ આપો છો કે ઉશ્કેરો છો.'

'તમે ઉશ્કેરાઈ જાઓ તે મને પોષાય તેમ નથી. હા, તમે રજા આપો તો હું સુઈ જાઉં. હવે થાકી છું.'

'ના, એમ સુવા નહીં મળે. કાલે તો હાથ હલાવી, થોડા મીઠા શબ્દો બોલીને છુટા પડી જવાના છો. તમારી વાર્તા એ મોડ પર આવી ગઈ છે કે હવે એન્ડ સુધી પહોંચ્યા વગર ચેન નહીં પડે.'

'મને લાગે છે કે મને આશરો આપવાની પૂરેપૂરી કિંમત વસૂલવાના છો.'

'ફક્ત તમારી વાત જાણીને સંતોષ મેળવીશ બસ. તમે કહો કે તમારા ભાઈએ તમારા સામે સ્માઈલ શા માટે કર્યું?'

'પાણી આપો અને એસી ડાઉન કરો. હવે રૂમ બહુ ઠરી ગયો છે.'

સનતે રીમોટથી એસી ડાઉન કર્યું. સોનલે થોડું પાણી પીધું. તે પોતાના ગળા પર ઉંધી હથેળી ફેરવી કંઈક યાદ કરતી હોય તેમ ભીંત સામે જોઈ રહી, યેસ્સ. થોડીવાર તો મને પણ ન સમજાયું કે સંજય મારી સામે શા માટે હસ્યો. એના સ્માઈલની નોંધ રત્નાકરજીએ પણ લીધી હતી. એ ચબરાક માણસ સમજી ગયા હતા કે કંઈક ઉંધું ચતું થશે. સ્ટાફની હાજરીમાં જ મેં ખુરશી ખાલી કરી પપ્પાનો હાથ પકડીને મેં એ ખુરશી પર બેસાડ્યા. પપ્પાને ખરેખર ગમ્યું હતું. મેં એક વર્ષ પછી પપ્પાના ચહેરા પર એ ખુમારી જોઈ જે દાદા હયાત હતા ત્યારે દેખાતી. જાણે મેં તેમનું સ્વમાન પાછું આપ્યું હતું. સંજય છેક સાડા છ વાગે આવ્યો. આવીને તે નીચે જ બેસી ગયો. હું પણ તે વખતે નીચે હતી. તેણે મારી નોંધ જ ન લીધી. મને તેનું વર્તન અજીબ લાગતું હતું.

'તમારા પપ્પાએ મમ્મીને જાણ ક્યારે કરી?'

'તમે એમ માનો છો કે કોઈ પુરુષ આવી બાબતમાં પત્નીને જાણ કર્યા વગર રહી શકે?' તેમણે એકાદ કલાક પછી મને કહ્યું, 'સોનુ તારી મમ્મીને કહેવું જોઈએ કે નહીં?' મેં ઉત્સાહથી કહ્યું, 'હા, પપ્પા જરૂર કહેવું જોઈએ.' મને એ જાણવામાં રસ હતો કે મમ્મી શું રીએક્ટ કરે છે. પપ્પાએ મારી હાજરીમાં જ મમ્મીને ફોન જોડ્યો. જે રીતના ભાવ પપ્પાના મોં પર આવતા હતા તે જોઈને લાગતું હતું કે મમ્મી ખુશ થઈ હતી. પપ્પાએ એ દિવસે આખા સ્ટાફને આઈસક્રીમ ખવડાવ્યો. સાંજે જયનો મારા પર ફોન આવ્યો. તેણે જે કહ્યું તે મારા માટે ચોંકાવનારું હતું. સામાન્ય રીતે જય મર્યાદા તોડતો નહીં. તેમ દાદાના મૃત્યુ પછી તે મોટાભાગે રાજસ્થાનની ખાણોના કામકાજમાં ડૂબેલો રહેતો. પણ તેની બદલાયેલી ભાષાએ મને આંચકો આપ્યો. એ ભાઈએ તો મેં ફોન ઉપાડ્યો એટલે સીધું એમ જ કહ્યું, 'સોનલ તેં અને વોરાએ આખરે કુલડીમાં ગોળ ભાંગ્યો એમ? તમે બેય જણાએ આ સારું નથી કર્યું. આનું બહુ ખરાબ પરિણામ આવશે.'

મેં એનો ગુસ્સો ઠંડો પાડવાના ઈરાદાથી કહ્યું, 'એમાં રત્નાકરજીને શા માટે સંડોવે છે? એમને તો આપણે જેમ કહીએ તેમ કરી આપે. એ આપણા પગારદાર માણસ છે.'

'મને સમજાવ નહીં સોનલ. એ માણસ શું છે તે હું સારી રીતે જાણું છું. દાદાજીને વિલ બનાવવામાં તેણે જ સલાહ આપી હશે. એ માણસને તારામાં આટલો ઈન્ટ્રેસ કયા કારણે છે? એનો તો કોઈ કુંવારો છોકરો પણ નથી.'

સનત એ સમયે જય મારી સામે હોત તો મેં એને જરૂર મારી લીધો હોત. મારું આટલું મોટું અપમાન કોઈએ કર્યું નહોતું. મારાથી બોલાઈ ગયું, 'યુ શટ અપ નોનસેન્સ. તને ભાન છે કે જેની સાથે તું ગંદી વાત કરી રહ્યો છે એ તારી બહેન છે?' એ નાલાયકે જરાય શરમાયા વગર કહી દીધું, 'કેવી બહેન ને કોની બહેન? પપ્પાએ યુવાનીમાં જલસા કર્યા એથી અમે કોઈને પણ બહેન માની લઈએ?'

મને ખરેખર એટલો ગુસ્સો આવ્યો કે મેં ફોન બંધ કરી નાખ્યો. મારા આખા દિવસના આનંદ અને હળવાશ જયના એક ફોનથી વેરણ છેરણ થઈ ગયા. મને થયું કે મારે એ ઘર છોડીને ચાલ્યા જવું જોઈએ. મારું છેલ્લું વર્ષ સતત તાણ અને સ્ટ્રીન બર્ડનમાં વિત્યું હતું. મન અને શરીર બેય આરામ માગતા હતા. સામાન્ય રીતે સાડા આઠ થાય એટલે સ્ટાફ ચાલ્યો જાય. બહારથી શટર ઉતારી દેવામાં આવે. અંદર અમે અને હિસાબ સંભાળનાર હોય. બહાર સીક્યોરીટીના માણસો હોય. તે દિવસે રીતસર મારું મગજ બહેર મારી ગયું હતું. જયના શબ્દો એટલા શોકીંગ હતા કે મારો ગુસ્સો ઉદાસીમાં ફેરવાઈ ગયો. બરાબર તે વખતે જ રત્નાકરજીનો ફોન આવ્યો. મને વાત કરવાનું મન નહોતું. પણ એમ કરવું સારું નહીં એમ સમજીને મેં ફોન ઉપાડ્યો. સામે રત્નાકરજીનો અવાજ અસામાન્ય હતો. તેઓ મારી જેમ શોક્ડ હતા. કદાચ જયે મને જે કહ્યું તેના કરતા રત્નાકરજીને વધારે કહ્યું હતું. એ નાલાયકે મને ફોન કર્યો સાથે તેણે રત્નાકરજીને પણ ફોન કર્યો હતો. કોઈ ચારીત્ર્ય પર કોઈ શંકા કરે તે અણિશુદ્ધ. માણસ માટે આઘાતજનક હોય છે. તેણે રત્નાકરજીને એમ કહ્યું હતું કે, 'તમને તમારા પગારમાં રસ છે કે સોનલમાં?' બોલો જેમને હું દાદાજી માનતી હતી તેવા એક વૃદ્ધ માણસ પર જયે ગંદો આક્ષેપ મૂકી દીધો હતો. મને ભય લાગ્યો કે ક્યાંક રત્નાકરજી અમારી પેઢીમાંથી છૂટા ન થઈ જાય. હું ખરેખર રડી પડેલી અને રડતાં રડતાં જ કહેલું, 'દાદાજી મને તમારી જરૂર છે. અત્યારે માત્ર તમારો જ સહારો છે. તેમણે અત્યંત સ્નેહભાવે કહ્યું, 'ના, બેટા મને લાગે છે મારી ફરજ નિભાવવાનો સમય હવે આવ્યો છે. મને અંદાજ નહોતો કે નાનો પણ મોટા જેવો જ હશે. આ મણિરામ ઝવેરીનું લોહી નથી. એ બેય એમના મામાઓનો વારસો લઈને જન્મ્યા છે. મેં ઘણી દિવાળીઓ જોઈ નાખી છે. મને આજે તારા પર ગર્વ થાય છે કે આવા લોકોની વચ્ચે તું મોટી થઈ અને ભણી શકી.'

'દાદાજી મને તો થાય છે કે કાલે જ ક્યાંક ઉપડી જાઉં. હું તો આ દેશ છોડીને બહાર સેટલ થવાનું વિચારું છું.'

'એ બધું થશે. હું તને મદદ કરીશ. પણ કોઈ ઉતાવળું પગલું ન ભરતી. થોડા દિવસ કોઈ શાંત જગ્યાએ ચાલી જા. મન હળવું થશે. ચિત્ર સ્પષ્ટ થતું જાય છે. આપણે તારા પપ્પાને હવાલો સોંપ્યો એ પણ એમને પસંદ પડ્યું નથી. એનો અર્થ એવો પણ થાય છે કે એ લોકો હવે શાંત નહીં બેસે. હવે ત્રીજું ફેક્ટર ઉમેરાયું છે.'

'ત્રીજું ફેક્ટર કયું દાદાજી?'

'તમારા મમ્મી આખાય પ્રકરણમાં ત્રીજું ફેક્ટર છે. તમે જોજો હવે એ એટલા એક્ટિવ થશે કે પેલા બે ભાઈઓ ઉશ્કેરાશે અને એ બંને ઉશ્કેરાટ તમારા પર ઠાલવશે. કારણ કે તમારા પપ્પાને પાવરદાર તમે બનાવ્યા છે. એટલું જ નહીં, એમાં હું પણ આવી જઈશ. એ લોકો એમ માને છે કે, તમે બધું મારા કહ્યા પ્રમાણે જ કરો છો. આજે મારા પર જે ફોન આવ્યો તે શરૂઆત છે. હું જાણતો જ હતો પણ આજે એહસાસ થયો કે એ લોકો સાવ છીછરા છે. મેં મારી લાઈફમાં આવા ઘણા માણસો જોયા છે. તમે ડિસ્ટર્બ ન થતા. મારી જ્યાં જરૂર પડશે ત્યાં હું તમને મદદ કરતો રહીશ. તમે હવે શો રૂમ પર આવશો કે નહીં આવો?'

'તમે જ કહો. મારે આવવું જોઈએ કે નહીં, તમારો શો મત છે?' મેં રત્નાકરજીની રાય જાણવા માટે પુછ્યું.

'જુઓ આમ તો તમારી મરજીની વાત છે. તમારે આવવું હોય તો આવો, ન આવવું હોય તો ન આવો. પણ જ્યારે તમે કોઈ અન્યને વહીવટ સોંપી જ દીધો હોય તો મારો મત છે કે તમારે ન આવવું જોઈએ અને નહીં આવો તો પેલા બેયનું ધ્યાન તમારા પર ઓછું ફોકસ થશે.'

'તમે લોકો ઘેર આવ્યાં પછી સંજયનું વર્તન કેવું હતું?'

'મને એના મૌનની બીક લાગતી હતી. ભડભડિયો માણસ અચાનક ચૂપ થઈ જાય ત્યારે તે ડરામણો લાગે.' રત્નાકરજીએ કહ્યું 'તેમ મારી મમ્મી ઉત્સાહમાં હતી. સનત કેટલાય સમય પછી ઘરના સૌ એક સાથે, એક ટેબલ પર બેસીને જમ્યા. છતાં મૌન એટલું ઘેરું હતું કે મારાથી સહન થતું નહોતું. મેં વાતાવરણ હળવું કરવા જ મમ્મીને પૂછ્યું, 'મમ્મી તમને ખબર છે આજે પપ્પાએ મને જવાબદારીઓમાંથી મુક્ત કરી દીધી? કાલે મને કોઈ ઉઠાડતા નહીં. હું નિરાંતે સુવા માગું છું.' મારી બેઉ ભાભીઓ કંઈક વિચિત્ર રીતે મને જોઈ રહી. મને ખ્યાલ આવી ગયો કે ભાઈઓએ અને ભાભીઓ વચ્ચે ચર્ચા થઈ છે. મારી મમ્મીના મોં પર કોઈ છુપા આનંદનો રોમાંચ હતો. કેટલાંય વર્ષો પછી તેની કોઈ ઈચ્છા પૂરી થઈ હતી.

'મને એ સમજાવો કે તમે તમારા પપ્પાને પાવરદાર બનાવ્યા પછી એની ટર્મ કન્ડીશન શું હતી?'

'સનત, પાવર ઓફ એટર્ની બે ત્રણ જાતની હોય. મેં પપ્પાને જનરલ પાવર આપ્યો હતો. જનરલ પાવરદારને બધી જ છુટ હોય. જે માલિક કરી શકે તે બધા જ નિર્ણયો પાવરદાર લઈ શકે. હા બહુ ચતુરાઈપુર્વક રત્નાકરજીએ મકાન અને દાદાજીના લોકરને એ પાવરમાંથી બાકાત રાખ્યા હતા.'

'પ્રોપર્ટી વેચી પણ શકે?'

'હા, વેચી પણ શકે. સિવાય કે કોઈ કાયદાકીય ગૂંચવાડા ન હોય. સંજયને આ કાયદાની ખબર હતી. એ છેક સાંજે આવ્યો. કદાચ એના કોઈ વકીલ મિત્રને પૂછ્યું હશે. તેણે જય સાથે પણ વાત કરી હશે. મને તો ત્યારે જ નવાઈ લાગી હતી જ્યારે તે સ્માઈલ ફેંકીને ચાલ્યો ગયો હતો. જમતી વખતે તે અજબ રીતે મૌન હતો. પપ્પા જાણે કોઈ ચર્ચા ઉખેડવા માગતા નહોતા.'

'તો એ રાતે તમારા પપ્પાએ ઉજવણી કરી હશે?' બોલ્યા પછી સનતે દાંત કાઢ્યા.

'એટલે?' પૂછી નાખ્યા પછી સોનલના મગજમાં લાઈટ થઈ. તેણે સનત સામે મુઠ્ઠી ઉગામતા કહ્યું 'યુ નોટી. તમનેય મસ્તી સુઝે છે. હું એમના બેડરૂમની ચોકીદાર નહોતી. એન્ડ ધે આર માય પેરેન્ટસ. મમ્મી બહુ ખુશ હતી. મને એ સમજાતું નથી કે માણસો પૈસો મળવાથી રોમાંચિત કેમ થઈ જતા હશે. મને તો કદી એવો રોમાંચ જાગ્યો જ નહીં.'

'તમારામાં રોમાંચનો પ્રોગ્રામ જ ઈન્સ્ટોલ નથી થયેલો શું થાય?'

'સાચી વાત છે તમારી. મને એવું બધું નથી આવડતું. ક્યા કરે? હમ હમ હૈ. તુમ તુમ હો.'

'પણ પછી શું થયું એ કહેશો કે નહીં?'

'જે થયું તે સવારે નાસ્તાના ટેબલ પર થયું. ઉત્સાહમાં આવી ગયેલા પપ્પાએ સંજયને ઉદ્દેશીને વાત શરૂ કરી અને તે પછી નોકરોની હાજરીમાં જ તમાશો થયો. એક રાતમાં જ મમ્મીએ તેની મહત્વકાંક્ષાનો પરચો બતાવ્યો.' (ક્રમશઃ)■

**માણસો પૈસો મળવાથી રોમાંચિત કેમ થઈ જતા હશે. મને તો કદી એવો રોમાંચ જાગ્યો જ નહીં. તમારામાં રોમાંચનો પ્રોગ્રામ જ ઈન્સ્ટોલ નથી થયેલો... શું થાય?!**

# પાકિસ્તાની ક્રિકેટરો ઝામ્બિયાના પાટનગરમાં પહોંચ્યા પણ રમ્યા નહીં, જાણો શા માટે...

કરાચી: ખેલજગતમાં પાકિસ્તાનની નામોશીના નવા-નવા કિસ્સા બહાર આવી રહ્યા છે. કૉમનવેલ્થ ગેમ્સમાં માંડ એક બ્રૉન્ઝ મેડલ જીતીને પાકિસ્તાનના ઍથ્લીટોનો સંઘ પાછો આવ્યો એના પાછલા દિવસે સંઘને ખબર પડી હતી તેમની ટુકડીનો બૉક્સર પાસપોર્ટ અને રિટર્ન-ટિકિટ ટીમના મૅનેજર પાસે જ છોડીને સ્કૉટલૅન્ડમાં ક્યાંક ગાયબ થઈ ગયો છે. આ તો થઈ કૉમનવેલ્થની વાત. બુધવારે ખબર પડી છે કે ઝામ્બિયામાં પાકિસ્તાનના કેટલાક ભૂતપૂર્વ ક્રિકેટરોએ શરમજનક સ્થિતિમાં મુકાઈ જવું પડ્યું હતું.

આફ્રિકા ખંડના ઝામ્બિયા દેશમાં ક્રિકેટ હજી ઊભરી રહી છે ત્યારે ત્યાં આયોજિત ક્રિકેટ ટૂર્નામેન્ટ વિવાદના વમળમાં ફસાઈ છે. એશિયન લેજન્ડ્સ લીગ નામની આ ટૂર્નામેન્ટને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ને મંજૂરી જ નથી મળી અને પાકિસ્તાનના મોહમ્મદ હાફીઝ, સોહેલ તનવીર, ઉમર અકમલ વગેરે ખેલાડીઓ આ લીગમાં રમવા સહમત થયા, પરંતુ પાટનગર લુસાકામાં આવ્યા બાદ તેઓ મેદાન પર રમવા નથી ઊતર્યા.


આઇસીસીની પરમિશન આ ટૂર્નામેન્ટને ન મળી હોવાનું જણાતા આ ખેલાડીઓએ રમવાનું ટાળ્યું હતું, પરંતુ પાકિસ્તાનના જ અન્ય કેટલાક ખેલાડીઓએ ભાગ લીધો છે એટલે તેમના રમવા પર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) લગભગ બે વર્ષનો પ્રતિબંધ મૂકશે એવી સંભાવના છે. ખુદ ઝામ્બિયામાં ક્રિકેટનું સંચાલન કરનાર ઝામ્બિયા ક્રિકેટ યુનિયને જ ગયા અઠવાડિયે જાહેર કર્યું હતું કે 'અમે હજી સુધી આ એશિયન લીગ માટે પરવાનગી નથી આપી.' એમ છતાં પાકિસ્તાનના ખેલાડીઓ લુસાકા પહોંચી ગયા હતા. પરિણામે, પીસીબી આ ખેલાડીઓ પર ગુસ્સે થયું છે.

ટૂર્નામેન્ટ ૩૦મી જુલાઈએ શરૂ થઈ ચૂકી છે. એમાં ઇન્ડિયન રૉયલ્સ, શ્રીલંકા લાયન્સ, બાંગ્લાદેશ ટાઇગર્સ, અફઘાનિસ્તાન પઠાન્સ અને એશિયન સ્ટાર્સનો સમાવેશ છે. ■

# ટેસ્ટ ટીમમાં સાતથી આઠ સિનિયર ખેલાડી હોવા જ જોઈએ: ગંભીરના ટીમ મૅનેજમેન્ટ માટે રહાણેની ટકોર

મુંબઈ: આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફરી રમવા મળશે એવી ઘણા મહિનાઓ સુધી રાહ જોયા બાદ તાજેતરમાં જ નિવૃત્તિ લઈ લેનાર ભૂતપૂર્વ કૅપ્ટન અને ભરોસાપાત્ર બૅટ્સમૅન અજિંક્ય રહાણેએ હેડ-કોચ ગૌતમ ગંભીરના વડપણ હેઠળના ટીમ મૅનેજમેન્ટને એક પૉડકાસ્ટ પરની મુલાકાત મારફત અરજ કરી છે કે 'ટેસ્ટ ક્રિકેટમાં ભારતને ગૌરવના દિવસો પાછા અપાવવા માટે તમે ટેસ્ટ ટીમ માટે સિનિયર ટેસ્ટ ખેલાડીઓની ગણતરી કરો અને એ રીતે તેમનું માન જાળવો એ જરૂરી છે.'





ગૌતમ ગંભીરના કોચિંગમાં વાઇટ-બૉલ ફૉર્મેટની (વન-ડે તથા ટી-૨૦ની) દ્વિપક્ષી શ્રેણી તેમ જ ટૂર્નામેન્ટોમાં ભારતીય ટીમનો પર્ફોર્મન્સ સારો રહ્યો છે, પરંતુ તેના જ કોચિંગમાં લાંબા ગાળાના ફૉર્મેટમાં (ટેસ્ટ ક્રિકેટમાં) ભારતીય ટીમે જે ખરાબ પર્ફોર્મ કર્યું છે એવું અગાઉ કોઈએ ધાર્યું પણ નહીં હોય. આ વિષયમાં રહાણેનું માનવું છે કે 'ટેસ્ટ ટીમમાં સિનિયર ખેલાડીઓની બહુ ઓછી હાજરી છે એટલે જ આપણે ટેસ્ટમાં સારું નથી રમી શકતા. ટીમ મૅનેજમેન્ટે ઓછા અનુભવી ખેલાડીઓ પર જ બધો મદાર રાખવાને બદલે જો અનુભવી અને પીઢ પ્લેયર્સ પર ભરોસો રાખ્યો હોત તો મૅચોનાં પરિણામો જુદાં હોત. ટેસ્ટમાં સંગીન પરિણામ લાવવા ટીમમાં સાતથી આઠ સિનિયર ખેલાડીઓ અને બે-ત્રણ યુવાન ટૅલન્ટેડ પ્લેયર્સ હોવા જરૂરી છે. જોકે હાલની ટેસ્ટ ટીમમાં મોટા ભાગના ખેલાડીઓ એક રીતે નવા છે. ટીમમાં ભાગ્યે જ સિનિયર ખેલાડી છે. બીજું, ટેસ્ટ-ક્રિકેટના ચાહકો મારી દૃષ્ટિએ ખરા ક્રિકેટ લવર્સ છે.'

ગણતરીના મહિનાઓમાં પાંચ દિગ્ગજ ખેલાડીઓએ ટેસ્ટ-ક્રિકેટને ગુડબાય કરી છે અને એમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, રવિચન્દ્રન અશ્વિન, ચેતેશ્વર પુજારા અને ખુદ અજિંક્ય રહાણેનો સમાવેશ છે. આ દિગ્ગજોની નિવૃત્તિઓને લીધે ટેસ્ટ ટીમ નબળી પડી ગઈ છે. ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩થી પરાજય થયા પછી સાઉથ આફ્રિકા વિરુદ્ધ ૦-૨થી હાર જોવી પડી હતી. ઑસ્ટ્રેલિયામાં ભારતીયો ૧-૩થી હારી ગયા હતા.

રોહિત, વિરાટ અને અશ્વિને અચાનક ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી, જ્યારે પુજારા તથા રહાણેએ લાંબા સમયથી અવગણના થતાં છેવટે રિટાયરમેન્ટ લઈ લીધું છે. પરિવર્તન તો ક્રિકેટનો નિયમ છે અને દરેક ટીમ માટે એ તબક્કો આવે જ છે, પણ એ પરિવર્તન કેવી રીતે આવે છે અને ટીમ મૅનેજમેન્ટ એ પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરે છે એ સૌથી મહત્ત્વની વાત છે.

રહાણેનું માનવું છે કે 'મને આપણી ટેસ્ટ ક્રિકેટ વિશે ખૂબ ચિંતા છે. મેં છેલ્લાં બે-ત્રણ વર્ષમાં જોયું છે કે ઘણા ટેસ્ટ ખેલાડીઓ નિવૃત્ત થઈ ગયા હોવાથી ટેસ્ટ ટીમમાં સિનિયર ખેલાડીઓનું માન જળવાવું જોઈએ.' ■

# પૂરગ્રસ્ત આસામમાં મદદ માટે 'રોબો ડૉગ'ની અપીલ




આસામમાં પૂરની ગંભીર સ્થિતિ વચ્ચે ગુવાહાટીમાં રમાતી આસામ પ્રીમિયર લીગ દરમ્યાન મેદાન પર બુધવારે રૉબોના રૂપમાં ડૉગ મૂકવામાં આવ્યો હતો જેની પીઠ પર લખ્યું હતું, 'આસામને તમારી (માનવતાવાદી મદદની) જરૂર છે'.

# કાશ્મીરના ફાઇટરે વર્લ્ડ ચૅમ્પિયનને હરાવ્યા પછી સૌથી પહેલાં ભારતનો આભાર માન્યો

શ્રીનગર: કાશ્મીરના પુલવામામાં રહેતા ઓવૈસ યાકૂબ નામના મિક્સ્ડ માર્શલ આર્ટસ (એમએમએ) ફાઇટરે બલ્ગેરિયાના ડેલ્યાન જ્યોર્ગિવને હરાવીને દેશને ગૌરવ અપાવ્યું અને મંગળવારે તે પાછો આવ્યો ત્યારે પુલવામામાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યાકૂબે સ્વદેશ પાછા આવ્યા બાદ કહ્યું, 'સૌથી પહેલાં હું ભારતનો આભાર માનું છું. આજે માત્ર આ વિસ્તાર જ નહીં, પણ સમગ્ર ભારત દેશ મારી જીત સેલિબ્રેટ કરી રહ્યો છે.'



યાકૂબ સામે પરાજિત થનાર જ્યોર્ગિવ આઇએમએમએએફનો વર્લ્ડ ચૅમ્પિયન છે. યાકૂબે પત્રકારોને કહ્યું, 'આખું ભારત મારી જીતની ઉજવણી કરે છે એવું મને લાગી રહ્યું છે. આ દેશમાંથી ઘણાએ મને આ મુકાબલા માટે નૈતિક ટેકો આપ્યો હતો. ૧૬ લાખથી પણ વધુ લોકોએ મારી આ ફાઇટ ટીવી અને ઍપ પર લાઇવ જોઈ હતી. હું ભારતથી ગયો ત્યારે મને ઈજાને લીધે ખભો અને પગમાં ખૂબ દુખાવો હતો. જોકે હું મુકાબલાના સ્થળે પહોંચ્યો ત્યારે મને તાવ પણ આવ્યો હતો. જોકે મેં મારા મુકાબલા પરથી ધ્યાન નહોતું હટાવ્યું અને જીતીને રહ્યો.' ■

# કૉમનવેલ્થ પછી સ્કૉટલૅન્ડમાં પાંચ વિદેશી બૉક્સર ગાયબ!

ગ્લાસગો: રવિવારે સ્કૉટલૅન્ડના ગ્લાસગોમાં કૉમનવેલ્થ ગેમ્સ પૂરી થઈ ત્યાર બાદ સમાચાર મળ્યા છે કે સ્કૉટિશ પોલીસ કુલ પાંચ વિદેશી મુક્કાબાજોને શોધી રહી છે. આમાંથી ચાર બૉક્સર યુગાન્ડાના છે અને એક બૉક્સર પાકિસ્તાનનો છે. બન્ને દેશના ઍથ્લીટો સ્વદેશ જવા એકત્રિત થયા ત્યારે આ મુક્કાબાજો એમાં નહોતા. પાકિસ્તાનના કિસ્સામાં તો એવું છે કે કુદ્રતુલ્લા નામનો મુક્કાબાજ પોતાનો પાસપોર્ટ અને રિટર્ન-ટિકિટ ટીમ મૅનેજર પાસે છોડીને ગુમ થઈ ગયો છે. ૨૦૧૪માં સ્કૉટલૅન્ડમાં જ અને ૨૦૧૮માં ઑસ્ટ્રેલિયામાં પણ કૉમનવેલ્થ બાદ વિદેશી ઍથ્લીટોએ આશ્રય લીધો હોવાના કિસ્સા બની ગયા હતા. ■

# વન-ડે વર્લ્ડ કપ વિશે અપડેટ... જાહેર થઈ ક્વૉલિફાઇંગની તારીખો

નવી દિલ્હી: આવતા છ-સાત મહિનામાં ભારતીય ક્રિકેટરોની શ્રીલંકા, વેસ્ટ ઇન્ડિઝ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા અને ઝિમ્બાબ્વે સહિત ઘણા દેશો સામે નાની-મોટી દ્વિપક્ષી શ્રેણીઓ રમાવાની છે, પણ સૌની નજર સવા વર્ષ પછી (ઑક્ટોબરમાં) સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં સંયુક્ત રીતે યોજાનારા વન-ડેના વર્લ્ડ કપ પર છે અને એ વિશેની કેટલીક ઉપયોગી જાણકારી બહાર આવી છે. આ એ વર્લ્ડ કપ છે જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા બે દિગ્ગજ રમશે એવી સંભાવના છે એટલે ભારતીયોનો રસ એમાં વધી રહ્યો છે.



૨૦૨૭ના ઓડીઆઇ (વન-ડે ઇન્ટરનૅશનલ) વર્લ્ડ કપ પહેલાં ક્વૉલિફાઇંગ મૅચો રમાશે જેની તારીખ જાહેર થઈ છે. જોકે એ મૅચો ક્યાં રમાશે એ નક્કી થવાનું હજી બાકી છે. એક વાત નક્કી છે કે એ વર્લ્ડ કપમાં કઈ-કઈ ટીમો રમશે ખાસ તો એના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

આઇસીસીએ નક્કી કર્યું છે કે ક્વૉલિફાઇંગ મૅચો આગામી ફેબ્રુઆરી-માર્ચ દરમ્યાન રમાશે. આ રાઉન્ડનું આઇસીસીએ જાહેર કરેલું ફૉર્મેટ રોમાંચક છે. ક્વૉલિફાઇંગ રાઉન્ડ બાવીસમી ફેબ્રુઆરીથી ૨૩મી માર્ચ સુધી (લગભગ એક મહિના સુધી) રમાશે. એના પરથી સ્પષ્ટ થઈ જશે કે વર્લ્ડ કપમાં અગાઉથી જ રૅન્કિંગને આધારે સ્થાન મેળવી ચૂકેલી મુખ્ય ટીમો સાથે બીજી કઈ ટીમો ભાગ લેશે. વર્લ્ડ કપ ચોથી ઑક્ટોબરથી ૧૧મી નવેમ્બર સુધી રમાશે. વિશ્વ કપની મૅચો કુલ ૧૨ સ્ટેડિયમોમાં રમાશે.

વર્લ્ડ કપમાં કુલ ૧૪ દેશની ટીમ ભાગ લેશે. જોકે એ પહેલાં, ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં ૧૦ દેશની ટીમ ભાગ લેશે. અહીં સવાલ એ છે કે કઈ ૧૦ ટીમ ક્વૉલિફાય થશે? જવાબ એ છે કે આઇસીસી વન-ડે રૅન્કિંગમાં જે ટીમો ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ટોચના આઠ સ્થાને હશે એ સીધી વર્લ્ડ કપમાં પ્રવેશ કરશે. પછીના બે ક્રમની ટીમે ક્વૉલિફાયર રમવી પડશે. એમાં જીતનારી ટીમ સીધી બીજા રાઉન્ડમાં પહોંચી જશે, જ્યારે સાઉથ આફ્રિકા તથા ઝિમ્બાબ્વેને યજમાન હોવા બદલ સીધો પ્રવેશ મળશે.

સુપર સિરીઝ તરીકે ઓળખાનારા ફૉર્મેટના હિસ્સામાં સૌથી નીચલા ક્રમની ત્રણ ટીમ ટૂંકા રાઉન્ડ-રૉબિનમાં ભાગ લેશે. એમાં વિજેતા થનારી ટીમ મુખ્ય દેશોના ગ્રૂપમાં જોડાશે અને બાકીની બે પરાજિત ટીમ સ્પર્ધાની બહાર ફેંકાઈ જશે. એ સાથે ૧૨ દેશ નક્કી થઈ જશે. એ ૧૨ દેશને બે ગ્રૂપમાં વહેંચી નાખવામાં આવશે. આ તમામ ટીમો વચ્ચે રાઉન્ડ-રૉબિન તબક્કામાં કુલ ૩૦ મૅચ રમાશે. બન્ને ગ્રૂપની ટોચની ત્રણ-ત્રણ ટીમ અને ચોથા નંબરની બેસ્ટ ટીમ આગળના રાઉન્ડમાં જશે. હવે કુલ સાત ટીમ વચ્ચે સિંગલ રાઉન્ડ-રૉબિન યોજાશે જેમાં ૨૧ મૅચો રમાશે અને એમાં ટોચના ચાર સ્થાને રહેનારી ટીમ સેમિ ફાઇનલમાં જશે. સેમિમાં પ્રથમ નંબરની ટીમનો મુકાબલો ચોથા નંબરની ટીમ સામે અને બીજા ક્રમની ટીમનો ત્રીજા ક્રમની ટીમ વિરુદ્ધ થશે. એમાં જીતનારી બે ટીમ વચ્ચે ૧૧મી નવેમ્બરે ફાઇનલ રમાશે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.



## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| खेप | સિવાય |
| खेरीज | સુકાની |
| खेळकर | ફેરો |
| खेवैया | વેરવિખેર |
| खेळखंडोबा | રમતિયાળ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | ■ | ૪ | | ■ | ૫ |
| ૬ | ૭ | | ■ | ૮ | | | ■ | ૯ | |
| ■ | ૧૦ | | | | ■ | ■ | ૧૧ | | |
| ૧૨ | | | ■ | ■ | ૧૩ | ૧૪ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | ■ | | ■ |
| ■ | ■ | ૨૧ | | | ■ | ■ | ૨૨ | | |
| ૨૩ | ૨૪ | | ■ | ■ | ૨૫ | | | | ■ |
| ૨૫અ | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | | ૨૮ |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | ■ | |

### આડી ચાવી

૨. હોઠ (૩)
૪. ડાહ્યું, ઠરેલ (૨)
૬. સર્વ, તમામ (૩)
૮. તેજીને --- અને ગધેડાને ડફણાં (૩)
૯. શાકભાજી, ફળફૂલ વગેરેનો બગીચો (૨)
૧૦. ઉજાગરો (૪)
૧૧. ભવાડો, ફજેતો (૩)
૧૨. જંગલ (૩)
૧૩. ઉત્તર (૩)
૧૫. દુવાઈ, આજ્ઞા (૨)
૧૬. વિવિધ પ્રકારે (૪)
૧૮. પાસે પાસે, સાવ નજીક (૪)
૨૦. --- ભાડું ને સિદ્ધપુરની યાત્રા (૨)
૨૧. દશ વર્ષનો સમય (૩)
૨૨. ચાબૂકનો અવાજ (૩)
૨૩. વજનમાં હળવું (૩)
૨૫. હવાપાણી (૪)
૨૫અ સંસાર સુખમાં આસક્તિવાળું (૨)
૨૬. વિરુદ્ધ (૩)
૨૭. કમળનું જન્મસ્થાન (૩)
૨૯. ભીનાશ (૨)
૩૦. તૈયાર, સજ્જ (૩)

### ઊભી ચાવી

૧. ઝાકળ (૨)
૨. મુખ્ય, મોખરેનું (૪)
૩. --- કરવું=વારે વારે યાદ કરવું (૩)
૪. છિદ્ર, કાણું (૨)
૫. પંખી, વાંદરા વગેરેને બિવરાવવા માટે ખેતરમાં કરેલો માણસ જેવો આકાર (૩)
૭. કબરસ્તાન (૫)
૯. પાણી, જળ (૨)
૧૧. તાદૃશ, આબેહૂબ (૩)
૧૪. સગું, સંબંધી, ઓળખીતું (૩)
૧૫. આંતરો, પડદો (૩)
૧૭. નકામી માથાઝીક, ખોટો બકવાટ (૫)
૧૯. અધિક, વધારે (૩)
૨૨. વિના --- નહીં ઉદ્ધાર (૪)
૨૩. રખડતું, ભટકતું (૩)
૨૪. સુધી (૨)
૨૫. જે અણધારી આવે તે (૩)
૨૬. ગુસ્સો, ચીડ (૨)
૨૮. જંગલી કે જંગલનું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વી | ૨ ર | ૩ પ | સ | ૪ લી | ■ | ૫ મ | ૬ હા | ૭ વી | ર |
| ■ | ૮ ક્ષ | ણ | ■ | ૯ લા | ૧૦ લ | ■ | ૧૧ ર | જ | ■ |
| ૧૨ પં | ક | ■ | ૧૩ સ | ગ | વ | ડ | ■ | ■ | ૧૪ જ |
| થી | ■ | ■ | ■ | ૧૫ ર | ણ | ■ | ૧૬ શો | ■ | ખ |
| ■ | ૧૭ ભ | ■ | ૧૮ શી | ■ | ■ | ૧૯ ધ | ર | ૨૦ ખ | મ |
| ૨૧ પ | ક્ષ | ૨૨ પા | ત | ■ | ■ | ન | ■ | લ | ■ |
| રો | ■ | ળ | ■ | ૨૩ જ | ૨૪ ર | ■ | ■ | ■ | ૨૫ પ્ર |
| ઢ | ■ | ■ | ૨૬ અ | ણ | સા | ર | ■ | ૨૭ સ | જા |
| ■ | ૨૮ ગ | ૨૯ મો | ■ | ૩૦ સ | દા | ■ | ૩૧ દ | ન | ■ |
| ૩૨ મ | જ | હ | બ | ■ | ૩૩ ર | ળિ | યા | મ | ણું |

## જાણવા જેવું

ઇન્ટરપોલ - વિશ્વના જુદા જુદા સભ્ય દેશોના પરસ્પર સહકાર દ્વારા રચવામાં આવેલ પોલીસ સંગઠન. આખું નામ 'ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઑર્ગનાઇઝેશન' છે. તેની વિધિસર સ્થાપના ૧૯૨૩માં કરવામાં આવી હતી. સ્થાપના સમયે તેની સભ્ય સંખ્યા માત્ર વીસ હતી, પરંતુ હવે તે વધીને ૧૪૦ જેટલી થઈ છે. તેમાં ભારતનો પણ સમાવેશ થાય છે.

## ઓળખાણ પડી?



સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સ, ૨૦૨૬માં ગોલ્ડ મેડલ મેળવનારી ભારતીય ખેલાડીની ઓળખાણ પડી?

અ) મીરાંબાઈ ચાનુ બ) જાસ્મીન લંબોરિયા ક) માધુરી ગાયકવાડ ડ) પ્રીતિ શર્મા

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૩ | | | | ૯ | ૫ | |
| ૯ | | | ૫ | | ૩ | | | ૮ |
| ૭ | | | | | | | | ૧ |
| | ૮ | ૬ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ | |
| | | | ૮ | | ૧ | | | |
| | ૧ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૮ | |
| ૮ | | | | | | | | ૫ |
| ૧ | | | ૩ | | ૫ | | | ૨ |
| | ૨ | ૫ | | | | ૭ | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૭ | ૨ | ૧ | ૩ | ૪ | ૯ | ૬ |
| ૬ | ૧ | ૪ | ૭ | ૯ | ૫ | ૩ | ૨ | ૮ |
| ૯ | ૨ | ૩ | ૪ | ૮ | ૬ | ૫ | ૧ | ૭ |
| ૨ | ૬ | ૮ | ૫ | ૪ | ૭ | ૯ | ૩ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૬ | ૩ | ૯ | ૭ | ૮ | ૨ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૨ | ૧ | ૬ | ૪ | ૫ |
| ૮ | ૭ | ૧ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ | ૯ |
| ૩ | ૫ | ૨ | ૯ | ૬ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| थेंब | ટીપું |
| ढग | વાદળ |
| चीखल | કાદવ |
| पाउस | વરસાદ |
| धरण | બંધ |

ગુજરાત મોરી મોરી રે: સસરા

ઓળખાણ પડી? યુએસએ

માઈન્ડ ગેમ : બેહરીન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : સાગ

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના પતિના બનેવીની દીકરીના એકમાત્ર મામા સ્ત્રીના સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ફુઆ બ) જેઠ
ક) મામા ડ) પતિ

## ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક પૈસાનો પર્યાયવાચી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

એવા સમયે ગામની જાણકારી બહાર આવી કે લોકો ચોંકી ગયા

## નોંધી રાખો

મૂર્ખ માણસો સુખમાં રાજી થઇ જાય છે અને દુ:ખમાં રડવા લાગે છે, પણ ધીર પુરુષો બન્ને પરિસ્થિતિને એક સમાન ગણી ચાલે છે..

## માઈન્ડ ગેમ

દીપડા, નોળિયા, ચૌશિંગા જેવા પ્રાણીઓ તેમજ સાગ, વાંસ સહિત ૧૦૦થી વધુ વનસ્પતિ ધરાવતું પૂર્ણા વન્યજીવન અભયારણ્ય ક્યાં છે?

અ) હરિયાણા બ) કર્ણાટક ક) ગુજરાત ડ) મહારાષ્ટ્ર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) હરિહર ભટ્ટ (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) ભાવના કર્વે (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) અલકા વાણી (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) ધીરેન્દ્ર ઉદેશી (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) તાહેર ઔરંગાબાદવાલા (૩૬) શીરીન ઔરંગાબાદવાલા (૩૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) મહેશ દોશી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ભામિની સંપટ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) ઈનાક્ષી દલાલ (૪૮) જ્યોત્સના ગાંધી (૪૯) કુંદન કે. મારુ

# મેયરના બંગલો પાછળ ફરી કરોડોનું આંધણ કરવાના અહેવાલથી બબાલ

**▸ મેયરે સ્પષ્ટતા કરવી પડીઃ મારા સત્તાવાર નિવાસસ્થાન માટે નહીં, આસપાસના પરિસરના અપગ્રેડેશન માટે ટેન્ડર મગાવાયાં ▸ જોકે વિરોધ પક્ષે મુદ્દો ઉછાળતા ટેન્ડર પાછાં ખેંચવાની મેયરની સૂચના**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ભાયખલા વિસ્તારમાં આવેલા મેયરના બંગલોની મરામત પાછળ ૨.૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યાના ગણતરીના મહિનામાં જ ફરી બંગલો પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરવાના સમાચારથી ખાસ્સી બબાલ મચી હતી. વિરોધ પક્ષે આ મુદ્દો ઉછાળતાં મેયર રિતુ તાવડેએ તાત્કાલિક સ્પષ્ટતા કરવી પડી હતી કે આશરે ત્રણ કરોડ રૂપિયાના ખર્ચના ટેન્ડર તેમના સત્તાવાર નિવાસસ્થાન માટે નહીં, પણ આસપાસના પરિસરના અપગ્રેડેશન માટે મગાવાયા હતા. વિવાદ શમાવવા તેમણે ટેન્ડર પાછા ખેંચવાની સૂચના મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસનને આપી હતી. બંગલો પાછળ ફરી કરોડો રૂપિયા ખર્ચ કરવા સંબંધી ટેન્ડરનો વિવાદ વકરતાં મેયર રિતુ તાવડેએ બુધવારે પત્રકાર પરિષદ બોલાવવી પડી હતી. પત્રકારોને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ટેન્ડર મહાપાલિકાના ઝૂ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવ્યા હતા અને મેયર બંગલોનું નહીં, પણ તેની આસપાસના પરિસરમાં સુધારા કરવાનું પ્રસ્તાવિત હતું.

મેયરે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત કામ મેયર બંગલોનું નથી. તેમ છતાં ટેન્ડરમાં મેયરના બંગલોનો ઉલ્લેખ હોવાથી ટેન્ડર રદ કરવા મહાપાલિકા પ્રશાસનને સૂચના આપવામાં આવી છે.

ટેન્ડરના દસ્તાવેજમાં મેયરના બંગલોની નોંધ હોવાથી ટેન્ડર પાછા ખેંચવા જણાવાયું છે. તેમણે ભૂલ કબૂલી છે અને ટેન્ડર પાછા ખેંચવા જણાવાયું છે. મેં મેયર બંગલોમાં કોઈ પણ અપગ્રેડેશનનું કામ કરવા જણાવ્યું નથી, એવું મેયરનું કહેવું છે.

તાજેતરમાં મેયર આ બંગલોમાં આવ્યાં તે પૂર્વે જ ૨.૪ કરોડ રૂપિયાના ખર્ચે નવીનીકરણ હાથ ધરાયું હતું.

ભાયખલાના વીરમાતા જિજાબાઈ ભોસલે બોટનિકલ ઉદ્યાન ઍન્ડ ઝૂ (રાણીબાગ)ના ખૂણામાં મેયરનું સત્તાવાર નિવાસસ્થાન છે. બંગલો આસપાસના વિસ્તારમાં અનેક કામો હાથ ધરવાનું પ્રસ્તાવિત હતું, જેમાં કૉન્ફરન્સ હૉલ અને અન્ય સુવિધા માટે કન્ટેનર આધારિત માળખાના ફેબ્રિકેશન અને ઈન્સ્ટોલેશનનો સમાવેશ થતો હતો. ટેન્ડર બહાર પડતાં જ વિરોધ પક્ષ દ્વારા જોરદાર વિરોધ કરાયો હતો.

શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ જાહેર ભંડોળનો દુરુપયોગ થઈ રહ્યો છે, એવો આરોપ કર્યો હતો. આ આરોપને નકારી કાઢતાં મેયરે જણાવ્યું હતું કે આશરે ત્રણ કરોડ રૂપિયાનાં કામો મહાપાલિકાના ઝૂ વિભાગનાં છે, જેને મેયરના સત્તાવાર નિવાસસ્થાન સાથે કોઈ લેવાદેવા નથી.

મેયરે એવો આક્ષેપ કર્યો હતો કે શિવસેના (યુબીટી) પોતાની દુકાન ચલાવવા માટે ખોટી વાતો ફેલાવી રહી છે. ■

# કલવાના બિલ્ડર પાસેથી આઠ કરોડની ખંડણી માગીઃ ત્રણ જણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આર્થિક ગુના શાખામાં ફરિયાદ કર્યા પછી તે પાછી ખેંચવા અને અન્ય વિભાગોમાં ફરિયાદ ન કરવા માટે કલવાના બિલ્ડર પાસેથી આઠ કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી. ખંડણીની રકમમાંથી ૧૦ લાખ રૂપિયાનો પહેલો હપ્તો લેવા આવેલા ત્રણ જણને થાણે ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા. થાણે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીઓમાં સંતોષ મનોહર બાવડેકર (૪૭), સિદ્ધેશ હરિશ્ચંદ્ર બેંડકોળી (૩૫) અને ઈમ્તિયાઝ ઈલિયાસ મોમીન (૩૧)નો સમાવેશ થાય છે. તેમની વિરુદ્ધ કલવા પોલીસ સ્ટેશનમાં સોમવારે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ પ્રકરણે કલવાના જાણીતા બિલ્ડર સૌરભ સાળવીએ વરિષ્ઠ પોલીસ અધિકારીને ફરિયાદ કરી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપી સંતોષ બાવડેકરે બિલ્ડરને ખંડણી માટે ધમકી આપી હતી. કેશવ હાઈટ્સ ઈમારતના મૂળ માલિક મૃત્યુ પામ્યા પછી કરાયેલી નોટરીને આધારે ઈડી, સીબીઆઈ, ઈઓડબ્લ્યુ અને કોર્ટમાં કેસ કરીને કાનૂની સકંજામાં સપડાવી કથિત ત્રાસ આપવાની ધમકી આરોપીએ આપી હતી.

પોલીસના જણાવ્યા મુજબ બાદમાં બાવડેકરે બિલ્ડર વિરુદ્ધ આર્થિક ગુના શાખામાં ફરિયાદ કરી હતી. આ ફરિયાદ પાછી ખેંચવા અને અન્ય વિભાગોમાં ફરિયાદ ન કરવા માટે વિવિધ ખાતાં અને વિભાગમાં આશરે ચાર કરોડ રૂપિયા ચૂકવવા પડશે, એવું આરોપીએ કહ્યું હતું. એ સિવાય આખું પ્રકરણ લિગલ કરવા માટે બાવડેકર, બેંડકોળી અને મોમીનને ચાર કરોડ રૂપિયા આપવા પડશે. આ રીતે આઠ કરોડ રૂપિયાની માગણી બિલ્ડર પાસે કરાઈ હતી.

બિલ્ડરે આ મામલે પોલીસનો સંપર્ક સાધતાં ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. ફરિયાદીને ખંડણી માગનારા આરોપી સાથેની વાતચીત રેકોર્ડ કરી લેવા માટે વૉઈસ રેકોર્ડર ડિવાઈસ પણ આપવામાં આવ્યું હતું. આ ડિવાઈસમાં રેકોર્ડ થયેલી વાતચીત આરોપીઓએ ખંડણી માગી હોવાનું પુરવાર કરે છે.

ખંડણીની રકમમાંથી પ્રથમ હપ્તા તરીકે ૧૦ લાખ રૂપિયા સ્વીકારવાની તૈયારી આરોપીએ દાખવી હતી. આરોપી રકમ લેવા ફરિયાદીની કેશવ હાઈટ્સ સ્થિત ઑફિસમાં આવ્યા ત્યારે છટકું ગોઠવીને બેસેલી પોલીસે તેમને તાબામાં લીધા હતા. ત્રણેયને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા પછી તેમની ધરપકડ કરાઈ હતી. કોર્ટે તેમને સાત ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે. ■

# થાણેમાં ૨૧મા માળેથી પટકાતાં વૃદ્ધાનું મૃત્યુ

થાણેઃ થાણેમાં રહેણાક ઇમારતના ૨૧મા માળેથી પટકાતાં ૭૭ વર્ષની વૃદ્ધાનું મૃત્યુ થયું હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. થાણે પશ્ચિમમાં માજીવાડા વિસ્તારમાં વસંત લૉન્સ, ન્યૂ હોરાઇઝન સ્કૂલ સામે આવેલા ૨૩ માળના સવાના ટાવરમાં બુધવારે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ કુમુધા રમેશ શેટ્ટી તરીકે થઇ હતી. વર્તકનગર પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરી તપાસ આદરી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર ૨૧મા માળે ફ્લેટ નંબર-૨૧૦૧માં બાલ્કનીમાં ઊભેલી કુમુધા શેટ્ટીએ સંતુલન ગુમાવ્યું હતું અને તે નીચે પોઇયમના છજા પર પટકાઇ હતી.

દરમિયાન બનાવની જાણ થતાં ઇમર્જન્સી રિસ્પોન્સ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને મૃતદેહને છજા પરથી નીચે લાવ્યો હતો. મૃતદેહને ત્યાર બાદ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલ્યો હતો.

(પીટીઆઇ)■

# આરએસી મુસાફરો માટે મોટા સમાચાર હવે એસી કોચમાં મળશે સંપૂર્ણ બેડરોલ કિટ, રેલવે બોર્ડનો કડક આદેશ

મુંબઈઃ રેલવેમાં આરએસી (રિઝર્વેશન અગેઈન્સ્ટ કેન્સેલેશન) ટિકિટ પર મુસાફરી કરતા લાખો મુસાફરો માટે રાહતના સમાચાર છે. ભારતીય રેલવે બોર્ડે તમામ ઝોનલ રેલવેને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે એસી ચેર કાર સિવાયના તમામ એસી ડબ્બામાં મુસાફરી કરનારા દરેક આરએસી મુસાફરને હવે સંપૂર્ણ બેડરોલ કિટ ફરજિયાત રૂપે આપવામાં આવશે. એટલે કે આરએસી ટિકિટ ધરાવતા મુસાફરોને પણ કન્ફર્મ ટિકિટ ધરાવતા મુસાફરો જેટલી જ ચાદર, ધાબળો, ઓશીકું અને અન્ય લિનેનની સુવિધા મળશે.

તાજેતરમાં રેલવે બોર્ડને અનેક ફરિયાદો મળી હતી કે આરએસી ટિકિટ પર મુસાફરી કરતા મુસાફરોને પ્રવાસ દરમિયાન બેડરોલ આપવામાં આવતો નથી અથવા અધૂરી કિટ આપવામાં આવે છે. આ ફરિયાદોને ધ્યાનમાં રાખીને બોર્ડે ફરીથી સ્પષ્ટ સૂચના જાહેર કરી છે કે દરેક પાત્ર આરએસી મુસાફરને ચાદર, ધાબળો, ઓશીકું અને અન્ય જરૂરી સામગ્રી સહિતની સંપૂર્ણ બેડરોલ કિટ આપવી ફરજિયાત રહેશે. આ નિયમનો કડક અમલ થાય તે માટે તમામ સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

રેલવે બોર્ડના આદેશ બાદ મધ્ય રેલવેએ પ્રવાસી ટિકિટ નિરીક્ષકો, ટ્રેનમાં ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓ અને અન્ય ઓનબોર્ડ સ્ટાફને તાત્કાલિક અસરથી આ નિયમનું પાલન કરવાની સૂચના આપી છે. રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ, દેશભરની તમામ ઝોનલ રેલવેમાં મુસાફરોને સમાન સેવા મળે અને આરએસી મુસાફરોને બેડરોલ ન મળવાની ફરિયાદોનો અંત આવે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પૂરતી કિટ મળતી નહોતી પણ હવે રાહત

આ નિર્ણયનો સૌથી વધુ લાભ એવા હજારો મુસાફરોને મળશે, જેઓ દરરોજ આરએસી ટિકિટ પર એસી ડબ્બામાં મુસાફરી કરે છે, ખાસ કરીને તહેવારો અને વેકેશન દરમિયાન જ્યારે કન્ફર્મ બર્થ મળવી મુશ્કેલ બની જાય છે. અત્યાર સુધીમાં ઘણા મુસાફરોને માત્ર ચાદર અથવા અધૂરી બેડરોલ કિટ મળતી હતી, જ્યારે કેટલાકને કોઈ સુવિધા મળતી જ નહોતી. હવે નવા નિયમ બાદ તમામ પાત્ર આરએસી મુસાફરોને કન્ફર્મ મુસાફરો જેવી જ સુવિધા આપવાની જવાબદારી રેલવે તંત્રની રહેશે.

**જો કિટ મળે નહીં તો ટીસી અથવા હેલ્પલાઈન પર ફરિયાદ કરો**

રેલવે બોર્ડે મુસાફરોને અપીલ કરી છે કે જો મુસાફરી દરમિયાન સંપૂર્ણ બેડરોલ કિટ ન મળે તો તરત જ ટ્રેનમાં હાજર પ્રવાસી ટિકિટ નિરીક્ષકનો સંપર્ક કરે અથવા રેલમદદ હેલ્પલાઇન ૧૩૯ પર ફરિયાદ નોંધાવે. તમામ ઝોનલ રેલવેને આ આદેશનો તાત્કાલિક અને કડક અમલ સુનિશ્ચિત કરવાની સૂચના પણ આપવામાં આવી છે, જેથી દરેક પાત્ર આરએસી મુસાફરને મુસાફરી દરમિયાન સમાન અને ગુણવત્તાયુક્ત સુવિધા મળી રહે.

**બેડરોલની ચોરી કરવાના વધતા કિસ્સાથી રેલવે પરેશાન**

ભારતીય રેલવેમાં મુસાફરોની સુવિધા માટે આપવામાં આવતા બેડરોલ હવે કેટલાક લોકો માટે ચોરીનો સામાન બની ગયા છે. ટ્રેનમાંથી બેડરોલમાંથી બેડશીટ, ફેસ ટોવેલ, બ્લેન્કેટ સહિતની લિનન સામગ્રીની ચોરીની ઘટનાઓમાં વધારો થયો છે. આ ચોરીના કારણે રેલવે અને લિનન સપ્લાય કરનારા કોન્ટ્રાક્ટરોને મળીને ૧૦૪.૫૧ કરોડ રૂપિયાથી વધુનું આર્થિક નુકસાન થયું છે. ■

# શરદ પવારની એનસીપીએ તમામ પ્રવક્તાઓને અચાનક હટાવ્યા

મુંબઈઃ મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા શરદ પવારના નેતૃત્વ હેઠળની નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)માં સંગઠનાત્મક ફેરફારોની પ્રક્રિયા ચાલી રહી છે. એનસીપી (એસપી) પાર્ટીએ તેના તમામ પ્રવક્તાઓને એકસાથે હટાવી દીધા છે. હવે એવી ચર્ચા છે કે પાર્ટી પોતાનો પક્ષ રજૂ કરવાની જવાબદારી સંભાળનારા આ નેતાઓ પક્ષની અપેક્ષાઓ પર ખરા ઉતરવામાં નિષ્ફળ રહ્યા હતા. જોકે, આ નિર્ણય પાછળ કોઈ સત્તાવાર કારણ આપવામાં આવ્યું નથી. એનસીપીએ અગાઉ પણ સંગઠનાત્મક સ્તરે અનેક ફેરફારો કર્યા છે.

મીડિયા રિપોર્ટ અનુસાર એક ભૂતપૂર્વ પ્રવક્તાએ કહ્યું હતું કે 'અમને આ અચાનક લેવાયેલા નિર્ણય વિશે કંઈ જ ખબર નથી. તે કદાચ સંગઠનમાં ચાલી રહેલા ફેરફારોનો જ એક ભાગ હશે. નવી નિમણૂકો વિશે અમને ટૂંક સમયમાં જાણ થશે.' અહેવાલ મુજબ પક્ષના નેતા શશિકાંત શિંદેએ મંગળવારે રાતના એક પ્રેસ નોટ દ્વારા તમામ પ્રવક્તાઓની નિમણૂકો રદ કરી હતી.

શું છે કારણ?

શશિકાંત શિંદેએ જણાવ્યું હતું કે જ્યાં સુધી નવી નિમણૂકો કરવામાં ન આવે ત્યાં સુધી મહારાષ્ટ્ર વિધાન પરિષદનાં ભૂતપૂર્વ સભ્ય વિદ્યા ચવ્હાણ અને પક્ષના નેતા મહેશ તાપસે પ્રવક્તા તરીકેની જવાબદારી સંભાળશે.

ઉલ્લેખનીય છે કે, એનસીપી (એસપી)એ છેલ્લા બે અઠવાડિયામાં ઘણા મહત્ત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. તાજેતરમાં શિંદેએ પક્ષની વિદ્યાર્થી પાંખના પ્રમુખની નિમણૂક કરી હતી, જ્યારે વિશાલ વાકડકરને યુવા પાંખની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ ઉપરાંત, રામ રાઠોડને એજ્યુકેશન સેલના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. એવી અટકળો છે કે પક્ષ નજીકના ભવિષ્યમાં વધુ ફેરફારો કરી શકે છે. જોકે, આ અંગે અત્યાર સુધીમાં કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

જ્યારે પાર્ટીએ પરીક્ષાઓમાં થયેલી અનિયમિતતાઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. ધારાસભ્ય રોહિત પવારે ખઇંઝ-ઈઊઝ અંગે સવાલો ઉઠાવ્યા છે. તેમણે રાજ્યના પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલના રાજીનામાની માગ કરી છે. મંગળવારે એક પત્રકાર પરિષદને સંબોધતા શરદ પવારે આક્ષેપ કર્યો હતો કે ભાજપની આગેવાની હેઠળની સરકારના કાર્યકાળ દરમિયાન પરીક્ષા પ્રણાલીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે અગાઉની તપાસમાં એવા પુરાવા મળ્યા હતા જે સૂચવે છે કે પરીક્ષાનું પ્રશ્નપત્ર ૨૫ લાખ રૂપિયામાં લીક કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ બાબતે આગળની કાર્યવાહી કરવા માટે તેમની પાર્ટીના પ્રતિનિધિઓ ભાયખલા પોલીસ સ્ટેશન જશે.

એક્સાઈઝ વિભાગની ભરતી પરીક્ષા અંગે વધારાના પુરાવા મળ્યા હોવાનો દાવો કરતા તેમણે આક્ષેપ કર્યો હતો કે પરીક્ષાની ગુણ-પદ્ધતિ સાથે ચેડાં કરવામાં આવ્યા હતા. તલાટી ભરતી પરીક્ષામાં પણ કથિત અનિયમિતતાઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે આ ઘટનાઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓની વિશ્વસનીયતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ■

# ડૉક્ટરની અપોઇન્ટમેન્ટ બુક કરાવવા યુપીઆઇથી પાંચ રૂપિયા ટોકન ચૂકવ્યાઃ ૮.૧૮ લાખ ગુમાવ્યા

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણની ૫૧ વર્ષની મહિલાએ ડૉક્ટરની ઓનલાઇન એપોઇન્ટમેન્ટ બુક કરવાના પ્રયાસમાં ૮.૧૮ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. મહિલાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

હોસ્પિટલ શોધવા અને સંપર્ક કરવા માટેની વિગતો જાણવા મહિલાએ ડૉક્ટરનું નામ ગૂગલ પર સર્ચ કર્યું હતું અને એપોઇન્ટમેન્ટ બુક કરવા માટે તેણે ઓનલાઇન આપેલા મોબાઇલ નંબર પર સંપર્ક સાધ્યો હતો. સામેની વ્યક્તિએ પોતે ડૉક્ટર હોવાનું જણાવ્યું હતું અને મહિલા સાથે હિન્દીમાં વાત કરી હતી. તેણે મહિલા પાસે તેનો વ્હૉટ્સઍપ નંબર માગ્યો હતો અને ઍપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે કહ્યું હતું. તેણે મહિલાને એપીકે ફાઇલ મોકલી હતી અને યુપીઆઇ દ્વારા પાંચ રૂપિયા ટોકન ચૂકવવા માટે કહ્યું હતું.

૩૦ જુલાઇએ મહિલા હૉસ્પિટલમાં પહોંચી ત્યારે તેના કર્મચારીઓએ તેમની સિસ્ટમમાં જોયા બાદ મહિલાને જણાવ્યું હતું કે તેના નામે કોઇ એપાઇન્ટમેન્ટ બુક કરાઇ નથી. કર્મચારીઓએ સ્પષ્ટતા કરી હતી કે હોસ્પિટલ ઓનલાઇન બુકિંગ સિસ્ટમ ઓફર કરતી નથી અને મહિલાએ આપેલો નંબર ખોટો છે અને તે હોસ્પિટલનો નથી.

૨ ઑગસ્ટે મહિલાને જાણવા મળ્યું હતું કે તેના મોબાઇલમાં ડાઉનલોડ કરેલી એપીકે ફાઇલ દ્વારા અનેક અનધિકૃત ટ્રાન્ઝેક્શન્સ મારફત તેના બૅંક ખાતામાંથી ૮.૧૮ લાખ રૂપિયા ડેબિટ થઇ ગયા છે. મહિલાએ આ પ્રકરણે સાયબર સેલમાં ઔપચારિક ઓનલાઇન ફરિયાદ નોંધાવી હતી અને ત્યાર બાદ ૩ ઑગસ્ટે ખડકપાડા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો, જ્યાં તેનું નિવેદન નોંધવામાં આવ્યા બાદ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

(પીટીઆઇ)■

# ઔદ્યોગિક પ્રોજેક્ટ માટે જમીન સંપાદન ઝડપી બનાવોઃ ફડણવીસનો નિર્દેશ

મુંબઈઃ રાજ્યના ઔદ્યોગિક વિસ્તરણને ટકાવી રાખવા અને રોકાણ આકર્ષવા માટે જમીનની સમયસર ઉપલબ્ધતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે એમ જણાવી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે અધિકારીઓને ઔદ્યોગિક પ્રોજેક્ટ માટે જમીન સંપાદન ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી) હેઠળના પ્રોજેક્ટ માટે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા મુખ્ય પ્રધાનએ અધિકારીઓને પ્રક્રિયાઓ સરળ બનાવવા, વહીવટી વિલંબ ઘટાડવા અને જમીન ફાળવણી માટે ઝડપી મંજૂરીઓ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં ઔદ્યોગિક વસાહતોનું ઝડપી વિસ્તરણ થઈ રહ્યું હોવાથી ઉદ્યોગો માટે જરૂરી જમીન નિર્ધારિત સમયમર્યાદામાં ઉપલબ્ધ થાય એ જરૂરી છે.

ફડણવીસે એમ પણ જણાવ્યું હતું કે રાજ્યની ઓનલાઈન મહારાષ્ટ્ર ઔદ્યોગિક જમીન અરજી અને ફાળવણી પોર્ટલ સિસ્ટમે ઓનલાઈન અરજીઓ, રીઅલ-ટાઇમ ટ્રેકિંગ, ઓફર લેટર્સ અને ફાળવણી ઓર્ડરનું સ્વચાલિત જારી અને ડેશબોર્ડ-આધારિત દેખરેખને સક્ષમ કરીને ઔદ્યોગિક પ્લોટ ફાળવણીને વધુ પારદર્શક બનાવી છે. પહેલી ઓક્ટોબર, ૨૦૨૫ અને ૩૧ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન રાજ્યએ ૧,૧૮૩ ઔદ્યોગિક પ્લોટ ફાળવ્યા હતા જેનાથી ૫,૫૦૨ કરોડ રૂપિયાની આવક થઈ હતી. મુખ્ય પ્રધાનના જણાવ્યા અનુસાર ગઢચિરોલી, ચંદ્રપુર, નાગપુર, પુણે, પાલઘર, છત્રપતિ સંભાજી નગર, થાણે, રત્નાગિરિ, રાયગઢ, નાશિક અને વર્ધા સહિત ઘણા જિલ્લાઓમાં હાલમાં લગભગ ૬૬,૩૪૩ એકર જમીન સંપાદન ચાલી રહ્યું છે.

(પીટીઆઈ)■

# મહારાષ્ટ્રના રેસિડન્ટ તબીબોની હડતાળને કારણે સ્વાસ્થ્ય સેવાઓ પ્રભાવિત




**સારવાર બંધ છેઃ** પાલિકા અને રાજ્ય સરકારની હોસ્પિટલોના નિવાસી (રેસીડેન્ટ) ડોક્ટરોના સંગઠન માર્ડ દ્વારા બુધવારથી હડતાળ પાડવામાં આવી હોવાથી કેઈએમ હોસ્પિટલ, લોકમાન્ય તિલક મ્યુનિસિપલ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ (સાયન), બીવાયએલ નાયર હોસ્પિટલ અને ડો. આર. એન. કૂપર હોસ્પિટલમાં નિયમિત ઓપીડી સેવાઓ બંધ થઈ ગઈ હોવાથી દરદીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો ત્યારે બીજી તરફ માર્ડના સભ્યોએ રાજ્ય સરકારને ‘‘દર્દીઓની સલામતી પ્રથમ આવે છે‘‘ એમ કહીને સીસીએમપી-પ્રમાણિત બીએચએમએસ પ્રેક્ટિશનરોની એમએમસી સાથે નોંધણી રદ કરવાની માંગ કરી હતી. (અમય ખરાડે)

મુંબઈઃ હોમિયોપથિક ડૉક્ટર્સને મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમસી) હેઠળ નોંધણી કરાવવાની અને એલોપથિક દવાઓ લખવાની મંજૂરી આપતા સરકારના નિર્ણયના વિરોધમાં 'મહારાષ્ટ્ર એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડૉક્ટર્સ' (માર્ડ) દ્વારા અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવામાં આવી છે.

આ હડતાળની અસર રાજ્યભરની મેડિકલ કોલેજો અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત હૉસ્પિટલોની ઓપીડી (બાહ્ય દર્દી વિભાગ) સેવાઓ પર જોવા મળી હતી. અહીંની સર જેજે હૉસ્પિટલ અને ગ્રાન્ટ

મેડિકલ કૉલેજના તબીબોએ સરકારના નિર્ણય વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. માર્ડે દાવો કર્યો હતો કે બુધવારે આઈજીજીએમસીના લગભગ ૪૫૦ અને જીએમસીએચના ૮૦૦ રેસિડન્ટ ડૉક્ટરોએ ઓપીડી સેવાઓ બંધ રાખી હતી.

એમએમસી એ ૩૦ જૂનના રોજ એક જાહેરનામું બહાર પાડ્યું, જેમાં હોમિયોપથ્સને 'મૉડર્ન ફાર્માકોલોજીમાં સર્ટિફિકેટ કોર્સ' (સીસીએમપી) પૂર્ણ કર્યા બાદ આધુનિક દવાઓ લખવાની મંજૂરી આપવામાં આવી છે.

માર્ડે કોર્ટના અંતિમ ચુકાદા સુધી નોંધણી પ્રક્રિયા તાત્કાલિક સ્થગિત કરવાની માગ કરી છે. સંસ્થાએ આક્ષેપ કર્યો હતો કે સરકાર અને સંબંધિત સત્તાવાળાઓ સાથે અનેક તબક્કાની ચર્ચાઓ છતાં, બીએચએમએસ-સીસીએમપી નીતિના અમલીકરણ અંગે તેને યોગ્ય ખાતરી મળી નથી. સેન્ટ્રલ માર્ડના પ્રમુખ અથર્વ શિંદેએ બુધવારે જણાવ્યું હતું કે, સ્પષ્ટ કાનૂની અને નિયમનકારી માળખાના અભાવે તથા આ મામલો હાલમાં અદાલતોમાં વિચારાધીન હોવાથી, સેન્ટ્રલ માર્ડે પાંચ ઓગસ્ટની મધ્યરાત્રિથી રાજ્યવ્યાપી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. શિંદેએ ઉમેર્યું કે ૩૨ મેડિકલ કોલેજો અને બીએમસી દ્વારા સંચાલિત કોલેજોમાં હડતાળ પાડવામાં આવી છે.

નાગપુરમાં, સરકારી મેડિકલ કૉલેજ અને રિસર્ચ હૉસ્પિટલ તથા ઈન્દિરા ગાંધી સરકારી મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલ ખાતે રેસિડન્ટ ડૉક્ટરોએ ઓપીડીની કામગીરી બંધ રાખીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે હૉસ્પિટલના પરિસરમાં પ્લેકાર્ડ અને બેનરો સાથે વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. વિદર્ભ ક્ષેત્રની સરકારી મેડિકલ કૉલેજોમાં પણ આવા જ દૃશ્યો જોવા મળ્યા હતા.

સેન્ટ્રલ માર્ડના જનરલ સેક્રેટરી ડૉ. આશુતોષ આડેએ જણાવ્યું હતું કે રેસિડન્ટ ડૉક્ટરોએ બુધવારે ઓપીડી સેવાઓ બંધ રાખી હતી. તેમણે ચેતવણી આપી હતી કે જો તેમની માગણીઓ સંતોષવામાં નહીં આવે, તો રેસિડન્ટ ડૉક્ટરો બુધવારની મધ્યરાત્રિથી ઈમરજન્સી સેવાઓ પણ બંધ કરશે.

માર્ડે મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દર્દીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શરૂઆતના ૨૪ કલાક દરમિયાન ઇમરજન્સી અને કેઝ્યુઅલ્ટી સેવાઓ ચાલુ રહેશે, પરંતુ તમામ જિલ્લાઓની સરકારી મેડિકલ કૉલેજ હૉસ્પિટલોમાં તમામ ઓપીડી સેવાઓ, નિયમિત ફરજો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ બંધ રહેશે. (પીટીઆઈ)■

# ઝારખંડના વિરોધને સીજેપીનું સમર્થન

છત્રપતિ સંભાજી નગરઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ બુધવારે ઝારખંડમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ટેકો જાહેર કરી જણાવ્યું હતું કે યુવા આંદોલન સંસ્થા જવાબદાર બને એ માટે દબાણ લાવવાની દિશામાં કામ કરશે. વતન છત્રપતિ સંભાજી નગરમાં સીજેપીની બેઠક પહેલા સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં દીપકેએ જણાવ્યું હતું કે સીજેપીના સભ્યો રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમમાં ૨૯ જુલાઈથી અનિશ્ચિત સમય માટે ધરણાં કરી રહેલા નોકરી ઇચ્છુકોને ટેકો આપવા માટે ઝારખંડ જશે.

દીપકેએ વધુમાં જણાવ્યું હતું કે 'લોકોનો ન્યાયતંત્ર, રાજકારણ, મીડિયા અને ચૂંટણી પંચ પરથી વિશ્વાસ ઊઠી ગયો છે. અમારા આંદોલનને દેશવ્યાપી સમર્થન મળ્યું. જેમ જેમ આંદોલન વધતું ગયું તેમ તેમ સમર્થન ફક્ત શિક્ષણના મુદ્દાઓ પૂરતું મર્યાદિત ન રહેતા આ સંસ્થાઓ વિશે પણ હતું. એટલે આ સંસ્થાઓ ઉત્તરદાયિત્વ સ્વીકારે એ માટે તેમના પર દબાણ લાવે એવા જૂથની જરૂર છે.'

રાંચીમાં મોટી સંખ્યામાં નોકરી ઇચ્છુક લોકો વિરોધ પ્રદર્શન કરી માંગ કરી રહ્યા છે કે જેપીએસસી અને અન્ય ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓની તપાસ ઝારખંડની બહારના નિવૃત્ત હાઈ કોર્ટ ન્યાયાધીશોની સ્વતંત્ર પેનલ દ્વારા કરવામાં આવે.

સીજેપી રાજકારણમાં પ્રવેશ કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા દીપકેએ કહ્યું કે 'આ મુદ્દે સંગઠન કરતાં વધુ તાલાવેલી મીડિયામાં દેખાઈ રહ્યો છે. રાજકીય પક્ષોની હાલત અત્યંત કંગાળ છે. લોકો સવારે એક પક્ષને મત આપે છે, પરંતુ સાંજ સુધીમાં કોઈ બીજા પક્ષ દ્વારા સરકાર બનાવવામાં આવે છે. હાલ પૂરતું સીજેપી એક દબાણ જૂથ તરીકે કામ કરશે. ભારતને આવા જૂથની જરૂર છે.'

(પીટીઆઈ)■

# સેન્સેક્સમાં ૭૭૦ પોઈન્ટના ગડથોલિયા બાદ, અંતે ૧૫૨ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારતીય રિઝર્વ બેંક દ્વારા સતત ચોથી વખત તેના મુખ્ય નીતિ દર યથાવત રાખ્યા બાદ બુધવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૫૨ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. ઇન્ડેક્સ ઊંચા મથાળે ખુલ્યો અને સત્રના પ્રારંભિક ભાગમાં ૭૯,૦૫૫.૩૮ની દિવસની ઊંચી સપાટીએ પહોંચ્યો. જોકે, બપોરના સત્રમાં ઇન્ડેક્સ રેડ ઝોનમાં સરકી ગયો અને ૭૬૯.૬૪ પોઈન્ટના ઘટાડા સાથે ૭૮,૨૮૫.૭૪ની નીચી સપાટીએ પહોંચ્યો. પ્રી-ક્લોઝ સત્રમાં બ્લુચિપ બેંકિંગ, ઓટો અને કેપિટલ ગુડ્સ શેરોમાં થયેલા વધારાથી બેરોમીટર નુકસાનમાંથી બહાર નીકળવામાં મદદ મળી.

સત્રને અંતે સેન્સેક્સ ૧૫૨.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા વધીને ૭૮,૫૮૧ પર બંધ સ્થિર થયો હતો. બેન્ચમાર્કના ત્રીસમાંથી ૧૭ શેરો વધારા સાથે, ૧૨ શેરો નુકસાન સાથે બંધ થયા હતા, જ્યારે એક શેર યથાવત રહ્યો હતો. નિફ્ટી ૯.૭૫ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા વધીને ૨૪,૬૨૪.૬૫ પર બંધ થયો. ઇન્ટ્રાડે ટ્રેડ દરમિયાન તે ૨૪,૬૭૭.૬૦ની ઊંચી સપાટી અને ૨૪,૪૯૭.૯૫ની નીચી સપાટીને અથડાયો હતો. સેન્સેક્સના શેરોમાં અલ્ટ્રાટેક સિમેન્ટ, સ્ટેટ બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ટરગ્લોબલ એવિએશન અને કોટક મહિન્દ્રા બેન્ક ટોપ ગેઇનર રહ્યા હતા. જ્યારે ટાટા કન્સ્લ્ટન્સી સિર્વસિસ, એચસીલ ટેક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર રહ્યા હતા.

પ્રાઈમરી માર્કેટમાં મોલ્બિઓ ડાયગ્નોસ્ટિક્સનો રૂ. ૯૩૯.૭૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ દશમી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ,જયારે એનએસઈ અને બીએસઇ પર લિસ્ટીંગ ૧૭ ઓગસ્ટના રોજ થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૭૬૮થી રૂ. ૮૦૭ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૮ શેર છે.

એસેટ મેનેજમેન્ટ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ સોલ્યુશન પ્રોવાઇડર ફાઇનાન્શિઅલ સર્વિસ કંપની માસ્ટર ટ્રસ્ટે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૧૩.૮ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧,૪૯૭.૯૦ મિલિયનની કુલ આવક, ૧૯.૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૧૮.૩૦ મિલિયનનો એબિટા અને ૨૭.૮૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૪૬.૫૦ મિલિયનનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ધૂત ટ્રાન્સમિશનનો રૂ. ૩,૦૬૬.૮૯ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૦ ઓગસ્ટે ખુલશે અને ૧૨ ઓગસ્ટે બંધ થશે. ઓનિડા ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડે સ્ટ્રેટેજિક ડાઈવર્ઝન અંતર્ગત ઓનિડા રિવાયર્ડની સાથે દેશના નાના શહેરો અને નગરોમાં વિસ્તારણ કરવાની યોજના બનાવી છે. આ યોજનાના ભાગરૂપે, કંપનીએ તેનું ફ્લેગશિપ ૧૦૦ ઇંચ ક્યુડી મીની એલઈડી ટેલિવિઝન પણ રજૂ કર્યું છે. કંપની પ્રીમિયમ પ્રોડક્ટ એક્સપેન્શન પણ કરી રહી છે.

ઇલેવેશન કેપિટલ, પીક એક્સવી પાર્ટનર્સે બલ્ક ડીલમાં મીશોનો ૨.૩ ટકા સ્ટેક રૂ. ૧૯૪૯ કરોડમાં વેચી નાંખ્યો હોવાના અહેવાલ બાદ તેના શેરમાં એનએસઇ પર એક ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. નઝારા ટેક્નોલોજીસે ૩૦ જૂનના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૮૨.૪૭ કરોડનું સંયુક્ત ચોખ્ખું નુકસાન નોંધાવ્યું છે. ઇમામી લિમિટેડે પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ચોખ્ખા નફામાં ૧૫ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. મનીપાલ હેલ્થના શેર ૧૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ વાયદજો ૧.૭૫ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૮૦.૭૫ ડોલર બોલાયો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પાછલા સત્રમાં મંગળવારે રૂ. ૨૪૪૬.૪૭ કરોડના શેર ખરીદ્યા હતા. સોમવારે પણ એફઆઇઆઇ નેટ બાયર્સ રહ્યા હતા. બેન્કિંગ શેરો દબાણ હેઠળ રહ્યા, નિફ્ટી બેન્ક તેની તાજેતરની નબળાઇને આગળ વધારતો વધુ ૦.૨૯ ટકા ઘટ્યો હતો. ઇન્ડિયા વીઆઇએક્સ ૧૨ના સ્તરની આસપાસ રહ્યો, જે સંકેત આપે છે કે અસ્થિરતાની અપેક્ષાઓ ઓછી રહી છે.




ક્લોઝિંગ ઓક્શન મિકેનિઝમે આ સત્રમાં પણ દિવસના અંતે ઇન્ડેક્સ સ્તરોને પ્રભાવિત કરવાનું ચાલુ રાખ્યું. નવી સિસ્ટમ હેઠળ, ફ્યુચર્સ અને ઓપ્શન્સ પાત્ર શેરો બપોરે ૩:૧૫ વાગ્યા પછી હરાજીમાં પ્રવેશ કરે છે, તેમના બંધ ભાવ અગાઉના વોલ્યુમ વેઇટેડ સરેરાશ ભાવ મિકેનિઝમને બદલે એકંદર ખરીદી અને વેચાણ ઓર્ડર વચ્ચેના સંતુલન દ્વારા નક્કી કરવામાં આવે છે.

દરમિયાન, બ્રેન્ટ લગભગ ૮૪ પ્રતિ બેરલ સુધી વધ્યા પછી ક્રૂડ ઓઇલ રોકાણકારોના રડારમાં પાછું ફર્યું, જેનાથી બે સત્રનો ઘટાડો થયો. યમનના હૂતીઓએ રાતા સમુદ્રમાં સાઉદી જહાજ પર હુમલો કર્યાનો દાવો કર્યા પછી ભાવમાં વધારો થયો. ભારતીય જહાજ પર પણ હુમલો કરીને ડૂબાડી નાંખવામાં આવ્યું છે. જોકે, હોર્મુઝ સ્ટ્રેટના ફરીથી ખોલવાના આશાવાદ વચ્ચે ક્રૂડ તેના તાજેતરના ઉચ્ચતમ સ્તરથી ઘણું નીચે રહ્યું છે.

વ્યાપક બજારે બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કરવાનું ચાલુ રાખ્યું. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૧૮ ટકા વધીને રેકોર્ડ ઊંચા સ્તરે બંધ થયો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૭૬ ટકા વધીને જીવનકાળના નવાં ઊંચા સ્તરે પણ પહોંચ્યો હતો. ક્ષેત્રીય વલણો મિશ્ર રહ્યા, જેમાં ૧૧ મુખ્ય સૂચકાંકોમાંથી પાંચ ઊંચા મથાળે બંધ થયા. મેટલ્સ ઇન્ડેક્સે આ વધારામાં આગેવાની લીધી, જેમાં નિફ્ટી મેટલ ઇન્ડેક્સ સતત છઠ્ઠા હકારાત્મક સત્રમાં ૧.૭૨ ટકા વધ્યો. જેમાં હિન્દુસ્તાન કોપર અને હિન્દુસ્તાન ઝિંક છ ટકાથી વધુ વધ્યા હતા. તેનાથી વિપરીત, નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ ૧.૫૮ ટકા ઘટ્યો, જે ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઇઝમાં પાંચ ટકાથી વધુનો કડાકો નોંધાયો હતો.

વ્યક્તિગત શેરોમાં, ઓલા ઇલેક્ટ્રિકમાં ૭.૪૪ ટકાનો ઉછાળો નોંધાયો. સુપ્રીમ કોર્ટના નવા વાહનો માટે ફરજિયાત થર્ડ-પાર્ટી મોટર વીમા કવરેજને લંબાવવાના નિર્ણય બાદ વીમા શેરોમાં પણ ખરીદી જોવા મળી. ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ ૬.૯૮ ટકા વધ્યો, જ્યારે ગો ડિજિટ જનરલ ઇન્શ્યોરન્સ ૬.૪૯ ટકા વધ્યો.

નિફ્ટીના ઘટકોમાં, લાર્સન એન્ડ ટુબ્રો, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને શ્રીરામ ફાઇનાન્સે બેન્ચમાર્કને સૌથી મજબૂત ટેકો પૂરો પાડ્યો, જેમાં અનુક્રમે ૧૭.૦૮ પોઈન્ટ, ૧૧.૦૮ પોઈન્ટ અને ૧૦.૭૮ પોઈન્ટનો ફાળો ઉછાલો જોવા મળ્યો હતો. એચડીએફસી બેંક સૌથી મોટા ઘટનારા શેર તરીકે ઉભરી આવ્યો, જેના કારણે ઇન્ડેક્સ ૨૩.૩૮ પોઈન્ટ નીચે ગયો, ત્યારબાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસનો ક્રમ આવે છે, જેમાં અનુક્રમે ૧૬.૦૬ પોઈન્ટ અને ૧૦.૪૬ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો.

શેરબજારમાં બુધવારના સત્રમાં ખાસ કરીને હાઉસિંગ ફાઈનાન્સ, મેટલ અને ઓટો ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ અને એનર્જી સૌથી અધિક ઘટ્યા હતા અને એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૨.૯૩ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. બુધવારે સેન્સેક્સ ગત મંગળવારના ૭૮,૪૨૮.૯૫ પોઈન્ટના બંધની સરખામણીએ ૧૫૨.૦૫ પોઈન્ટ કે ૦.૧૯ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૯,૦૫૫.૩૮ પોઈન્ટે ખૂલ્યો હતો, જે નીચામાં ૭૮,૨૮૫.૭૪ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૮,૫૮૧.૦૦ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૯૨.૪૩ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૮૯.૫૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૨.૯૩ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૮ સ્ક્રિપ વધી અને ૧૨ સ્ક્રિપ ઘટી હતી.

બીએસઈ પર કુલ ૪,૪૪૮ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૩૩૦ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૯૧૧ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૨૦૭ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૨૦૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૫ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ ૨૦ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૯ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૧૧ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી.બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૩૪ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૭૦ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૧.૨૩ ટકા તથા એસએમઈ આઈપીઓ ૧.૯૩ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ હાઉસિંગ ફાઈનાન્સ ૧.૭૫ ટકા, મેટલ ૧.૬ ટકા, ઓટો ૧.૩૫ ટકા, ઈન્સ્યુરન્સ ૧.૨૬ ટકા, રિયલ્ટી ૧.૧૯ ટકા, કોમોડિટીઝ ૧.૦૪ ટકાઅને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૮૭ ટકા વધ્યા હતા, જ્યારે મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક અને એનર્જી ૦.૪૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૩૯ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૩૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૭ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૦.૦૭ ટકા અને યુટિલિટીઝ ૦.૦૧ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૦૪ ટકા, એનટીપીસી ૧.૭૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૭૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૭૩ ટકા, ઈન્ડિગો ૧.૩૪ ટકા, કોટક બેન્ક ૧.૨૭ ટકા, ટ્રેન્ટ ૧.૧૪ ટકા અને લાર્સન ૧.૦૫ ટકા વધ્યા હતા, જ્યારે ટીસીએસ ૧.૨૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૧૨ ટકા, રિલાયન્સ ૦.૯૩ ટકા, બીઈએલ ૦.૭૧ ટકા, સન ફાર્મા ૦.૫૬ ટકા, એચડીએફસી બેન્ક ૦.૪૦ ટકા, આઈટીસી ૦.૩૫ ટકા અને બજાજ ફાઈનાન્સ તેમ જ ટાઈટન ૦.૨૬ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૨૧૫.૮૪ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૧૭૦ ટ્રેડ્સમાં ૧,૩૬૬ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૩૩,૬૯,૦૩૦ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૨,૧૨,૪૫,૭૪૫.૯૫ કરોડ રહ્યું હતું.

## રિઝર્વ બૅન્કે વ્યાજદર યથાવત્ રાખતાં ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસા મજબૂત

મુંબઈ: રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે ત્રણ દિવસીય મોનેટરી પૉલિસી કમિટીની બેઠકના અંતે પશ્ચિમ એશિયાની ભૂરાજકીય કટોકટીને ધ્યાનમાં વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૭માં સતત ત્રીજી વખત વ્યાજદર યથાવત્ રાખ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ, અમેરિકી ટ્રેઝરની યિલ્ડ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડાતરફી વલણ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ૧૯ પૈસા મજબૂત થઈને ૯૫.૦૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે એક તબક્કે રૂપિયો ગઈકાલના બંધ સામે ૩૯ પૈસા ઉછળીને ૯૫ની સપાટીની અંદર ઊતરી ગયો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૨૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૪.૯૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૨૫ અને ઉપરમાં ૯૪.૮૯ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૯ પૈસાના સુધારા સાથે ૯૫.૧૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં નવ પૈસાનો સુધારો આવ્યો હતો. હાલમાં અમેરિકા ઈરાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ હળવો થયો હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેશે અને ૯૪.૮૦થી ૯૫.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના છ સભ્યોની મોનેટરી પૉલિસી કમિટીએ ત્રણ દિવસની બેઠકના અંતે રિપો રેટ ૫.૨૫ ટકાના સ્તરે જાળવી રાખ્યા હતા અને નીતિ માટેનું તટસ્થ વલણ અપનાવ્યું હતું. તેમ જ મૂડીગત્ આંતરપ્રવાહ અને રૂપિયાને ગબડતો અટકાવવા માટે લીધેલાં પગલાં અંગે વિશ્વાસ ગવર્નર સંજય મલ્હોત્રાએ વ્યક્ત કર્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને ૯૯.૮૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ઘટ્યા મથાળેથી સાધારણ ૧.૭૫ ટકાના સુધારા સાથે બેરલદીઠ ૮૦.૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૫૨.૦૫ પૉઈન્ટનો અને ૯.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો.

### અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ થતાં ફુગાવાલક્ષી દબાણ હળવુ થવાનો આશાવાદ

## વૈશ્વિક સોનું બે ટકા ઊછળતા સ્થાનિકમાં ₹ ૨૭૬૦નો અને ચાંદીમાં ₹ ૫૯૨૭નો ચમકારો

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ અંગેની વાટાઘાટો થઈ રહી હોવાના નિર્દેશો સાથે ક્રૂડતેલના વૈશ્વિક ભાવમાં ઘટાડો થતાં એકંદરે ફુગાવાલક્ષી દબાણ હળવું થવાનો આશાવાદ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં બે ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ત્રણ ટકા જેટલો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૪૯થી ૨૭૬૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૯૨૭નો ચમકારો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૯૨૭ના ચમકારા સાથે રૂ. ૨,૨૪,૫૬૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહી હતી. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત છૂટીછવાઈ રોકાણલક્ષી માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૭૪૯ વધીને રૂ. ૧,૪૫,૦૪૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૭૬૦ વધીને રૂ. ૧,૪૫,૬૨૬ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ સુસ્ત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ ગઈકાલના બંધ સામે ૨.૩ ટકા વધીને ગત સાતમી જુલાઈ પછીની ઊંચી ૪૧૬૮.૩૪ ડૉલર આસપાસની સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૨૨૭.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૩ ટકા વધીને ઔંસદીઠ ૬૧.૫૦ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા.

ગઈકાલે અમારા વહીવટી તંત્રએ ઈરાન સાથે ઘણી સફળ ચર્ચાઓ કરી હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવતાં પાંચ મહિનાના વિવાદનો અંત આવે તેવો આશાવાદ સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવ દબાણ હેઠળ આવતા સોનાના સુધારાને ટેકો મળ્યો હતો. આમ એકંદરે અખાતી વિસ્તારોમાં શાંતિ અંગેની ડીલના સંકેતો મળવાની સાથે અમેરિકી બૉન્ડની યિલ્ડમાં પણ ઘટાડો આવતા સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું નેમો મનીનાં વિશ્લેષક જેમી દત્તાએ જણાવ્યું હતું.

વધુમાં આજે અમેરિકી ડૉલર પણ અમુક અંશે દબાણ હેઠળ રહ્યો હોવાથી અન્ય કરન્સી ધારકોની પડતરોમાં ઘટાડો થવાથી સોના અને ચાંદી ઉપરાંત અન્ય કિંમતી ધાતુઓના ભાવ વધી આવ્યા હતા. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૫૭ ટકા શક્યતા મૂકી રહ્યા હતા.નોંધનીય બાબત એ છે કે ગઈકાલે આ શક્યતા ૬૭ ટકા દર્શાવાઈ રહી હતી. જોકે, આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના એડીપી રોજગારીના ડેટા પર સ્થિર થઈ હતી. એકંદરે આ વર્ષે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નહીંવત્ હોવાથી આ વર્ષના અંત પૂર્વે એક વખત સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની અંદર ઊતરે તેવી શક્યતા કેપિટલ ઈકોનોમિક્સના અર્થશાસ્ત્રી હમાદ હસને વ્યક્ત કરી હતી.

## અત્યાર સુધીમાં ૮૯૪.૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ વાવેતર

નવી દિલ્હી: વર્તમાન ખરીફ મોસમમાં ગત ૩૧મી જુલાઈ સુધીમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧થી ૨૦૨૪-૨૫ સુધીના સામાન્ય સરેરાશ ૧૧૦૪.૪૬ લાખ હેક્ટરનાં વાવેતર વિસ્તાર પૈકી ૮૧ ટકા અર્થાત્ ૯૨૦.૭૨ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. તેમ છતાં કુલ ખરીફ પાક હેઠળનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૨૦.૭૨ લાખ હેક્ટર સામે હજુ ૨૬.૫ ટકા ઓછો હોવાનું કૃષિ મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

ગત ૩૧મી જુલાઈ સુધીમાં મુખ્ય ખરીફ પાક ગણાતા ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૩૦૮.૩૯૯ લાખ હેક્ટર સામે ૬.૮૯ ટકા ઘટીને ૩૦૧.૪૯ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે. આ ઉપરાંત કઠોળનો વાવેતર વિસ્તાર પણ ગત સાલના સમાનગાળાના ૧૦૧.૬૦ લાખ હેક્ટર સામે ૬.૪૧ ટકા ઘટીને ૯૫.૧૮ લાખ હેક્ટર રહ્યો છે. કઠોળના વાવેતરમાં મુખ્યત્વે તુવેરનો વાવેતર વિસ્તાર ૩.૫૩ ટકા ઘટીને ૩૪.૯૧ લાખ હેક્ટર (૩૮.૪૪ લાખ હેક્ટર), મગનો વાવેતર વિસ્તાર ૩.૫૩ ટકા ઘટીને ૨૯.૨૨ લાખ હેક્ટર (૩૨.૨૩ લાખ હેક્ટર), મઠનો વાવેતર વિસ્તાર ૧.૭૨ ટકા ઘટીને ૬.૯૫ લાખ હેક્ટર (૮.૬૬ લાખ હેક્ટર) અને અન્ય કઠોળનો વાવેતર વિસ્તાર ૦.૧૯ ટકા ઘટીને ૨.૮૫ લાખ હેક્ટર (૩.૦૪ લાખ હેક્ટર)ની સપાટીએ રહ્યો હતો. જોકે, અડદનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૯.૦૪ લાખ હેક્ટર સામે ૨.૦૩ ટકા વધીને ૨૧.૦૮ લાખ હેક્ટર અને કળથીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાની સમકક્ષ ૧૮,૦૦૦ હેક્ટરની સપાટીએ રહ્યો હતો.

ગત ૩૧મી જુલાઈ સુધીમાં કડ ધાન્ય અથવા તો જાડા ધાન્ય અથવા તો શ્રી ધાન્યનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૭૦.૬૦ લાખ હેક્ટર સામે ૧૨.૮૩ ટકાના ઘટાડા સાથે ૧૫૭.૭૭ લાખ હેક્ટરના સ્તરે રહ્યો હતો. જેમાં જુવારનો વાવેતર વિસ્તાર ૦.૪૫ ટકા ઘટીને ૧૨.૧૬ લાખ હેક્ટર, બાજરાનો વાવેતર વિસ્તાર ૪.૨૦ ટકા ઘટીને ૫૭.૪૪ લાખ હેક્ટર , રાગીનો વાવેતર વિસ્તાર ૦.૯૩ ટકા ઘટીને ૧.૮૭ લાખ હેક્ટર, નાની બાજરીનો વાવેતર વિસ્તાર ૦.૬૬ ટકા ઘટીને ૨.૭૫ લાખ હેક્ટરઅને મકાઈનો વાવેતર વિસ્તાર ૬.૫૯ ટકા ઘટીને ૮૩.૫૬ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હતો.

## ખાંડમાં વધુ ₹ ૩૪થી ૬૦નો વધુ ઉછાળો



નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે ઉત્તર પ્રદેશનાં મથકો પર સુધારાતરફી વલણ જળવાઈ રહ્યાના ઓવરનાઈટ અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૪થી ૬૦નો અને નાકા ડિલિવરી ધોરણે રૂ. ૩૦થી ૬૦નો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪થી ૫૦ની તેજી સાથે રૂ. ૪૭૬૬થી ૪૮૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦થી ૬૦ની તેજી સાથે રૂ. ૪૮૯૦થી ૪૯૭૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે આગામી તહેવારોની મોસમની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પ્રબળ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦થી ૬૦ વધીને રૂ. ૪૭૫૦થી ૪૮૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦થી ૫૦ વધીને રૂ. ૪૮૩૦થી ૪૯૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## પુરવઠાખેંચની ભીતિ હેઠળ ટીન, કોપર અને બ્રાસમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં પુરવઠાખેંચની ભીતિ હેઠળ ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર, બ્રાસ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી પંચાવનની આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. સાત અને રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો અને લીડ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતા કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. પંચાવન વધીને રૂ. ૫૫૩૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૮૭૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૪૩૦, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૧૮ અને રૂ. ૧૨૩૮, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૩૪૪ અને કોપર સ્ક્રેપ હેવી તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૩૩૩ અને રૂ. ૯૪૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૬૬૫ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૫૨ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧૦, રૂ. ૩૯૫ અને રૂ. ૨૦૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

# સુરતમાં ભાજપના ધારાસભ્યની ઑફિસમાં છૂટા હાથની મારામારી

## બે જૂથના વિવાદમાં મહિલા કોર્પોરેટર અને તેમનાં પતિને ગંભીર ઈજાઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિસ્તબદ્ધ ગણાતી ભારતીય જનતા પાર્ટીમાં બે જૂથ વચ્ચેના આંતરિક વિવાદમાં હિંસા થઈ હોવાની ચોંકાવનારી ઘટનાના અહેવાલો પ્રકાશમાં આવ્યા છે.

આ ઘટના ખુદ પક્ષના ધારાસભ્યની ઓફિસમાં થઈ હતી અને તેમાં એક દંપતી ઈજાગ્રસ્ત થયું હોવાનું અહેવાલોમાં બહાર આવ્યું હતું.

આ ઘટનાની મળતી વિગતો અનુસાર શહેરમાં ભાજપ ધારાસભ્યની ઓફિસમાં ટીપી ચેરમેને મહિલા કોર્પોરેટર-પતિને કથિત રીતે ફટકારતાં બંનેને ફ્રેક્ચર થયું હતું. સોસાયટીના પ્રશ્નોની બેઠકમાં મામલો હિંસક બની ગયો હતો.

સુરત ઉત્તરના ધારાસભ્ય કાંતિ બલરના કાર્યાલય ખાતે ભાજપના જ બે જૂથો વચ્ચેની આંતરિક ખેંચતાણમાં છૂટા હાથની મારામારી થઈ હતી. ધારાસભ્યની હાજરીમાં જ ટીપી કમિટીના ચેરમેન મહેન્દ્ર દેસાઈ અને મહિલા કોર્પોરેટરનાં પતિ વચ્ચે થયેલી હિંસક ઝપાઝપીમાં મહિલા કોર્પોરેટર જયશ્રીબેન વોરા અને તેમના પતિ મનહર વોરા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

વોર્ડ નંબર ૫ (ફૂલપાડા-અશ્વિનીકુમાર)ની ભાતની વાડી સોસાયટીના પડતર પ્રશ્નો અને ડિમોલિશન અંગે ચર્ચા કરવા ધારાસભ્ય કાંતિ બલરે કાર્યાલય પર કોર્પોરેટરો અને સ્થાનિક આગેવાનોની બેઠક બોલાવી હતી. સ્થાનિક આગેવાનોની રજૂઆત બાદ આંતરિક વર્ચસ્વની લડાઈ સપાટી પર આવી હતી.

કોર્પોરેટર જયશ્રીબેનના પતિ મનહર વોરાએ ટીપી કમિટી ચેરમેન મહેન્દ્ર દેસાઈ પર પક્ષપાત અને અસંકલનનો આક્ષેપ કરતા મામલો ગરમાયો હતો.

ઉશ્કેરાયેલા મહેન્દ્ર દેસાઈ ધારાસભ્યની હાજરીમાં જ ખુરશી લઈને મારવા દોડ્યા હતા. આ ઝપાઝપીમાં મનહર વોરા અને મહિલા કોર્પોરેટરને હાથ તથા આંગળીના ભાગે ફ્રેક્ચર થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

ડિમોલિશન અને ટીપી વિભાગના નિર્ણયોને મુદ્દે પક્ષના જ બે હોદ્દેદારો વચ્ચે ધારાસભ્યની હાજરીમાં થયેલી આ મારામારીના પડઘા ગાંધીનગર સુધી પડ્યા હતા.

ધારાસભ્યની હાજરીમાં છૂટાહાથની મારામારી થતા કાર્યાલયમાં ઉપસ્થિત અન્ય લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. બાદમાં કાર્યકર્તા, આગેવાનોએ વચ્ચે પડીને માંડ માંડ બંનેને અલગ કર્યા હતા, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદમાં રિક્ષાચાલકોની હડતાળને મિશ્ર પ્રતિસાદ, અમુક વિસ્તારોમાં અસર દેખાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સીએનજીના વધી રહેલા ભાવની વિરુદ્ધમાં અને અને રિક્ષાભાડામાં ભાવવધારાની માગણી સાથે અમદાવાદમાં ૫ ઑગસ્ટથી બે દિવસ રિક્ષાચાલકોએ હડતાળ જાહેર કરી હતી, પરંતુ બુધવારે ખાસ કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. અમુક વિસ્તારોને બાદ કરતા રિક્ષાચલકોએ કામ ચાલુ રાખ્યું હોવાનું જણાઈ રહ્યું હતું.

શહેરમાં પ્રગતિ રિક્ષાચાલક યુનિયને હડતાળનું એલાન કર્યું હતું. પૂર્વીય અને પશ્ચિમ વિસ્તારોમાં લગભગ રાબેતામુજબ રિક્ષાચાલકોએ મુસાફરોની ફેરી કરી હતી. અન્ય યુનિયનોએ હડતાળને સમર્તન આપ્યું ન હોય તેમ જણાઈ રહ્યું હતું. વસ્ત્રાપુર ફાટક જેવા અમુક વિસ્તારોમાં રિક્ષાની હડતાળની અસર જણાતી હતી. સવારે અમુક સમય માટે રિક્ષાચાલકોએ અન્ય રિક્ષાચાલકોને પણ ફેરી ન કરવા જણાવ્યું હતું. આને કારણે અમુક મુસાફરો હેરાન થયા હતા.

રિક્ષાચાલકોએ સીએનજીના ભાવવધારાને અનુલક્ષીને કરવામાં આવેલી માગણીઓ ન સંતોષાય તો વધારે ઉગ્ર આંદોલન કરવાની ધમકી પણ આપી હતી. શહેરમાં વારંવાર સીએનજી ભાવ વધારાને કારણે ઓટો ડ્રાઇવરો ગંભીર નાણાકીય મુશ્કેલીની ફરિયાદો કરે છે. અગાઉ ટ્રાન્સપોર્ટ કમિશનર સાથેની બેઠક બાદ રિક્ષા ભાડામાં સુધારો મંજૂર કરવામાં આવ્યો હોવા છતાં, રાજ્ય સરકારે હજુ સુધી સત્તાવાર સૂચના જારી કરી નથી. આથી તેમને મોંઘુ સીએનજી ખરીદવું પડે છે, પરંતુ તેઓ ગ્રાહકો પાસેથી વધુ ભાડું વસૂલી શકતા નથી, તેવી ફરિયાદો કરવામાં આવી રહી છે. ■

# ચાંદખેડામાં ચોંકાવનારી ઘટનાઃ દસ મિનિટમાં ઘરઘાટી ૨૭ લાખની ચોરી કરી નાસી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઓનલાઈન સાફસફાઈ મટે બોલાવેલા લોકોએ રૂ. ૧૫ લાખની ચોરી કર્યાના બનાવના બીજા જ દિવસે ચાંદખેડામાં પણ ઘરનોકરોએ જ ઘરને સાફ કરી નાખ્યાનો બનાવ બન્યો છે. અહીંના ચાંદખેડા વિસ્તારમાં ઘરઘાટીએ ઘર સાફ કરવાનું કારણ આપી પાડોશી પાસેથી ઘરની ચાવી લીધી હતી અને ત્યારબાદ રૂ. ૨૭.૫૦ લાખનો હાથફેરો કરી ગુલ થઈ ગયો હતો. ઘરઘાટી સાથે તેનો બનેવી પણ ચોરીમાં સામેલ હોવાના અહેવાલો છે.

શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા એક રહેવાસીની ઘરનોકર બહાર ગઈ હતી. આથી તેમણે સોસાયટીના વૉટ્સ એપ ગ્રૂપમાં ઘરનોકરની જરૂરિયાત હોવાનો મેસેજ પોસ્ટ કર્યો હતો. ગ્રૂપમાં મેસેજ વાંચીને સોસાયટીની જ એક મહિલાનાં કહેવાથી સુનિલ કલાસવા નામનો યુવક કામ પર જોડાયો હતો, જેની સાથે ક્યારેક તેનો બનેવી રાજુ પણ કામ કરવા આવતો હતો.

ઘરમાલિકનો પરિવાર બહાર ગયો હતો એટલે સુનિલે પડોશની મહિલા પાસેથી ચાવી લઈ કામ કર્યું હતું. રાત્રે જ્યારે ઘરમાલિક આવ્યા ત્યારે તેમને ચોરી થયાની જાણ થઈ હતી. રોકડ રકમ અને દાગીના મળી કુલ ૨૭ લાખ આસપાસનો હાથફેરો સુનિલ કરી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર સીસીટીવી ચેક કરતા જાણમાં આવ્યું હતું કે સુનિલ ૧૦ મિનિટમાં કામ કરી નીકળી ગયો હતો અને તેના હાથમાં થેલો હતો. પોલીસે અલગ અલગ ટીમ બનાવી બન્ને સાળા-બનેવીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. ■

# યુજીસી દ્વારા ગુજરાત યુનિવર્સિટીને કેટેગરી-ટૂ ગ્રેડેડ ઓટોનોમીનો દરજ્જો મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીએ રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ હાસિલ કરી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) દ્વારા ગુજરાત યુનિવર્સિટીને કેટેગરી-ટુ યુનિવર્સિટી તરીકે ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ માન્યતા આપવામાં આવી છે.

આ સાથે જ, યુજીસી કેટેગરી-ટુ ગ્રેડેડ ઓટોનોમિનો અને તેના તમામ અનુસંગી લાભો મેળવનારી ગુજરાત યુનિવર્સિટી સમગ્ર રાજ્યની પ્રથમ અને એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટી બની છે.

યુજીસી દ્વારા ગુજરાત યુનિવર્સિટીને કેટેગરી-ટુ ગ્રેડેડ ઓટોનોમિનો દરજ્જો મળવાના પરિણામે હવે યુનિવર્સિટી પોતાની સ્વાયત્તતા હેઠળ યુજીસીની પૂર્વમંજૂરી વિના જ વર્તમાન માળખામાં નવા અભ્યાસક્રમો, વિભાગો, સ્કૂલો અને વિશિષ્ટ કેન્દ્રો શરૂ કરી શકશે. આ ઉપરાંત, નેશનલ સ્કીલ્સ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક મુજબ ઉદ્યોગ સંલગ્ન તેમજ રોજગારલક્ષી નવા ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ પણ શરૂ કરી શકાશે. એટલું જ નહીં, મંજૂર અધ્યાપકોની સંખ્યા ઉપરાંત ૨૦% સુધી લાયક વિદેશી અધ્યાપકોની કરાર આધારિત નિમણૂક કરી શકાશે અને સ્થાનિક વિદ્યાર્થી ક્ષમતા ઉપરાંત ૨૦% સુધી વિદેશી વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપી શકાશે. આ ઉપરાંત યુનિવર્સિટી ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ (ઓડીએલ) દ્વારા પણ પોતાના શૈક્ષણિક કાર્યક્રમોનો વ્યાપ વધારી શકશે.

શિક્ષણ પ્રધાન ડૉ. પ્રદ્યુમન વાજાએ આ ઉપલબ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનું શિક્ષણ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીને મળેલું આ ગૌરવ રાજ્યના ઉચ્ચ શિક્ષણના ઇતિહાસમાં એક સુવર્ણ અધ્યાય છે, જે 'વિકસિત ગુજરાત ૨૦૪૭' અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં પાયાનો પથ્થર સાબિત થશે. ■

# અમદાવાદની સ્કૂલો રવિવારે સ્વૈચ્છિક રીતે ચાલુ રાખી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ અમદાવાદ શહેરમાં ભારે વરસાદને કારણે સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી હતી અને તેને કારણે શૈક્ષણિક કામકાજોને અસર થઈ હતી. આથી જો અભ્યાસક્રમ બાકી રહ્યો હોય તો ચાલુ મહિનામાં રવિવારે પણ સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય કરી શકાશે, તેવી જાહેરાત જિલ્લા શિક્ષણાધિકારીએ પરિપત્ર દ્વારા કરી હતી.

તેમના પરિપત્ર અનુસાર અમદાવાદ શહેરની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનર્ભિર શાળાઓના સંચાલકો જરૂર જણાય તો સ્વૈચ્છિક ધોરણે રવિવારે પણ સ્કૂલો ચાલુ રાખી શકશે. જોકે આ સ્કૂલોનો સ્વૈચ્છિક નર્ણિય છે અને તે વાલીઓ અને વિદ્યાર્થીઓને અગાઉથી જાણ કરી લઈ શકાશે. આ સાથે શિક્ષકોની ઉપલબ્ધતા અને વાતાવરણ પણ ધ્યાનમાં લેવાના રહેશે.

મહત્વનું છે કે ગત ૩૧ જુલાઇ અને ૧ ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદની આગાહીને પગલે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. ■

# વડોદરામાં તબીબે બાળક પર કાર ચઢાવતા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં એક હૃદયદ્રાવક અકસ્માતમાં તબીબની બેદરકારીના કારણે માસૂમ બાળકે જીવ ગુમાવ્યો હતો. વડોદરાના માંડવી નજીક આવેલી જમનાબાઈ જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોક્ટર કાર લઈને પસાર થતા હતા, ત્યારે બાજુમાં શ્રમિક પરિવાર કામ કરી રહ્યો હતો. બાળક રમી રહ્યું હતું ત્યારે ડોક્ટરે કાર ચઢાવી દેતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું. મૃતકનું નામ નિવેદ નરેશ અંગારી (રહે. પીપલિયા પોશીના સાબરકાંઠા) હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે બાળકના મૃતદેહને નજીકની સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સીસીટીવી ફૂટેજના આધારે ડ્રાઇવિંગમાં ડોક્ટરની ભૂલ કે બેદરકારી છે કે કેમ તેની તપાસ કરાશે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષે ભરાયા છે અને જવાબદાર તબીબ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. ■

# વરસાદમાં ધરાશાયી થયેલા બાગાયતી પાકને ફરી બેઠા કરવા કૃષિ વૈજ્ઞાનિકોની ટીમ ખેડૂતોની મદદે



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં કુદરતી આફત અને ભારે વરસાદને કારણે લીલીછમ વાડીઓમાં વર્ષોની મહેનતથી ઉછેરેલી બાગાયતી કલમો અને વૃક્ષો ભારે વરસાદને કારણે જમીનદોસ્ત થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. જોકે, આ કટોકટીના સમયે ખેડૂતોએ નિરાશ થવાની જરૂર નથી. જમીનદોસ્ત થયેલા કે નમેલા વૃક્ષોના મૂળ જો હજુ પણ જમીન સાથે જોડાયેલા હોય, તો વિજ્ઞાન અને યોગ્ય માવજત દ્વારા તેમને ફરી પુનર્જીવિત કરી શકાય છે. ખેડૂતોની વર્ષોની મહેનત પાણીમાં ન જાય તે માટે રાજ્ય સરકાર અને કૃષિ વિજ્ઞાન તાત્કાલિક ધોરણે ખેડૂતોની વહારે આવ્યા છે. પાણી ઓસરવાની રાહ જોયા વિના, ગત શુક્રવારથી ચાલુ વરસાદ વચ્ચે પણ બાગાયત વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની સંયુક્ત ટીમો ખેડૂતોના ખેતર સુધી પહોંચી રહી છે. હાલમાં વલસાડ, નવસારી, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં વૈજ્ઞાનિકો પ્રત્યક્ષ ડેમોન્સ્ટ્રેશન આપીને ખેડૂતોને ધરાશાયી થયેલા વૃક્ષોને ફરી જીવિત કરવાની અને તેની માવજત અંગેની તાલીમ આપી રહ્યા છે.

નવસારીના ઘેજ ગામના પ્રગતિશીલ ખેડૂત મોહનભાઈ પટેલે પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, તાઉતે વાવાઝોડા વખતે મારી વાડીમાં નાના-મોટા અનેક આંબા ધરાશાયી થયા હતા. તે સમયે બાગાયત વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ મેં આ ઝાડોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો, જેના પરિણામે ૭૦ થી ૮૦ ટકા જેટલા જમીનદોસ્ત થયેલા આંબા ફરી બેઠા થઈ ગયા હતા અને આજે તો એ ઓળખવા પણ મુશ્કેલ છે કે કયા ઝાડ પડી ગયા હતા.

પૂર કે વાવાઝોડાથી હારી ગયા વગર જો ખેડૂતો આ વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવે, તો વર્ષોની મહેનતથી ઉછેરેલા બાગાયતી પાકને ચોક્કસપણે બચાવી શકાય છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. ■

# એઆઈ આધારિત ટ્રેક આવ્યા પર ડ્રાઈવિંગ ટેસ્ટમાં ફેલ્યોર રેટ અનેકગણો વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ત્રણ અને ગાંધીનગરમાં એક એમ ચાર આરટીઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) આધારિત ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક શરૂ કરવામાં આવ્યા છે. આ ચારેય ટ્રેક પર લાયસન્સ માટે અરજી કરતા નવા વાહનચાલકોનો ફેલ્યોર રેટ ઘણો જ વધી ગયો હોવાથી તેના લીધે થતા આર્થક બોજ અને વહીવટી કામકાજો અંગે તંત્રમાં ચિંતા વ્યાપી હોવાનું સૂત્રો જણાવે છે.

નવા એઆઈ-આધારિત ટ્રેક પર ફોર-વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટમાં નિષ્ફળતાનો દર વધીને ૯૪% થયો છે, જે અગાઉ સેન્સર-આધારિત ટેસ્ટ ટ્રેક હેઠળ ૫૫% હતો. ટુ-વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટમાં નિષ્ફળતાનો દર ૨૫% થયો છે, જે અગાઉના ૧૦% આસપાસ હતો. પરિવહન વિભાગના ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીઓએ મીડિયા સાથે વતા કરતી વખતે જણાવ્યું હતું કરે ટેસ્ટ ટ્રેકનો હેતુ દરેક સ્થિતિમાં વાહન ચલાવતા આવડે તે શિખવાડવાનો છે, પરંતુ હાલમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માત્ર એક ઔપચારિકતા બની ગઈ છે. જે ટેસ્ટ આપવા આવે છે તેમને મોનિટર પર વીડિયો બતાવ્યા સિવાય કોઈ માર્ગદર્શન આપવામાં આવતું નથી.


સૂત્રોના જણાવ્યા અનુસાર, અધિકારીઓએ વધેલા નિષ્ફળતા દર પાછળના મૂળ કારણો નક્કી કરવા માટે કોઈ અભ્યાસ હાથ ધર્યો નથી. આરટીઓ પાસે એક બોક્સ ઈન્સ્ટોલ કરી અરજદારો પાસેથી સૂચનો અને તેમના અનુભવો મંગાવવામાં આવે, તેવું પણ અમુક અધિકારી કહી રહ્યા છે. યોગ્ય માર્ગદર્શન ન હોવાથી નવા વાહનચાલકો નિષ્ફળ જાય પછી તેમમે ફરી ટેસ્ટ આપવા પૈસા ખર્ચવા પડે છે. સમય જાય છે, ધક્કા ખાવા પડે છે અને ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે વાહનચાલકોએ નાહકની હાલાકી ભોગવવી પડી રહી છે. જોકે આ મામલે આરટીઓના સૂત્રો સાથે વાત થઈ શકી ન હતી. ■

**કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ ગ્લાસગોથી ગુજરાત આવી પહોંચ્યો**

# ગુજરાતમાં ૨૦30ની કોમનવેલ્થ ગેમ્સની ઔપચારિક તૈયારીઓ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને પ્રતિનિધિ મંડળ ગ્લાસગોથી ગાંધીનગર આવી પહોંચતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રાજ્યની કેબિનેટની બેઠકમાં આ કોમનવેલ્થ ગેમ્સ ફ્લેગ ગૌરવ સન્માન સાથે વિધિવત અર્પણ કર્યો હતો.



આ અવસરે ગ્લાસગો ખાતે આયોજિત કોમનબેલ્થ ગેમ્સ ૨૦૨૬માં પ્રતિનિધિત્વ કરનારા પેરા ખેલાડી રાકેશ ભટ્ટ અને રોહિત મજગુલ ઉપસ્થિત રહ્યા હતા. પેરા ટેબલ ટેનીસ ખેલાડી સોનલ પટેલ પણ આ વેળાએ જોડાયા હતા. હવે, ફ્લેગ આગામી ૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ્સ સુધી ગુજરાતમાં રહેશે.

ગ્લાસગોમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ સાથે કુલ ૩૯ મેડલ્સ મેળવીને રાષ્ટ્ર મંડલ રમતોમાં ચોથું સ્થાન મેળવ્યું છે. ભારતને મળેલા મેડલ્સમાં ઈન્ડિયન પેરાએથલિટ્સે પણ ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલની સિદ્ધિ હાંસલ કરી છે અને કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય પેરાએથલિટ્સના ઉત્કૃષ્ટ પદાર્પણની ઐતિહાસિક સિદ્ધિ મળતા સીડબલ્યુજીમાં ભારતીય પેરાએથ્લેટિક્સ પોડિયમની ૨૦ વર્ષની આતુરતાનો અંત આવ્યો છે.

કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ કોમનવેલ્થ દેશો વચ્ચેની એકતા, મિત્રતા, સમાનતા અને રમતગમતની ભાવનાનું પ્રતીક છે. આ ધ્વજ સાથે હવે ગુજરાતમાં આગામી કોમનવેલ્થ ગેમ્સની યજમાનીની ઔપચારિક તૈયારીઓ થશે. ■

# સબસિડાઇઝ્ડ ખાતરની કાળાબજારી અને ટેગિંગને રોકવા તપાસ અધિકારી અને નિરીક્ષણ અધિકારીની વિશેષ નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા રાજયમાં સબસિડાઈઝ ખાતરની વિતરણ વ્યવસ્થાની ચકાસણી કરવા તેમજ ગેરરીતિઓ સામે કડક પગલાં લેવા માટે તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની વિશેષ નિમણૂંક કરવામાં આવી હોવાની જાણકારી રાજ્ય સરકારે આપી હતી.

કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ આ અંગે વિગતો આપતાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં સબસિડાઈઝડ ખાતરનો ઔદ્યોગિક કે બિન-કૃષિ ઉપયોગ તરફનો ડાયવર્ઝન, સંગ્રહખોરી કરીને કૃત્રિમ અછત ઊભી કરવી, કાળા બજારી, બનાવટી ખાતરનું વેચાણ તેમજ યુરિયા ખાતર સાથે અન્ય પ્રોડક્ટનું ફરજિયાત ટેગિંગ કરવા જેવી ગેરરીતિઓ સાંખી લેવામાં આવશે નહીં.

ખેડૂતોના હિતનું રક્ષણ કરવા માટે સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની ટીમો તૈનાત કરવાનો નર્ણિય લેવાયો છે.

નિમણૂક કરાયેલા તપાસ અધિકારીઓ ખાતરના ડીલર્સની રૂબરૂ મુલાકાત લઈ પીઓએસ મશીનના આંકડા અને ફિઝિકલ સ્ટોકની સચોટ ચકાસણી કરશે. તેઓ દરેક જિલ્લામાં યુરિયાનું સૌથી વધુ વેચાણ કરતા 'ટોપ ડીલર્સ'ની પણ વિગતવાર તપાસ કરશે. આ ઉપરાંત, ખેડૂતોને તેમની માંગણી મુજબ ખાતર મળે છે કે નહીં, યુરિયા સાથે અન્ય કોઈ ખાતર કે પ્રોડક્ટ પરામર્શ વગર ટેગ કરવામાં આવે છે કે નહીં, તેની પણ કડક ચકાસણી કરાશે.

આ તપાસ અધિકારીઓ યુરીયા ખાતરનો વપરાશ કરતાં યુનીટોની પણ મુલાકાત લેશે તેમજ શંકાસ્પદ યુરીયાના નમુના લઈને ખાતર ઉદ્યોગોમાં ડાયવર્ટ ન થાય તે સુનિશ્ચિત કરશે. દરેક તપાસ અધિકારીના કામગીરીની દેખરેખ માટે નિરીક્ષણ અધિકારીની પણ ઝોન વાઈઝ નિમણૂક કરવામાં આવી છે, જ્યારે આ સમગ્ર પ્રક્રિયાનું રાજ્યના ખેતી નિયામક દ્વારા રોજેરોજ મોનિટરિંગ કરવામાં આવશે.

જો તપાસ દરમિયાન કોઈ પણ ડીલર કે એજન્સી સ્ટોકમાં અનિયમિતતા, વધુ ભાવ વધારો કે ટેગિંગ જેવી ગેરરીતિઓમાં દોષિત જણાશે તો તેમની સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર ખેડૂતોને ખાતર પુરવઠો સરળતાથી અને યોગ્ય ભાવે ઉપલબ્ધ કરાવવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. ■

# ભૂગર્ભ જળના વપરાશ અને પ્રદૂષણ પર નિયંત્રણ રાખવા માટે રાજ્ય સરકાર લાવશે કાયદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભૂગર્ભ જળના વપરાશને નિયંત્રિત કરવા ગુજરાત સરકાર નવો કાયદો લાવવાની તૈયારીમાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજ્ય સરકાર ભૂગર્ભ જળને ખાનગી મિલકત ગણવાને બદલે તેને જાહેર સંપત્તિ ગણીને તેના વપરાશ પર નિયંત્રણ લાવવા માટે એક નવો કાયદો તૈયાર કરી રહી છે. રાજ્યમાં સતત ઘટી રહેલા જળસ્તરને ધ્યાનમાં રાખીને આવતા મહિને મળનારા ત્રણ દિવસના વિધાનસભા સત્રમાં ગુજરાત ગ્રાઉન્ડવોટર બિલ, ૨૦૨૬માં પીવાના પાણી, ખેતી અને આજીવિકા માટે ભૂગર્ભ જળને પ્રાથમિકતા આપવામાં આવશે. તેમજ ભૂર્ગભ જળને પ્રદૂષિત કનારા અથવા ગેરકાયદેસર રીતે પાણી ખેંચનારાઓને જેલ અથવા કડક દંડ પણ ફટકારવામાં આવી શકે છે.

સૂત્રો મુજબ, રાજયમાં ભૂગર્ભ જળના વપરાશ પર દેખરેખ રાખવા માટે સરકાર ગુજરાત સ્ટેટ ગ્રાઉન્ડવોટર રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરવાની યોજના બનાવી રહી છે. આ ઓથોરિટી ભૂગર્ભ જળના સંતુલિત વપરાશ માટેની નીતિઓનો અમલ કરવાની જવાબદારી સંભાળશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પાણીના સ્ત્રોતોને સુકાઈ જતા અટકાવી શકાય તે માટે સરકાર પર્યાવરણની દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોને ભૂગર્ભ જળ સંરક્ષિત ક્ષેત્ર તરીકે જાહેર કરી શકે છે. આ કાયદા હેઠળ ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ ભૂગર્ભ જળ પ્રદૂષિત કરવા બદલ રૂપિયા એક લાખ સુધીનો દંડ થઈ શકે છે. સંરક્ષિત ક્ષેત્રમાંથી ગેરકાયદે પાણી ખેંચવા બદલ રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. પાણી પ્રદૂષિત કરનારા કે ગેરકાયદે વપરાશ કરનારાઓને દંડની સાથે જેલની સજા પણ થઈ શકે છે. તેમજ વરસાદી પાણીના સંચય માટેની સિસ્ટમ ન લગાવનાર સામે પણ દંડ અને જેલની જોગવાઈ રહેશે.

કારખાનાઓ અને ફેક્ટરીઓએ ભૂગર્ભ જળનો ઉપયોગ કરતા પહેલા મંજૂરી લેવી પડશે, અને ઔદ્યોગિક તેમજ કોમર્શિયલ વપરાશકારો પર વોટર ચાર્જ વસૂલવામાં આવશે. જોકે, ખેતી ક્ષેત્રને આ ચાર્જમાંથી મુક્ત રાખવામાં આવ્યું છે. એકત્રિત કરવામાં આવેલું મહેસૂલ જળ સંરક્ષણના કામોમાં જ વાપરવામાં આવશે.

આ કાયદામાં ગામડાથી લઈને રાજ્ય કક્ષા સુધી અલગ-અલગ સમિતિઓ બનાવીને ભૂગર્ભ જળ સંસાધનોનું નિરીક્ષણ કરવા માટે એક વિકેન્દ્રિત વ્યવસ્થાનો પ્રસ્તાવ છે. સ્થાનિક સ્તરે પાણી બચાવવા માટે દરેક ગ્રામ પંચાયત, તાલુકા, નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા માટે 'વોટર સિક્યોરિટી પ્લાન' તૈયાર કરવામાં આવશે.

સૂત્રોએ ઉમેર્યું હતું કે, વરસાદી પાણીનો સંગ્રહ અને વપરાયેલા પાણીનું રિસાયક્લિંગ ફરજિયાત બનાવવામાં આવશે. બિલ્ડિંગ પ્લાનમાં વોટર હાર્વેસ્ટિંગની જોગવાઈ કર્યા પછી જ તેને મંજૂરી આપવામાં આવશે. ■

# છોટા ઉદેપુરમાં બાળકોને શાળામાં ઓરડા ન હોવાથી હાલાકીની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં શિક્ષણ માટે જોઈતા સંસાધનો અને શિક્ષકોની ઘટની ફરિયાદો વારંવાર થાય છે. આવું જ કંઈક છોટા ઉદેપુરના નસવાડીમાં આવેલા હાંડલી ગામમાં પણ જોવા મળી રહ્યું છે. અહેવાલો અનુસાર અહીંની પ્રાથમિક શાળામાં સુવિધાઓ ખૂબ જ ઓછી હોવાથી વિદ્યાર્થીઓ દયનીય હાલતમાં ભણી રહ્યા છે. અહીંની શાળાનું મકાન જર્જરીત હોવાથી તોડી પાડયું હતું, પરંતુ તેના બદલામાં નવા ઓરડા ઊભા કરાયા નથી, જેને લઈને ગામના લગભગ ૧૭ જેટલા બાળક માટે ભણવા માટે કોઈ મકાન કે ઓરડો નથી. અહીં ધોરણ ૧ થી ૫ સુધીના બાળકો અભ્યાસ કરે છે.

અહીં મકાન ન હોવાથી જ્યાં મધ્યાન ભોજન બને છે ત્યાં બાળકો ભણે છે. અહીં એક જ ટેબલ-પંખો છે. અન્ય કોઈ સુવિધા નથી. બાળકોના ભણવા પર અસર થાય છે. તેમને શિક્ષણ માટેનું યોગ્ય વાતાવરણ મળતું નથી.

સૌથી વધારે મુશ્કેલી ટોયલેટ ન હોવાથી ઊભી થાય છે. બાળકો બહાર જવા મજબૂર છે જ્યારે શિક્ષકો આસપાસના ઘરમાં ટોયલેટ માટે જાય છે. સ્વચ્છતા અને સુરક્ષાના પણ પ્રશ્નો છે, તેમ અહેવાલ જણાવે છે. ■

# અમદાવાદ--પટણા સ્પેશ્યલ ટ્રેનના ફેરાનો કર્યો વિસ્તાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેએ અમદાવાદ-પટણા-અમદાવાદ સ્પેશિયલ ફેર સ્પેશિયલ ટ્રેનના ફેરાઓમાં વધારો કરવાનો નર્ણિય લીધો છે. જે અનુસાર ટ્રેન નં. ૦૯૪૪૭ અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી (એક વધારાના ફેરા સાથે) દોડાવવામાં આવશે. ટ્રેન નં. ૦૯૪૪૮ પટના-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી (એક વધારાના ફેરા સાથે) દોડાવવામાં આવશે, તેવી માહિતી રેલવેના સૂત્રોએ આપી હતી. ■